# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 51 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 March 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧ માર્ચ ૨૦૨૫ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭ ૮



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ઉત્તરાખંડમાં હિમપ્રપાત






**બચાવ કામગીરીઃ** ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માણા ગામની નજીકના કેમ્પ ખાતે હિમપ્રપાત બાદ બચાવ કામગીરી કરી રહેલા લશ્કરના જવાનો. આ દુર્ઘટનામાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશનના ૫૭ મજૂર ફસાયા હતા. (પીટીઆઇ)

## ૫૭ શ્રમિક ફસાયા, ૩૨ને બચાવાયા ▸ બચાવ કામગીરી માટે એનડીઆરએફની ચાર ટીમ રવાના

નવી દિલ્હીઃ ઉત્તરાખંડના સરહદી વિસ્તારમાં આવેલા ચમોલી જિલ્લામાં હિમપ્રપાત પડવાની બનેલી ઘટનામાં ૫૭ શ્રમિક કાટમાળ હેઠળ ફસાયા હોવા વચ્ચે બચાવ કામગીરી માટે એનડીઆરએફની ચાર ટીમ રવાના થઈ હોવાનું એનડીઆરએફના ડિરેક્ટર જનરલ પિયૂષ આનંદે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

એનડીઆરએફની ચાર ટુકડી રવાના કરવામાં આવી હોવા ઉપરાંત વધુ ચાર ટુકડીને તૈયાર રાખવામાં આવી હોવાનું પણ તેમણે કહ્યું હતું. બચાવ કામગીરી આરંભી દેવામાં આવી છે હોવા વચ્ચે કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે બચાવ કામગીરી ઝડપી બનાવવાનો આદેશ આપ્યો હતો.

આ ચારમાંથી બે ટુકડીને એનડીઆરએફના દેહરાદૂનમાં આવેલા રિજનલ રિસ્પોન્સ સેન્ટર (આરઆરસી)માંથી રવાના કરવામાં આવી હતી તો અન્ય બે ટુકડીને જોશી મઠથી મોકલવામાં આવી હતી. ઈન્ડો-તિબેટન બૉર્ડર ફૉર્સ (આઈટીબીપી)ના (જુઓ પાનું ૨) ▸▸

# ભારત - પાકિસ્તાન સહિત ચાર દેશમાં ભૂકંપના આંચકા

નવી દિલ્હીઃ ભારતમાં સતત બીજા દિવસે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્રણ કલાકની અંદર ભારત, નેપાળ, પાકિસ્તાન અને તિબેટ એમ ચાર દેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભારતમાં પટનાના લોકોને રાત્રે ૨.૩૫ કલાકે ઝટકાનો અનુભવ થયો હતો. લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. રિક્ટેર સ્કેલ પર તીવ્રતા ૫.૫ નોંધાઈ હતી.

નેશનલ સેન્ટર ફોસ સિસ્મોલોજી મુજબ ભૂકંપના ઝટકા નેપાળના બાગમતી પ્રાંતમાં પણ અનુભવાયા હતા. નેપાળનું બાગમતી બિહારના મુઝફ્ફરપુરથી ૧૮૯ કિલોમીટર ઉત્તરમાં છે. આ ભૂકંપમાં જાનમાલના નુકસાનના અહેવાલ નથી. નેપાળ જ નહીં પાકિસ્તાન અને તિબેટમાં પણ ઝટકા અનુભવાયા હતા.

પાકિસ્તાનમાં પણ સવારે ૫.૧૪ મિનિટે ભૂકંપના તીવ્ર ઝટકા અનુભવાયા હતા. ઝટકાનો અનુભવ થતાં જ લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. ભૂકંપની તીવ્રતા ૪.૫ની હતી. આ પહેલા ૧૬ જાન્યુઆરીએ પણ પાકિસ્તાનમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ત્યારે ભૂકંપનું કેન્દ્ર રાવલપિંડીથી આઠ કિલોમીટર દક્ષિણ પૂર્વમાં હતું. તિબેટમાં પણ શુક્રવારે સવાર ૨.૪૮ કલાકે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૧ની હતી. આ દરમિયાન કોઈ જાનહાનિના અહેવાલ નથી. ભૂકંપનું કેન્દ્ર ધરતીથી ૭૦ કિલોમીટર દૂર હતું. છેલ્લા (જુઓ પાનું ૨) ▸▸




## ટ્રેડ વૉરની ચિંતાઃ શૅરબજાર કડડડભૂસ

### સેન્સેક્સનાં ૧૪૧૪ પૉઈન્ટના કડાકામાં રોકાણકારોના ₹ નવ લાખ કરોડ સ્વાહા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી સપ્તાહથી ચીનથી આયાત થતી ચીજો પર વધુ ૧૦ ટકા અને કૅનેડાથી આયાત થતી ચીજો પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરતાં વૈશ્વિક સ્તરે રોકાણકારોમાં ટ્રેડ વૉરની સ્થિતિ સર્જાવાની ચિંતા સપાટી પર આવતા આજે વિશ્વભરના ઈક્વિટી માર્કેટમાં કડાકા (જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીનો આરોગ્ય વિભાગ જ ‘બીમાર’: ‘કેગ’નો અહેવાલ

નવી દિલ્હીઃ દિલ્હીના આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની તંગી, જરૂરી દવા અને તબીબી સાધનોની અછત અને વપરાયા વિનાનું ભંડોળ હોવાનો ખુલાસો વિધાનસભામાં શુક્રવારે રજૂ કરાયેલા કન્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા (કેગ)ના અહેવાલમાં કરાયો હતો. દિલ્હીની આમ આદમી પાર્ટી (આપ)ની અગાઉની સરકારના ‘મોહલ્લા ક્લિનિક પ્રોજેક્ટ’ની સ્થિતિ બહુ નબળી હોવાનો ઘટસ્ફોટ ‘કેગ’ના અહેવાલમાં કરાયો હતો. કન્ટ્રોલર (જુઓ પાનું ૨) ▸▸


## અમેરિકામાં સરકારી કર્મચારીઓની સામૂહિક છટણી રોકવા આદેશ

સેન ફ્રાન્સિસ્કોઃ અહીંના એક ફેડરલ જજે સરકારી કર્મચારીઓની સામૂહિક અને આડેધડ છટણી કરવાના પગલાંને અયોગ્ય ગણાવ્યું હતું અને સંબંધિત કાર્યવાહી રોકવા આદેશ આપ્યો હતો.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ વિલિયમ એલ્સપે ‘ઑફિસ ઑફ પર્સનેલ મેનેજમેન્ટ’ને આદેશ આપ્યો હતો કે તમે અન્ય ફેડરલ એજન્સીઓને કહી દો કે તેઓ પાસે સંરક્ષણ વિભાગ સહિતના સરકારી વિભાગોમાંના કામચલાઉ કર્મચારીઓની સામૂહિક અને આડેધડ છટણી કરવાની સત્તા નથી. ન્યાયાધીશના આ ચુકાદાને કારણે કર્મચારીઓના સંગઠનોનો વિજય થયો છે. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ વિલિયમ એલ્સપે જણાવ્યું હતું કે ‘ઑફિસ ઑફ પર્સનેલ મેનેજમેન્ટ’ અન્ય ઑફિસમાંનો કર્મચારીઓને ‘હાયર કે ફાયર’ (નોકરીમાં રાખીને ગમે ત્યારે કાઢી) ન શકે.

અમેરિકામાં પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના (જુઓ પાનું ૨) ▸▸






## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતીયતાનું જતન કરવા સંસ્કૃત ભણાવો

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકાર અને તમિલનાડુની ડીએમકે સરકાર વચ્ચે હિન્દી ભાષાને મામલે પાછો ખટરાગ શરૂ થયો છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર તમિલનાડુ પર હિન્દી ભાષા થોપી રહી છે એવો મુદ્દો ઊભો કરીને રાજકીય ફાયદો લેવા માંડ્યો છે ને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કરેલા બફાટના કારણે ભેરવાયેલી મોદી સરકાર બચાવની સ્થિતિમાં આવી ગઈ છે. સ્ટાલિને તો ધમકી પણ આપી છે કે, કેન્દ્ર સરકાર અમારા પર હિંદી લાદશે તો અમે ભાષા યુદ્ધ માટે પણ તૈયાર છીએ.

સ્ટાલિન જે ભાષામાં વાત કરે છે એ કઠે એવી છે પણ તેમનો વાંક કાઢી શકાય તેમ નથી. હિંદીના મામલે વરસોથી ડીએમકેનું આ જ વલણ છે ને ડીએમકે હિંદીના વિરોધને કારણે તો લોકપ્રિય છે. આ સંજોગોમાં પ્રધાને સ્ટાલિનને તક આપવા જેવી નહોતી પણ ભાજપના નેતાઓમાં પણ મુત્સદીગીરીનો અભાવ છે તેથી પેટ ચોળીને શૂળ ઊભાં કર્યા કરે છે.

આ ખટરાગની શરૂઆત કેન્દ્રના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કરી હતી. પ્રધાને કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિમાં ત્રણ ભાષાએ શીખવવા પર ભાર મુકાયો છે તેનો ઉલ્લેખ કરીને દાવો કર્યો કે, તમિલનાડુ રાજકીય કારણોસર ત્રિ-ભાષા ફોર્મ્યુલાને સ્વીકારી નથી રહ્યું તેથી કેન્દ્ર સરકાર દ્વારા અપાતી ૫૦૦૦ કરોડ રૂપિયાની સહાય ગુમાવી રહ્યું છે. ૧૫ ફેબ્રુઆરીના રોજ વારાણસીમાં એક કાર્યક્રમમાં ધર્મેન્દ્ર પ્રધાને તમિલનાડુ રાજ્ય સરકાર પર હિંદીનો વિરોધ કરીને રાજકીય હિતો સાચવવા માટે વિરોધ કરવાનો આક્ષેપ કર્યો હતો.

ધર્મેન્દ્ર પ્રધાનના નિવેદનના પગલે તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિન અને તેમનો દીકરો તથા નાયબ મુખ્યમંત્રીના ઉદયનિધિ સ્ટાલિન મેદાનમાં આવી ગયા. ૧૮ ફેબ્રુઆરીએ ઉદયનિધિ સ્ટાલિને મોદી સરકારને ભાષા યુદ્ધ શરૂ નહીં કરવા ચીમકી આપી. ચેન્નાઈમાં ડીએમકે રેલીમાં ઉદયનિધિ સ્ટાલિને હુંકાર કર્યો કે, ધર્મેન્દ્ર પ્રધાને અમને ખુલ્લેઆમ ધમકી આપી છે કે જો અમે ત્રિભાષા ફોર્મ્યુલા સ્વીકારીશું તો જ ભંડોળ આપવામાં આવશે પણ અમે તમારી પાસે ભીખ માગી રહ્યા નથી તેથી આ બધી ધમકીઓ ના આપો. ઉદયનિધિએ તો દાવો પણ કર્યો કે, હિન્દી સ્વીકારનારાં રાજ્યો તેમની માતૃભાષા ગુમાવે છે ને અમે તેના માટે તૈયાર નથી.

ઉદયનિધિની આક્રમકતાના પગલે પ્રધાને વાયડા થઈને ત્રિભાષા વિવાદ પર સ્ટાલિનને પત્ર લખ્યો હતો. પ્રધાને તમિલનાડુમાં થઈ રહેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) વિરુદ્ધના વિરોધ પ્રદર્શનોની ટીકા કરીને ડહાપણ ડહોળ્યું કે, તમિલનાડુ પર કોઈ પણ ભાષા લાદવાનો કોઈ પ્રશ્ન જ નથી. પણ વિદેશી ભાષાઓ પર વધુ પડતી નિર્ભરતા વ્યક્તિની પોતાની ભાષાને મર્યાદિત કરે છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) આ ખામીને સુધારવાનો પ્રયાસ કરી રહી છે. નવી શિક્ષણ નીતિ ભાષાકીય સ્વતંત્રતાને સમર્થન આપે છે અને વિદ્યાર્થીઓ તેમની પસંદગીની ભાષા શીખવાનું ચાલુ રાખે એ માટે બનાવાઈ છે. સ્ટાલિને વળતો પત્ર લખીને કેન્દ્ર સરકાર તમિલનાડુને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ૨૨૦૦ કરોડ રૂપિયા નથી આપી રહી તેનો મુદ્દો ઉઠાવી દીધો.

સ્ટાલિન સહિતના તમિલ નેતાઓને હિંદીનો વિરોધ કરવામાં મજા આવે છે તેથી તેમણે આ ચર્ચાને આગળ ધપાવતાં કહ્યું છે કે હિન્દીને બળજબરીથી લાદવામાં આવતા ૧૦૦ વર્ષમાં ૨૫ ઉત્તર ભારતીય ભાષાઓ લુપ્ત થઈ ગઈ. સ્ટાલિને પોસ્ટ મૂકી છે કે, આખા દેશમાં હિન્દી ઓળખ સ્થાપિત કરવાની મથામણમાં પ્રાચીન ભાષાઓનો નાશ કરાઈ રહ્યો છે.

સ્ટાલિનના દાવા પ્રમાણે, ઉત્તર પ્રદેશ અને બિહાર ક્યારેય હિન્દી પટ્ટા નહોતા અને હવે તેમની મૂળ ભાષાઓ ભૂતકાળના અવશેષ બની ગઈ છે. સ્ટાલિનના દાવા પ્રમાણે તો હિન્દી ભોજપુરી, મૈથિલી, અવધી, બ્રજ, બુંદેલી, ગઢવાલી, કુમાઓની, મગહી, મારવાડી, માલવી, છત્તીસગઢી, સંથાલી, અંગિકા અને બીજી ઘણી ભાષાઓને ગળી ગઈ છે અને આ બધી ભારતીય ભાષાઓ તેમના અસ્તિત્વ માટે ફાંફાં મારી રહી છે.

ભાજપે સ્ટાલિનના નિવેદનને મૂર્ખામીભર્યું ગણાવ્યું છે પણ સ્ટાલિનની વાત કંઈક અંશે સાચી છે. બિહાર અને ઉત્તર પ્રદેશમાં બોલાતી પ્રાદેશિક બોલીઓનું અસ્તિત્વ ખતરામાં છે કેમ કે તેમના તરફ ધ્યાન જ નથી અપાતું. હિંદી તેમને ગળી ગઈ છે એવું કહેવું થોડું અતિશયોક્તિભર્યું છે પણ સાવ ખોટું નથી. ખડી બોલી એટલે કે શુદ્ધ હિંદીના કારણે આ પ્રાદેશિક બોલીઓનું મહત્ત્વ સાવ ઘટી ગયું છે એ સાચું છે. હિંદી સ્વીકારનારાં રાજ્યો તેમની માતૃભાષા ગુમાવે છે એ વાત પણ સાચી છે. ગુજરાત અને મહારાષ્ટ્ર તેનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ગુજરાત હિંદીમય થઈ ગયું તેમાં ગુજરાતી ભાષાની ઓળખ લુપ્ત થઈ રહી છે. સીધા હિંદીના શબ્દોનો પ્રયોગ વ્યાપક બની રહ્યો છે અને મીડિયામાં સુધ્ધાં ગુજરાતી ભાષાના બદલે હિંદીના ગુગલના ટ્રાન્સલેશનનો ઉતારો ઠલવાય છે. ગુજરાતી તળપદા શબ્દો તો ક્યારનાય ગાયબ થઈ ગયા છે પણ લખાણમાં પણ હિંદીની જ અસર છે. ‘મા’ના બદલે ‘માં’ લખાય કે ના, ની, નું, નો સહિતના પ્રત્યય શબ્દ સાથે જોડવાના બદલે હિંદીની જેમ અલગ લખાય એ બહુ સામાન્ય છે. ગુજરાતી લખનારાંને આ બધી વાતોની ખબર નથી કેમ કે શુદ્ધ ગુજરાતી જાળવવા કોઈ પ્રયત્ન કરાતા નથી. ગુજરાત સરકારની જાહેરખબરોમાં કે લખાણોમાં ગુજરાતી ભાષાના ધજાગરા ઉડી રહ્યા છે પછી બીજા કોઈને તો શું કહેવું ?

બીજી તરફ મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનું જતન થાય છે. નેતાઓ પણ હિંદીના બદલે મરાઠીમાં બોલવાનો આગ્રહ રાખે છે ને ભાષા તરફ લોકોમાં પણ સતર્કતા છે તેથી મરાઠી મજબૂત ભાષા તરીકે ઊભરી છે. બંગાળી, મલયાલી, કન્નડ, તેલુગુ, તમિલ વગેરે ભાષાઓ પણ મજબૂત બની રહી છે તેનું કારણ એ જ છે.

પ્રધાન સહિતના ભાજપના નેતાઓ વિદેશી ભાષાઓમાં નિર્ભરતાની વાતો કરે છે એ પણ હાસ્યાસ્પદ છે. જ્ઞાન બધું અંગ્રેજી સહિતની ભાષાઓમાં છે, આખી દુનિયાનો બિઝનેસ સહિતના આર્થિક વ્યવહારો વિદેશી ભાષાઓમાં ચાલે છે ત્યારે વિદેશી ભાષાઓથી કઈ રીતે દૂર રહી શકાય એ સમજાતું નથી. ભાજપના મોટા ભાગના ટોચના નેતાઓને અંગ્રેજી આવડતું નથી એ કારણ હોય કે બીજું કારણ હોય પણ અંગ્રેજી સહિતની ભાષાઓ તરફ આ અભાવ યોગ્ય નથી.

ને છેલ્લે સૌથી મહત્ત્વની વાત.

ભાજપને ભારતીયતાની એટલી જ ચિંતા હોય તો સંસ્કૃત ભાષા ભણાવવી ફરજિયાત કરો ને ? ભારતના બધા મહાન ગ્રંથો, મહાન ચિંતન, આયુર્વેદ સહિતની વિદ્યાઓ બધું તો સંસ્કૃતમાં છે તો પછી હિંદીનું પૂંછડું શું કરવા ઝાલીને બેઠા છીએ ? ભારતીય વારસાનું જતન કરવું હોય તો છોકરાંને ફરજિયાત સંસ્કૃત ભણાવો, હિંદી નહીં. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૧-૩-૨૦૨૫ શ્રી રામકૃષ્ણ પરમહંસ જયંતી,ચંદ્ર દર્શન
- ભારતીય દિનાંક ૧૦, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ 30મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૧-૨૨ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૭ સુધી (તા.૨),પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૨-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૫ (તા.૨),ઓટઃ સાંજે ક. ૧૮-૫૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, ફાગણ શુક્લ – દ્વિતીયા. ચંદ્રદર્શન, મું. ૪૫ સમર્ઘ દક્ષિણ શૃંગોન્નતિ, શ્રી રામકૃષ્ણ પરમહંસ જયંતી, પંચક શુક્ર વક્રી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુ -કળશ-ખાત મુહૂત સર્વદેવ પ્રતિષ્ઠા,શનિ-ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, અહિર્બુધ્ન્ય દેવતાનું પૂજન, વિદ્યાર્થીઓએ બ્રહ્માજીનું પૂજન કરવું, સ્થિર કાર્યો, મહાબલી હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલિસા, સુંદરકાન્ડ કીર્તન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી, માલ લેવો, નિત્ય થતાં નોકરી, દુકાન, વેપાર, ખેતીવાડી, પશુ લે-વેચ, મિલકત લેવડ દેવડનાં કામકાજ, બી વાવવું, ધાન્ય વેચવું, ધાન્ય ભરવું, વૃક્ષ વાવવાં, આંબો વાવવો, લીંબડો વાવવો, પરગામ પ્રયાણ, પરદેશનું પસ્તાનું, ખેતીવાડી, બગીચો બનાવવો.

માર્ચ૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્ત :તા. ૧ માર્ચ ૨૦૨૫ના સૂર્યાદિ ગ્રહના ઉદય અસ્તઃ તા.૧.મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ.૫૯, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ.૪૨, ચંદ્ર ઉદયઃ ક. ૦૭-૪૮, ચંદ્ર અસ્તઃ ક. ૨૦-૧૧, બુધ ઉદયઃ ક. ૦૭-૪૮,બુધ અસ્તઃ ક. ૧૯-૪૩, શુક્ર ઉદયઃ ક.૦૮-૧૯, અસ્તઃ ક. ૨૦-૪૫,મંગળ ઉદયઃ ક. ૧૪-૪૦, અસ્તઃ ક. ૦૩-૫૬,ગુરુ ઉદયઃ ક. ૧૨-૧૪, અસ્તઃ ક. ૦૧-૧૬,શનિ ઉદયઃ ક. ૦૭-૪૦, અસ્તઃ રાત્રે ક.૧૯-૨૩,તા. ૧લી માર્ચ સૂર્યોદયના સમયે કુંભ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે સિંહ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૪માર્ચે કુંભમાથી મીનમાં આવે છે. સૂર્ય પ્રારંભે શતભિષામાં નક્ષત્રમાં રહે છે,તા.૪થીએ પૂવાભાદ્રપદામાં, તા. ૧૮મીએ ઉત્તરાભાદ્રપદામાં પ્રવેશે છે. મંગળ સમગ્ર માસમાં મિથુનમાં માર્ગી ભ્રમણ કરે છે. માર્ગી મંગળ મંદ, સ્થિર ગતિએ ભ્રમણ કરે છે. સમગ્ર મંગળ પુનર્વસુ નક્ષત્રમાં રહે છે. બુધ સમગ્ર માસમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે.તા.૧૫મીએ બુધ વક્રી થાય છે. બુધ સમગ્ર માસમાં દૈનિક મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી ગુરુ સમગ્ર માસમાં વૃષભ રાશિમાં રોહિણી નક્ષત્રમાં રહે છે. શુક્ર સમગ્ર માસમાં મીન રાશિ, ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે.તા.૨જીથી શુક્ર વક્રી થાય છે. શુક્ર તા.૧૪ સુધી મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે,ત્યાર પછી માસાન્ત સુધીમાં સમગતિએ ભ્રમણ કરે છે. માર્ગી શનિ કુંભ રાશિમાંથી માસાન્તે તા.૨૯મીએ મીન રાશિમાં પ્રવેશે છે. શનિ પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં રહે છે. રાહુ સમગ્ર માસમાં મીન રાશિમાં રહે છે.તા.૧૬મી એ રાહુ પૂર્વાભાદ્રપદામાં આવે છે.શનિ સમગ્ર માસમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. શનિ પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે.આચમનઃચંદ્ર-બુધ યુતિ ખગોળમાં રુચિ રહે. ચંદ્ર-રાહુ યુતિ ચંદ્રનાં સ્થાન પરત્વે ફળ મળે, ચંદ્ર-નેપ્ચૂન યુતિ ટ્રેડિંગ માં રુચિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ‘સેબી’ના વડા બન્યા તુહિનકાંત પાણ્ડેય

નવી દિલ્હીઃ ઍર ઇન્ડિયાના વેચાણ અને ભારતીય જીવન વીમા નિગમ (એલઆઇસી)ના લિસ્ટિંગમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા સરકારના ‘ડિસઇન્વેસ્ટમેન્ટ મેન’ તુહિનકાંત પાણ્ડેયની દેશના મૂડીબજારના નિયામક - સિક્યોરિટીઝ ઍન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા (સેબી)ના વડા તરીકે નિમણૂક કરાઇ છે. તુહિનકાંત પાણ્ડેય નાણાં મંત્રાલયના અગ્રણી અમલદાર છે અને તેઓ માધવી પુરી બુચના સ્થાને ‘સેબી’ના વડાનો હોદ્દો સંભાળશે. માધવી પુરી બુચની ‘સેબી’નાં અધ્યક્ષા તરીકેની મુદત શુક્રવારે પૂરી થઇ હતી.

૬૦ વર્ષીય માધવી પુરી બુચ ‘સેબી’ની અધ્યક્ષતા કરનારાં પ્રથમ મહિલા અને ખાનગી ક્ષેત્રની સૌપ્રથમ વ્યક્તિ હતાં. તેમનાં પર ‘હિતના ટકરાવ’નો આરોપ મુકાયો હતો. માધવી પુરી બુચની પહેલાં ‘સેબી’ના બધા અધ્યક્ષ માત્ર સરકારી અધિકારીઓ જ હતા. ૫૯ વર્ષીય તુહિનકાંત પાણ્ડેય હાલમાં નાણાં મંત્રાલયના નાણાં સચિવ છે અને સ્વચ્છ છબિ ધરાવતા હોવાનું કહેવાય છે. તેઓ ત્રણ વર્ષ માટે ‘સેબી’ના વડા રહેશે. તુહિનકાંત પાણ્ડેય ડિસેમ્બરથી અત્યાર સુધીમાં નાણાં ક્ષેત્રે નીમાયેલા નાણાં મંત્રાલયના બીજા અધિકારી છે. અગાઉ, મહેસૂલ વિભાગમાંના તેમના સાથી સંજય મલ્હોત્રાની ભારતીય રિઝર્વ બૅન્કના ગવર્નર તરીકે નિમણૂક કરાઇ હતી. (એજન્સી) ■

# કાશ્મીરમાં ભારે હિમવર્ષા અને જમ્મુમાં વરસાદને કારણે બેનાં મોતઃ રેલ, રોડ, હવાઈસેવા ખોરવાઈ

શ્રીનગરઃ કાશ્મીરમાં શુક્રવારે નવેસરથી થયેલી હિમવર્ષાને પગલે રેલ, રોડ અને હવાઈસેવાઓ ખોરવાઈ ગઈ હતી અને જમ્મુમાં શુક્રવારે સતત ત્રીજે દિવસે ભારે વરસાદ પડતાં અનેક નદીઓના જળસ્તરમાં વધારો થયો હતો, પરિણામે એક મહિલા અને તેનાં પુત્રનું અવસાન થયું હતું અને પૂર જેવી પરિસ્થિતિ સર્જાતાં ૧૨ લોકોને બચાવવામાં આવ્યા હતા.

૫૦ વર્ષની શનોદેવી અને પચીસ વર્ષનો તેનો પુત્ર રઘુ ઉધમપુર જિલ્લામાંના મૌગગારીમાં માર્યા ગયા હતા. તેઓ સ્કૂટર પર જઈ રહ્યાં હતાં ત્યારે નજીકની ટેકરી પરથી તેમના પર ભેખડ પડતાં તેમનું મૃત્યુ થયું હતું.

કથુઆ જિલ્લાના રાજબાગ વિસ્તારની ઉજ નદીમાં અચાનક જ પાણીનું સ્તર વધી જતાં ૧૧ મજૂરો ફસાયા હતા. તેમને પોલીસ અને એસડીઆરએફની ટીમે બચાવ્યા હતા. એ જ રીતે પોલીસ અને એસડીઆરએફની ટીમે ડમ્પરના એક ડ્રાઈવરને નિકી તાવી વિસ્તારમાં બચાવ્યો હતો.

ભારે હિમવર્ષાને કારણે મોટાભાગના વિસ્તાર પર બરફની ચાદર પથરાઈ જતાં રેલ, રોડ અને હવાઈ સેવા ખોરવાઈ ગઈ હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

શ્રીનગર-જમ્મુ હાઈવે પર ભેખડો ધસી પડવાની ઘટના બની હોવાનું પણ તેમણે કહ્યું હતું. મેદાની વિસ્તારમાં વરસાદ પડ્યો હતો તો પર્યટકોના માનીતા એવા ગુલમર્ગ, સોનમર્ગ અને પહેલગામ જેવા પર્વતીય વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ હોવાનું તેમણે કહ્યું હતું.

હવામાન ખાતાના જણાવ્યાનુસાર શુક્રવાર બપોર બાદ વાતાવરણમાં સુધારો જોવા મળ્યો હતો. (એજન્સી) ■

# ઝૅલેન્સ્કી રશિયાના ભાવિ આક્રમણ સામે અમેરિકા પાસે સુરક્ષાની ખાતરી માગશે

વૉશિંગ્ટનઃ યુક્રેનના પ્રમુખ વૉલોડિમૅર ઝૅલેન્સ્કી અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથેની શુક્રવારની બેઠકમાં રશિયાના ભાવિ આક્રમણ સામે સુરક્ષાની ખાતરીની માગણી કરશે. અમેરિકાની મુલાકાત દરમિયાન યુક્રેનનું પ્રતિનિધિમંડળ યુદ્ધને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા યુક્રેનના નવનિર્માણ માટે સીમાચિહ્નરૂપ આર્થિક કરાર કરે એવી શક્યતા છે. આ કરાર બંને દેશને આવનારાં અનેક વરસો સુધી એકમેક સાથે જોડીને રાખશે. આ કરારને રશિયા સાથેના ત્રણ વર્ષના યુદ્ધનો અંત લાવવાની દિશામાં એક પગલું લેખવામાં આવે છે, પરંતુ તેનો મુખ્ય આશય યુક્રેનની સુરક્ષાનો છે. બેઠક દરમિયાન બંને નેતાઓ આ અંગે અલગથી કરાર કરવા ચર્ચાવિચારણા કરશે. યુક્રેનવાસીઓને ભય છે કે ઉતાવળે કરવામાં આવેલા શાંતિકરાર-ખાસ કરીને રશિયાની માગણી સંતોષવા અને રાહત આપતા કરાર રશિયાના સૈન્ય તેમ જ શસ્ત્રાગારનું નવેસરથી સશસ્ત્રીકરણ કરવાની તક આપશે અને ભવિષ્યમાં રશિયા તેનો ઉપયોગ ફરી યુક્રેન પર આક્રમણ કરવા માટે કરશે. (એજન્સી) ■

# યુરોપિયન યુનિયન ભારત સાથે ‘મુક્ત વેપાર કરાર’ કરશે

નવી દિલ્હીઃ યુરોપિયન કમિશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયને શુક્રવારે જણાવ્યું હતું કે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ચાલુ વર્ષે મુક્ત વેપાર કરાર થવાના છે. આ કરાર કદાચ આવા પ્રકારનો સૌથી મોટો એગ્રીમેન્ટ હશે.

૨૭ દેશના સંગઠનનાં વડાંએ જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન ભારતની સાથે સલામતીના ક્ષેત્રે કરાર કરવા ઉત્સુક છે. અગાઉ સુરક્ષા ક્ષેત્રના આવા એગ્રીમેન્ટ જાપાન અને દક્ષિણ કોરિયાની સાથે કરાયા હતા.

યુરોપિયન કમિશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મંત્રણાની પહેલાં આ નિવેદન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે દુનિયામાં સંરક્ષણ અને અન્ય ક્ષેત્રે અનેક જોખમ અને પડકાર રહેલા છે અને આવા સમયે યુરોપના દેશો ભારતની સાથે પોતાની ભાગીદારી વધારવા ઉત્સુક છે. આ વ્યૂહાત્મક ભાગીદારીને આગળના સ્તરે લઇ જઇશું.

યુરોપિયન કમિશનનાં પ્રમુખે જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન ભારત સાથે વેપાર, ટૅક્નોલૉજી, સંરક્ષણ, કનેક્ટિવિટી સહિતના ક્ષેત્રે સહકાર વધારશે અને તેના માટે મુક્ત વેપાર કરાર કરાશે.

ઉર્સુલા વોન ડેર લેયને કનેક્ટિવિટી અંગે જણાવ્યું હતું કે ભારત - મધ્ય પૂર્વ - યુરોપનો કોરિડોર હાલના સમયનો ‘ગોલ્ડન રોડ’ ગણાશે અને તે ભારત, અરબી અખાત અને યુરોપના દેશોને એકબીજા સાથે જોડશે.

આ વર્ષ યુરોપ અને ભારતની ભાગીદારી માટેનું ઐતિહાસિક વર્ષ સાબિત થશે. (એજન્સી) ■

# આઈઆઈટી, આઈઆઈએમમાંની આત્મહત્યાની ઘટના રોકોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે શુક્રવારે જણાવ્યું હતું કે આઇઆઇટી અને આઇઆઇએમમાંની વિદ્યાર્થીઓની આત્મહત્યાની ઘટના ચિંતાજનક ગણાય. અમે આવી ઘટના રોકવા માટે તાત્કાલિક નક્કર પગલાં લેવાય એવી યંત્રણા ઘડવા જરૂરી આદેશ આપીશું.

વકીલ ઇન્દિરા જયસિંહે ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહની બનેલી બૅન્ચને જણાવ્યું હતું કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી (આઇઆઇટી) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ્સ ઑફ મેનેજમેન્ટ (આઇઆઇએમ)માં છેલ્લાં ૧૪ મહિનામાં આત્મહત્યાની ૧૮ ઘટના બની હતી.

બૅન્ચે જણાવ્યું હતું કે આત્મહત્યાની આવી ઘટના બહુ જ કમનસીબ ગણાય. અમે આવી ઘટના રોકવા જરૂરી યંત્રણા ઘડવા આદેશ આપીશું.

વકીલ ઇન્દિરા જયસિંહે કહેવાતા જાતિ-આધારિત ભેદભાવને કારણે આત્મહત્યા કરનારા રોહિત વેમુલા અને પાયલ તડવીની માતાઓ વતી સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અદાલતે આદેશ આપ્યો હોવા છતાં યુનિવર્સિટીઓ અને કોલેજોએ પોતાના કેમ્પસમાં નોંધાયેલી આત્મહત્યાની ઘટનાના આંકડા અદાલતને નથી આપ્યા. (પીટીઆઇ) ■

# સંભલમાં જામા મસ્જિદની સફાઇ કરવાનો એએસઆઇને અલહાબાદ હાઇ કોર્ટનો આદેશ

પ્રયાગરાજઃ અલહાબાદ હાઇ કોર્ટે શુક્રવારે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ(એએસઆઇ)ને સંભલમાં જામા મસ્જિદના પરિસરની સફાઇ કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ મસ્જિદને વ્હાઇટવોશ કરવાનો આદેશ પસાર કર્યો ન હતો.

ન્યાયાધીશ રોહિત રંજન અગ્રવાલે આ આદેશ જામા મસ્જિદની મેનેજમેન્ટ કમિટી દ્વારા રમઝાન પહેલા મસ્જિદને વ્હાઇટવોશ અને સાફ કરવાની પરવાનગી માંગતી અરજી પર આપ્યો હતો. કોર્ટે ગુરુવારે એએસઆઇને તાત્કાલિક મસ્જિદ સ્થળનું નિરીક્ષણ કરવા અને ત્રણ અધિકારીઓની એક ટીમની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો, જે શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં આ સંદર્ભે રિપોર્ટ રજૂ કરશે. એએસઆઇના રિપોર્ટ અનુસાર મસ્જિદના આંતરિક ભાગમાં સિરામિક પેઇન્ટ છે અને હાલમાં તેને વ્હાઇટવોશ કરવાની કોઇ જરૂર નથી.શુક્રવારે સુનાવણી દરમિયાન મસ્જિદ સમિતિ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ એસ. એફ. એ. નકવીએ જણાવ્યું હતું કે તેઓ માત્ર વ્હાઇટવોશ અને લાઇટિંગનું કામ કરાવવા માગે છે. આ અંગે કોર્ટે એએસઆઇને પરિસરમાં જામેલી ધૂળ અને ઘાસ સાફ કરવાનું કહ્યું હતું. નકવીએ કોર્ટને ખાતરી આપી હતી કે સફાઇ દરમિયાન કોઇ પણ પ્રકારનો અવરોધ નહીં આવે. જ્યારે રાજ્યના એડવોકેટ જનરલે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં આવશે એમ જણાવ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રેડ વૉરની ચિંતા

બોલાઈ ગયાના નિર્દેશો ઉપરાંત ગઈકાલે સ્થાનિકમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૫૬.૫૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહ્યા બાદ આજે તેઓની રૂ. ૩૯,૨૩૯.૪૪ કરોડની ખરીદી સામે રૂ. ૫૦,૮૭૮.૪૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૧,૬૩૯.૦૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના એક્સચેન્જના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૪૧૪.૩૩ પૉઈન્ટનું અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૪૨૦.૩૫ પૉઈન્ટનું ગાબડું પડ્યું હતું.

આજનાં આ ઑલ ફોલ ડાઉનના માહોલમાં રોકાણકારોનાં રૂ. નવ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર આજે બીએસઈ ખાતેનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૯,૦૮,૭૯૮.૬૭ કરોડ ઘટીને રૂ. ૩,૮૪,૦૧,૪૧૧.૮૬ કરોડ (૪.૩૯ ટ્રિલિયન અમેરિકી ડૉલર)ની સપાટીએ રહ્યું હતું. નોંધનીય બાબત એ છે કે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સાપ્તાહિક ધોરણે ૨.૮૦ ટકા અથવા તો ૨૧૧૨.૯૬ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨.૯૪ ટકા અથવા તો ૫૭૧.૨ પૉઈન્ટનું ધોવાણ થયું છે. અત્રે રસપ્રદ બાબત એ છે કે ગત ૨૭મી સપ્ટેમ્બરના રોજ સેન્સેક્સ ૮૫,૯૭૮.૨૫ની વિક્રમ સપાટીએ પહોંચ્યો હતો અને ત્યાર પછીના માત્ર પાંચ મહિનાના સમયગાળામાં ૧૪.૮૬ ટકા અથવા તો ૧૨,૭૮૦.૧૫ પૉઈન્ટનું ધોવાણ થઈ ગયું છે. તે જ પ્રમાણે નિફ્ટીમાં પણ ૨૬,૨૭૭.૩૫ પૉઈન્ટની સર્વોચ્ચ સપાટીએથી માત્ર પાંચ મહિનામાં જ ૧૫.૮૦ ટકા અથવા તો ૪૧૫૨.૬૫ પૉઈન્ટ નીકળી ગયા છે.

એકંદરે આજે એશિયામાં સિઉલ, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગની બજારો તેમ જ યુરોપના બજારોમાં પણ નરમાઈનું વલણ જોવા મળતાં સ્થાનિક બજાર પર માઠી અસર પડી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી સપ્તાહથી કૅનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ લાદવાની અને ચીનથી આયાત થતાં ઉત્પાદનો પર ૧૦ ટકા અતિરિક્ત ટેરિફ અમલી થવાની જાહેરાત કરતાં બજારોમાં ટ્રેડ વૉરની ચિંતા તેમ જ ટ્રેડ વૉરને કારણે સ્થાનિક સ્તરે પણ આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવી હતી. વધુમાં ટ્રમ્પ દ્વારા યુરોપિયન યુનિયન પર પણ ટેરિફ લાદવામાં આવે તેવી ચિંતા રોકાણકારોમાં વ્યાપી હોવાનું તેમણે ઉમેર્યું હતું. જોકે, સ્થાનિક સ્તરે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે છેલ્લાં ત્રણ દાયકામાં પહેલી વખત નિફ્ટી-૫૦માં સતત પાંચમાં મહિનામાં માસિક ધોરણે ઘટાડો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી એકમાત્ર એચડીએફસી બૅન્કમાં ૧.૮૬ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાયના તમામ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ૬.૧૯ ટકાનો ઘટાડો ટેક મહિન્દ્રામાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ડસઈન્ડ બૅન્કમાં ૫.૪૮ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૫.૨૧ ટકાનો, ભારતી એરટેલમાં ૪.૮૬ ટકાનો, ઈન્ફોસિસમાં ૪.૩૨ ટકાનો અને ટાટા મોટર્સમાં ૪.૨૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે સ્મોલકેપ અને મિડકેપ શૅરોમાં ધોવાણ જળવાઈ રહેતાં ઈન્ડેક્સમાં અનુક્રમે ૨.૩૩ ટકાનો અને ૨.૧૬ ટકાનો ઘટાડો આવ્યો હતો. ■

### ઉત્તરાખંડમાં

પ્રવક્તાએ કહ્યું હતું કે સતત થઈ રહેલી હિમવર્ષા વચ્ચે શુક્રવારે વહેલી સવારે પાંચ વાગ્યે માના જીએસટી રોડ પર આવેલી શ્રમિકોની છાવણી પર હિમપ્રપાત થયો હતો.

આઈટીબીપી અને સેનાએ તાત્કાલિક બચાવ કામગીરી આરંભી દીધી હતી તેમ જ ૩૨ ઈજાગ્રસ્ત મજૂરોને સારવારાર્થે તબીબી કેન્દ્રમાં ખસેડ્યા હતા.

ખરાબ હવામાનના પડકાર વચ્ચે ફસાયેલા મજૂરોને શોધવાના અને કાટમાળ હેઠળથી બહાર કાઢવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

મુખ્ય પ્રધાન પુષ્કર ધામીએ કહ્યું હતું કે ફસાયેલા ૫૭ મજૂરમાંથી ૩૨ને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે.

આ મજૂરો સરહદના પર્વતીય વિસ્તારમાં આવેલા ગામમાં બરફ હટાવવાનું કામ કરી રહ્યા હતા ત્યારે માના અને બદરીનાથ વચ્ચે આવેલી તેમની છાવણી પર હિમપ્રપાત થયો હતો.

૩૨૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું માના ગામ બદરીનાથથી ત્રણ કિ.મીને અંતરે આવેલું છે અને તે ભારત-તિબેટની સરહદ પરનું છેલ્લું ગામ છે. (એજન્સી) ■

### ભારત-પાકિસ્તાન

કેટલાક દિવસોમાં ભૂકંપની ગતિવિધિઓ વધી રહી છે, હિમાચલ પ્રદેશ, દિલ્હી-એનસીઆરથી માંડીને પશ્ચિમ બંગાળમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ કોલકાતામાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, ભૂકંપનું કેન્દ્ર બંગાળની ખાડીમાં હતું.

આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ હતી અને તે સવારે ૬.૧૦ વાગ્યે આવ્યો હતો. ■

### દિલ્હીનો આરોગ્ય

ઍન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા દ્વારા દિલ્હીના ૭૪ મોહલ્લા ક્લિનિકની તપાસ કરાઇ હતી અને જાણ્યું હતું કે તેમાંના એક પણ દવાખાનામાં જરૂરી ૧૬૫ દવામાંની બધી ઔષધ નહોતી.

‘કેગ’ના અહેવાલમાં જણાવાયું હતું કે દિલ્હીના મોટા ભાગના મોહલ્લા ક્લિનિકમાં પલ્સ ઓક્સિમીટર, ગ્લુકોમીટર, એક્સ-રે વ્યૂઅર, થર્મોમીટર, બ્લડ પ્રેશર મોનિટર જેવા પ્રાથમિક સાધનની પણ અછત હતી.

દિલ્હી વિધાનસભામાં ‘કેગ’નો આ બીજો અહેવાલ રજૂ કરાયો હતો. દિલ્હીની અગાઉની સરકારની દારૂને લગતી નીતિનો અહેવાલ ગયા મંગળવારે વિધાનસભામાં રજૂ કરાયો હતો. દિલ્હીની અગાઉની આમ આદમી પાર્ટીની કામગીરીને લગતા ૧૨ અહેવાલ અત્યાર સુધીમાં રજૂ કરાયા હતા.


‘કેગ’ના અહેવાલમાં જણાવાયું હતું કે ૨૦૨૨ના ઑક્ટોબરથી ૨૦૨૩ના માર્ચ વચ્ચેના સમયગાળા દરમિયાન મોહલ્લા ક્લિનિકે જનારા ૭૦ ટકા દરદીઓને ત્યાંના ડૉક્ટરોએ માત્ર એક મિનિટમાં (તપાસીને કે તપાસ્યા વિના) જ રવાના કર્યા હતા. (એજન્સી) ■

### અમેરિકામાં સરકારી

નવા વહીવટીતંત્રે સરકારી કર્મચારીઓની આડેધડ શરૂ કરેલી છટણીને આ ચુકાદાથી ધક્કો લાગ્યો છે.

અમેરિકાની નવી સરકારની કર્મચારીઓની આડેધડ છટણી કરવાની નીતિને પડકારતા અનેક કેસ કર્મચારીઓના પાંચ સંગઠન અને પાંચ નોનપ્રોફિટ ઓર્ગેનાઇઝેશન (નફા વિના કામ કરતા સંગઠન)એ કર્યા છે.

સરકારી વકીલોએ પણ કબૂલ કર્યું હતું કે ‘ઑફિસ ઑફ પર્સનેલ મેનેજમેન્ટ’ને અન્ય એજન્સીમાંના કર્મચારીઓની આડેધડ છટણી કરી ન શકે. (એજન્સી) ■




Don't Miss The BIGGEST Comedy Spectacle To Ever Hit The INDIAN STAGE!
TODAY 7.30 pm NEHRU Center WORLI, Bkg. full day Ph. 40245408
TOMORROW 7 pm BALGANDHARVA BANDRA, Bkg. Open at Venue
SAT, 8TH March, 7.30pm TATA Theatre, NCPA
SUN, 9TH March, 7 pm BALGANDHARVA, Bandra
FOR BULK BKG. & SHOWS CONT: 7506732495 8879206331
WRITTEN & DIRECTED BY PARITOSH PAINTER
PRODUCED BY PRAMOD BOKADIA & PARITOSH PAINTER
OFFICIAL RADIO PARTNER RED FM 93.5 | OFFICIAL DOOH PARTNER maximeyz | OFFICIAL MOM COMMUNITY PARTNER MUMO MUMBAI MOMS | OFFICIAL TICKETING PARTNER bookmyshow
Theatrix



A PLAY FOR CLASS
તોરલ ત્રિવેદી in & as દિવ્યા દોશી



કાલે સાંજે ૭.૩૦ નહેરૂ
વર્લી, બુ./ટેલી બુ. ૧૦-૬ 40245408, 9892629810
Online: bookmyshow
સર્વશ્રેષ્ઠ અભિનયનું ઉત્તમ સર્જન !
કબીર પ્રોડક્શન નિલેશ દવે અને સાઈટલાઈન્સ ક્રિએશન કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત
અભય હરપડે લિખિત-દિગ્દર્શિત-અભિનિત
દિવ્યા દોષી છે!?
Show Contact: 9987251122, 9820080714
EXCELLENT PERFORMANCE
Deepak Somaiya



ગુજરાતી ભાષાનો નવરત્ન દરબાર
રજૂઆતઃ શોભિત દેસાઈ
ગઝલની ગુંજતી સરગમ
એ છે ગુજરાતી ગઝલનું એવું સાજ, એકલો છે આખી સેનાનો અવાજ
ગુજરાતી ગઝલોનો મહાકુંભ... ગુજરાતી શાયરોનું પંચામૃત
કાલે ૨ માર્ચ સાંજે ૭.૩૦ ભવન -ચોપાટી
બુ. હોલ પર ૯-૧૨,૪-૭
ટેલિ બુકિંગ સંપર્કઃ કુલદીપ 9004039936
જૂજ બેઠકો બાકી
Valet Parking Available
Theatrix



કાલે સાંજે ૭.૩૦ તેજપાલ
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ 23802679, 9930652094
ONLINE bookmyshow
ઉપેન્દ્ર ત્રિવેદી પ્રોડક્શન્સ કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત આશિષ ત્રિવેદી નિર્મિત
પ્રણવ ત્રિપાઠી લિખિત ફિરોઝ ભગત દિગ્દર્શિત
THE GAME IS OVER
ખૂન ની રમત કે રમતમાં ખૂન !



A GRIPPING THRILLER !
Show Cont. 9820080714, 9324111907
Deepak Somaiya



A Melodious Live Concert
International Women's Day 2025
Memorable Songs from The Movies of Iconic Heroines of Indian Film Industry
Down Memory Lane
★ Hema Malini ★ Madhubala ★ Madhuri Dixit ★ Meena Kumari ★ Mumtaz ★ Nargis ★ Nutan ★ Rekha ★ Sharmila Tagore ★ Vyjayanthimala ★ Waheeda Rehman ★ Zeenat Aman & more
Deepak Kapadia Presents
Yaadon Ki Geetmala
Singers: Kavita Murti, Shailaja Subramanian, Mona Kamat, Anil Bajpai, Mukhtar Shah, Alok Katdare
Compere: Prashant Rao Music: Ajay Madan
શનિઃ ૮ માર્ચ સાંજે ૭ નહેરૂ -વર્લી
For Tickets Contact: Mr. Deepak Kapadia 9869000614
Theatrix


## પાઈપલાઈનમાં ભંગાણઃ
# ઘાટકોપર, કુર્લામાં ૧૫ કલાક પાણીના ધાંધિયા


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પવઈમાં પાણીની પાઈપલાઈનનાં જોડાણ પર અચાનક થયેલા ભંગાણને પગલે શુક્રવારે ઘાટકોપર અને કુર્લાના અનેક વિસ્તારમાં પાણીનાં ધાંધિયા થયા હતા. પાલિકાએ યુદ્ધનાં ધોરણે સમારકામ હાથ ધર્યું હતું, જે શનિવાર સવાર સુધીમાં પૂરું થશે. જોકે તેને પગલે ૧૫ કલાક પાણીપુરવઠાને ફટકો પડવાનો છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ મિલિંદ નગર, પવઈ-વેન્ચુરીમાં ૧,૮૦૦ મિલિમીટર વ્યાસની પાણીની પાઈપલાઈનમાં જોડાણ પરના ૩૦૦ મિલિમીટર વ્યાસના બાયપાસ પર શુક્રવારે સાંજે અચાનક મોટું ગળતર જણાઈ આવ્યું હતું, તેને કારણે ઘાટકોપર જળાશયને થનારો પાણીપુરવઠો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. તેથી ઘાટકોપર સહિત કુર્લાના અનેક વિસ્તારમાં સાંજ બાદ પાણીપુરવઠાને અસર પડી હતી.

પાઈપલાઈનનું યુદ્ધનાં ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. આ સમારકામને ૧૫ કલાકનો સમય લાગવાની શક્યતા છે. સમારકામ શુક્રવાર સાંજે હાથ ધરવામાં આવ્યું હતું જે શનિવારે સવારના આઠ વાગ્યા સુધી એટલે ચાલશે. લગભગ ૧૫ કલાકનો સમય લાગી શકે છે. તેથી આ સમય દરમ્યાન 'એન'વોર્ડ ઘાટકોપર સહિત 'એલ' વોર્ડ કુર્લામાં પાણીપુરવઠો બંધ રહેશે. ■


ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
Out of the infinite being the finite has come, yet being infinite, only infinite remains



Shri Nalin Goradia
S/o Late Smt. Kamalaben & Narandas Goradia
Life Journey: 31st December 1937 - 27th February 2025

PRAYER MEET
Indian Medical Association (IMA) Hall,
Opp. JVPD Ground,
JVPD Scheme, Juhu Vile Parle, Mumbai - 58
Date: 1st March 2025,
Time: 4 pm to 6 pm

IN GRIEF
Smt. Priti Nalin Goradia (Wife)
Darshana & Sooraj Bhalla
(Daughter & Son In Law)
Priya Goradia (Daughter)
Chetan Goradia (Nephew)
Aashna & Rishaan (Grandchildren)


# એક ઇન્ટેલિજન્ટ કૉમેડી, હાસ્યનો દરબાર એટલે હાલમાં આખાય મુંબઈમાં ધૂમ મચાવતું હિંદી નાટક અકબર બિરબલ

પરિતોષ પેઇન્ટર અને ઉત્તમ નાટકોને કાયમી સંબંધ છે. અફલાતૂન વિષયો, દમદાર માવજત અને સ્ટાર્સ સાથે રજૂઆત એમની સિગ્નેચર સ્ટાઇલ છે. હમણાં તેઓ લઈને આવ્યા છે એક દરજ્જેદાર હિન્દી નાટક, 'અકબર બિરબલ'. સપરિવાર જેને એક નહીં અનેકવાર માણી એવું આ નાટક જોવા તરત એટલે તરત ઉપડો.



ઇતિહાસના જબરા વઘાર સાથેની મ્યુઝિકલ કૉમેડીની પશ્ચાદ્ભૂ છે સમ્રાટ અકબરનો દરબાર અને પરિવાર. અકબરે રોજ એના પ્રિયજનોની દરેક વાત સહન કરવાની છે. એમાં એને મદદ કરવાની છે એના વિશ્વાસુ બિરબલે. અકબરના દીકરા શહજાદા સલીમને અનારકલી સાથે લગ્ન કરવાના ઓરતા છે. અકબરની પત્ની જોધાબાઈને ચિંતા પોતાના દીકરાની છે. અકબરના સાળાની વળી અલગ જ દુનિયા છે. છોગામાં એ સૌની સામે અકબરને 'જીજાજી' સંબોધીને અકબરનો મૂડ ખરાબ કરે છે.

અકબર કરતાં આ બધાંથી જેની સ્થિતિ કફોડી થાય છે એ બિરબલ છે. એણે દરેક વખતે બાદશાહને આફતમાંથી ઉગારવાના છે. અને...

એકદમ ફ્રેશ વિચાર અને આજના જમાનાને અનુરૂપ, નવી પેઢીને પણ માણવી ગમે એવી ભાષા અને ટ્રીટમેન્ટ અકબર બિરબલની તાકાત છે. એમાં ઉમેરી દો ભવ્ય સેટ્સ, લાઇટ્સ અને ગીત-સંગીત-નૃત્ય. રંગભૂમિ પર બહુ ઓછીવાર જોવા મળે એવો માહોલ અકબર બિરબલમાં સર્જાયો છે.

અલી અસગર, વિશાલ કોટિયન, ડેલનાઝ ઇરાની, નાયરા બેનર્જી, ફર્ઝિલ પાદરીવાલા, પવન સિંઘ, યશકાંત શર્મા, હર્ષલ કામત સહિત નાટકમાં નામી અને લોકપ્રિય કલાકારોનો મોટો કાફલો છે. એમના ઉત્કૃષ્ટ અભિનયથી નાટકની રંગત ઔર ખીલે છે. પ્રવીણ બનસોડેના સેટિંગ્સ, સંજય નાગોલકરના લાઇટ્સ-સાઉન્ડ, કશ્યપ સોમપુરાના સંગીત અને લોરેન્સ જોનના સંવાદોથી 'અકબર બિરબલ' પહેલી મિનિટથી પૂરબહારમાં ખીલે છે. પ્રમોદ બોકાડિયા સાથે આ નાટકનું સહનિર્માણ કરવા ઉપરાંત પરિતોષ પેઇન્ટરે એનું લેખન-દિગ્દર્શન કર્યાં છે.

હિસ્ટોરિકલ મ્યુઝિકલ નાટક 'અકબર બિરબલ' અત્યારે રંગભૂમિ પર ચાલતાં નાટકોમાં શિરમોર છે એ વાતમાં શંકાને સ્થાન નથી. આઇડિયાઝ એન્ટરટેઇનમેન્ટની ગૌરવશાળી રજૂઆત એવા 'અકબર બિરબલ'ની બીજું બધું મૂકો બાજુ પર અને જોવા પહોંચી જાવ હિન્દી નાટક 'અકબર બિરબલ'. સપરિવાર માણવા ફ્રેશ થઈ જશો અને જલસો પડી જશે.

# પાકિસ્તાનના નંબર પરથી સીએમ ઓફિસને ફૂંકી મારવાની ધમકી

મુંબઈઃ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના મંત્રાલયમાંના કાર્યાલયને ફૂંકી મારવાની ધમકી આપતો મેસેજ મુંબઈ ટ્રાફિક પોલીસના હેલ્પલાઇન નંબર પર આવ્યો હતો. પાકિસ્તાનના નંબર પરથી ધમકીભર્યો મેસેજ મોકલવામાં આવ્યા બાદ આ પ્રકરણે ગુનો દાખલ કરીને પોલીસે તપાસ આદરી હતી.

ટ્રાફિક પોલીસ હેડક્વૉર્ટરના ટ્વિટર સેલમાં નિયુક્ત કોન્સ્ટેબલ ગુરુવારે ફરજ પર હાજર હતો ત્યારે બપોરે વ્હૉટ્સઅપ હેલ્પલાઇન નંબર પર મેસેજ પ્રાપ્ત થયો હતો.

મેસેજ મોકલનારા શખસે પોતાની ઓળખ પાકિસ્તાનના મલિક શાહબાઝ હુમાયુ રાજા દેવ તરીકે આપી હતી અને દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાનના કાર્યાલયમાં હુમલો થવાનો છે. મેસેજ ઇંગ્લિશમાં લખવામાં આવ્યો હતો, એમ પોલીસે કહ્યું હતું. કોન્સ્ટેબલે તરત જ સ્ક્રીનશૉટ લઇ લીધો હતો અને આની જાણ વરિષ્ઠ અધિકારીઓને કરી હતી. બાદમાં વરલી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમે ગુનો દાખલ કર્યો છે અને શકમંદની શોધ ચલાવવામાં આવી રહી છે. શકમંદ ભારતમાં રહે છે કે પડોશી દેશમાં રહે છે તેની તપાસ કરી રહ્યા છીએ. નોંધનીય છે કે ડિસેમ્બરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ધમકી આપતો મેસેજ કરવા બદલ પોલીસે ઝારખંડના રહેવાસીની રાજસ્થાનથી ધરપકડ કરી હતી. ■


Prahladrai Dalmia Lions College of Commerce & Economics
Sunder Nagar, S.V. Road, Malad (W), Mumbai-64. Tel: 022- 35112985/ 35115316
Email: dalmialionscollege@gmail.com | Website: www.dalmialionscollege.ac.in
(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)
NAAC Re-accredited with 'A' Grade (III Cycle) • ISO 21001 : 2018 Certified
University of Mumbai Recognized Research Centre in Accountancy, Commerce & Economics
A Government Approved Hindi Linguistic Minority Institute
52 Years of Sterling Performance in Education

College Invites applications for the Post of Full Time

Assistant Teachers as a Shikshan Sevak

in the Junior College Commerce Aided Section (English Medium) with minimum 50% Marks qualification or equivalent C.G.P.A. in Post Graduate degree with B.Ed from NCTE approved College/ Institute for the following subjects, from the academic year 2024-2025.

| Sr. No. | Subject | No. of posts |
|---|---|---|
| 1 | Economics | 02 Full Time (Open) |
| 2 | Commerce | 01 Full Time (Open) |

1. The appointment will be subject to approval from the office of the Deputy Director of Education, Mumbai Region, Maharashtra.
2. Shikshan Sevak Payment of Rs.20,000/- p.m. as per rules of Government of Maharashtra. Person already employed must send their application through proper channel with N.O.C. from authority.
3. Application with full details & certified true copies of Degree & Marksheets of UG, PG & B.Ed. should reach the Principal within 15 days from the date of publication of this advertisement either by Post, Hand delivery or College Email ID dalmialionscollege@gmail.com
4. Produce all the original copies of Degrees & Marksheets during Interview.

Sd/-
PRINCIPAL


# કોર્ટ સામે કંગનાએ માફી માગી જાવેદ અખ્તરની, સમાધાન કર્યું

મુંબઈઃ પાંચ વર્ષથી કંગના અને જાવેદ અખ્તર વચ્ચે કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. આખરે આ કેસમાં જાવેદ અખ્તરને મોટી જીત મળી છે. કંગનાએ જાવેદ અખ્તરને થયેલી અસુવિધા બદલ માફી માગી છે અને બંનેએ પરસ્પર સહમતિથી કેસનો અંત લાવી દીધો છે. કંગના રનૌટે લેખિતમાં જાવેદ અખ્તરની માફી માગી છે.



### શું હતો મામલો?

જાવેદ અખ્તરે કંગના રનૌટ સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. કંગનાએ સામે કાઉન્ટર પિટિશન કરી હતી. આ કેસમાં છેલ્લા પાંચ વર્ષથી સુનાવણી ચાલી રહી હતી. છેલ્લી ૪૦ સુનાવણી દરમિયાન કંગના રનૌટ કોર્ટમાં હાજર રહી નહોતી જ્યારે જાવેદ અખ્તર સુનાવણી દરમિયાન નિયમિતપણે કોર્ટમાં હાજર રહેતા હતા. આ અઠવાડિયે મંગળવારે યોજાયેલી સુનાવણી દરમિયાન, કંગના ફરીથી કોર્ટમાં હાજર રહી નહોતી, ત્યારબાદ જાવેદ અખ્તરના વકીલે કંગના વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કરવાની અપીલ કરી હતી. આ અપીલ બાદ કોર્ટે કંગનાને કોર્ટમાં હાજર રહેવાની છેલ્લી તક આપી હતી.

આજે કંગના રનૌટ બાંદ્રા કોર્ટમાં હાજર થઈ હતી. આ દરમિયાન જાવેદ અખ્તર પણ કોર્ટમાં હાજર હતા. કંગનાએ સમાધાનની તમામ શરતો સ્વીકારી લીધી, ત્યારબાદ બંને પક્ષોની સહમતિથી મામલો થાળે પડ્યો હતો. આ મામલો કુલ ચાર મુદ્દાના આધારે ઉકેલવામાં આવ્યો હતો. ■


Statement about ownership and other particulars relating to MUMBAI SAMACHAR (DAILY EDITION) published under Rule 8 of the Registration of Newspapers (Central) Rules, 1956

FORM IV

1. Place of Publication — "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Fort, Mumbai-400 001.
2. Periodicity of its Publication .. Daily
3. Printer's Name .. Mr. Meherwanji R. Cama
   Nationality .. Indian
   Address .. B-12, Darbhanga Mansion, Carmichael Road, Mumbai-400 026.
4. Publisher's Name .. Mr. Meherwanji R. Cama for The Bombay Samachar Pvt. Ltd.
   Nationality .. Indian
   Address .. "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Fort, Mumbai-400 001.
5. Editor's Name .. Mr. Nilesh Mahendra Dave
   Nationality .. Indian
   Address .. B-201, Soral Apt., Bldg. No. 9, 90 Feet Road, Near Siddhivinayak Temple, Pantnagar, Ghatkopar (East), Mumbai-400077.
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital.

| | Address: |
|---|---|
| -- Mr. Meherwanji R. Cama,<br>-- Mr. Hormusji N. Cama,<br>-- Mrs. Avi B. Dastoor | Cama, Norton & Co.<br>Cama Chambers,<br>23, Meadows Street,<br>Mumbai-400 023. |
| -- The Bombay Chronicle Co. P. Ltd. | "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Mumbai-400 023. |

I, M. R. Cama, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

For THE BOMBAY SAMACHAR PVT. LTD.
M. R. Cama
PUBLISHER

Dated 1st March, 2025


# કેલિફોર્નિયામાં અકસ્માતમાં ઘાયલ વિદ્યાર્થિનીના પરિવારને મળ્યા અમેરિકી વિઝા

મુંબઈઃ કેલિફોર્નિયામાં માર્ગઅકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામેલી અને સારવાર લઇ રહેલી ભારતીય વિદ્યાર્થિની નીલમ શિંદેના પરિવારના સભ્યોને અહીંના યુનાઈટેડ સ્ટેટ્સ કોન્સ્યુલેટે વિઝા આપ્યા છે, એવું તેમના સંબંધીઓએ શુક્રવારે જણાવ્યું હતું. જોકે શિંદે પરિવારે આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે મદદ કરી એ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

નીલમ હજી પણ સેન ફ્રાન્સિસ્કોની એક હોસ્પિટલમાં સારવાર લઇ રહી છે. જોકે હાલ તેની સ્વાસ્થ્યમાં સુધારો હોવાનું તેમના પરિવારજનોએ જણાવ્યું હતું. એક દિવસ પહેલાં નીલમના પરિવારજનોએ તાત્કાલિક વિઝા માટેની વિનંતી કરી હતી. જોકે હવે નીલમની તબિયતમાં સુધારો થયો હોવાનું હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હોવાની માહિતી તેમના પિતા તાનાજી શિંદેએ આપી હતી.

તાનાજી શિંદેએ આ અંગે માહિતી આપતાં કહ્યું હતું કે ૧૬મી ફેબ્રુઆરીએ નીલમની રૂમમેટનો ફોન આવ્યો હતો. જોકે અકસ્માત વિશે તેણે કશું કહ્યું નહોતું. બાદમાં નીલમના કાકાને આ અંગે જાણ કરવામાં આવી હતી. અમને જ્યારે નીલમનું અકસ્માત થયું હોવાની જાણ થઇ ત્યારે અમે યુએસ દૂતાવાસમાં ગયા હતા. તેઓએ અમારો ઈન્ટરવ્યૂ લીધો હતો અને અડધા કલાકમાં જ અમારા વિઝા મંજૂર કરી દીધા હતા. અમે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારના આભારી છીએ. અમે હવે અમારી દીકરીને જોઇ શકીશું, એવું તાનાજી શિંદેએ જણાવ્યું હતું.

મારી દીકરી હાલ કોમામાં છે અને અમે એટલી જ પ્રાર્થના કરી શકીએ કે એ જલદી સ્વસ્થ થઇ જાય, એવું તાનાજી શિંદેએ જણાવ્યું હતું. ■


Amazing Tours @ Super Low Prices




Take your family on tour this Summer
Witness breathtaking nature, iconic sights, adventure & snowy peaks!
Hundreds of tours with world-class services. Plan your holiday now!

Europe Tours

| Tour code | Days | Tour | Price | Offer Price |
|---|---|---|---|---|
| ET | 08 | Best of Turkey | 1,94,000 | 1,80,000* |
| EP | 08 | Prague Vienna Budapest With Slovenia Croatia | 2,53,000 | 2,35,000* |
| ER | 09 | Best of Eastern Europe | 2,62,000 | 2,45,000* |
| EE | 07 | French Riviera | 2,68,000 | 2,50,000* |
| EF | 09 | Flavours of Italy Lake Como | 2,75,000 | 2,60,000* |
| EL | 09 | Swiss Paris | 3,03,000 | 2,85,000* |
| EM | 08 | Best of Switzerland | 3,05,000 | 2,85,000* |
| EO | 13 | England Scotland Ireland Wales | 3,67,000 | 3,50,000* |
| EW | 09 | Best of Scandinavia | 3,15,000 | 2,95,000* |
| EU | 13 | Egypt Greece Turkey | 3,34,000 | 3,15,000* |
| EH | 15 | Spain Portugal Morocco | 3,62,000 | 3,45,000* |
| E1 | 22 | All of Europe | 5,05,000 | 4,75,000* |

Other World Tours

| Tour code | Days | Tour | Price | Offer Price |
|---|---|---|---|---|
| UW | 07 | USA West Coast | 2,20,000 | 1,93,000* |
| PW | 06 | Best of Russia | 2,08,000 | 1,95,000* |
| UE | 07 | USA East Coast Chicago | 2,34,000 | 2,07,000* |
| VS | 08 | South Africa Pilanesberg | 2,34,000 | 2,15,000* |
| JS | 08 | Classic South Korea | 2,46,000 | 2,25,000* |
| AA | 11 | Australian Escape | 3,79,000 | 3,50,000* |
| AN | 11 | All of New Zealand | 3,84,000 | 3,65,000* |
| V1 | 13 | South Africa Kenya Victoria Falls | 4,11,000 | 3,85,000* |
| J1 | 15 | Japan China | 4,55,000 | 4,25,000* |
| VM | 11 | Classic Madagascar Kenya | 4,67,000 | 4,35,000* |
| A1 | 17 | Australia New Zealand | 5,48,000 | 5,30,000* |
| JF | 08 | Japan Cherry Blossom | 3,18,000 | 2,80,000* |

Easy Visa Tours

| Tour code | Days | Tour | Price | Offer Price |
|---|---|---|---|---|
| FT | 06 | Thailand | 79,000 | 72,000* |
| FY | 07 | Phuket Krabi Bangkok | 1,03,000 | 93,000* |
| MS | 08 | Sri Lanka | 1,04,000 | 95,000* |
| WB | 05 | Baku Chota Break | 1,16,000 | 1,00,000* |
| WS | 05 | Singapore | 1,26,000 | 1,17,000* |
| M1 | 06 | Mauritius | 1,31,000 | 1,20,000* |
| D1 | 07 | Dubai Abu Dhabi | 1,29,000 | 1,20,000* |
| FI | 08 | Bali Jakarta | 1,49,000 | 1,40,000* |
| FN | 08 | Malaysia with Langkawi | 1,19,000 | 1,11,000* |
| FH | 07 | Hong Kong Shenzhen Macao | 1,69,000 | 1,63,000* |
| F2 | 10 | Singapore Thailand Malaysia | 1,80,000 | 1,69,000* |
| FV | 10 | Vietnam Cambodia | 1,84,000 | 1,75,000* |

Himalayan Tours

| Tour code | Days | Tour | Price | Offer Price |
|---|---|---|---|---|
| H6 | 08 | Panoramic Shimla Manali | 39,000 | 35,000* |
| H7 | 08 | Dalhousie Dharamshala Amritsar | 39,000 | 35,000* |
| NH | 07 | Leh Ladakh | 44,000 | 40,000* |
| NS | 07 | Darjeeling Gangtok | 44,000 | 40,000* |
| K6 | 07 | Kashmir Vaishnodevi | 46,000 | 42,000* |
| N6 | 08 | Nainital Mussoorie Corbett Park | 49,000 | 45,000* |
| ON | 06 | Amarnath Yatra | 56,000 | 52,000* |
| ND | 09 | Darjeeling Gangtok Pelling | 58,000 | 54,000* |
| NP | 08 | Nepal ✈ | 80,000 | 76,000* |
| O1 | 13 | Uttaranchal Chardham Yatra | 80,000 | 76,000* |
| K2 | 09 | All of Kashmir | 88,000 | 84,000* |
| NZ | 10 | Bhutan ✈ | 99,000 | 95,000* |

*T & C Apply

Women's Day Special Offer*
Book from 7 to 9 March & Save Thousands!

Europe tour group booking special price.
Call experts! 91 6783 5005 / 91 6783 5003

9930 33 0066 | 1800 266 1100
Monday to Saturday 10 AM to 7 PM. Sunday 11AM to 6 PM
Mumbai 022-61744100 | Mahim 9167774978 | Vile Parle 7045 23 4545 | Borivali 022 69582200 | Vasai 7045 00 0031 | Thane 022-69721100 | Thane 9167835106 | Dombivali 7045 00 0041 | Vashi 022-69462222 | Chembur 7045 00 0091 | Pokharan Road 9619 24 6688 | Dombivali 9930 60 3313 | Kalyan 9820 81 8332 | Khadakpada 8879 63 5051 | Panvel 9769 92 3188 | Virar 9890 35 7785 | Alibag 9881 47 1477 | Palghar 8446605040 | Boisar 9869200253 | Badlapur 9650080108 | Bhiwandi, Ulhasnagar, Karjat
KESARI.in

# સંસ્થા સમાચાર

## પાળિયાદ જૈન સંઘમાં ૯ સંતો અને ૪૧ મહાસતીજીઓનું આગમનઃ દીક્ષાર્થીની ડ્રાયફ્રૂટ તુલા વિધિ

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ-પાળિયાદના આંગણે ૨૫ વર્ષે પૂર્વે આચાર્ય પૂ.નવીનચંદ્રજી મ.સા.ના સાંનિધ્યે યુવાપ્રેરક પૂ. જયેશચંદ્રજી મ.સા.ના ઉજવાયેલ દીક્ષા ઉત્સવ બાદ માતા જવનીકાબેન અને દીપકભાઈ ચંપકભાઈ માલવણીયાના સુપુત્ર દર્શનકુમાર ૧૯ વર્ષની વયે તા. ૨ને રવિવારે જૈનધર્મની દીક્ષા ગચ્છાધિપતિ પૂ. શૈલેષચંદ્રજી મ.સા.ના મુખે અંગીકાર કરશે.

આ દીક્ષા મહોત્સવની વિગત આપતા જે.એસ.એમ. પરિવારના યુવાનોએ જણાવેલ કે-દીક્ષાર્થી દર્શનકુમારની ડ્રાયફ્રૂટ તુલા વિધિ અને ભાઈ-બહેનની રક્ષાબંધન કાર્યક્રમમાં પૂ. જયેશચંદ્રજી મ.સા. ગોંડલ સંપ્રદાયના શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ.શ્રી ધીરગુરુદેવ તથા સંઘાણીના ગાદીપતિ પૂ. પંથકમુનિ મ.સા. ગોપાલના પૂ. દીપમુનિ મ.સા. કુલ ઠાણા-૯ સંતો તથા બોટાદના પૂ. સવિતાબાઈ મ.સ., આદિ, ગોંડલના ગુણીબાઈ મ.સ.આદિ, અજરામરના પૂ. આરાધનાજી મ.સ., ખંભાતના પૂ. નમ્રતાજી મ.સ. તપાગચ્છના શાસનધ્રુમા મહાસતીજી સહિત ૪૧ ઠાણાનું સ્વાગત કર્યું હતું.

પૂ.ધીરગુરુદેવે વિશાળ ધર્મસભાને સંબોધતા જણાવેલ કે- અન્નના અનાદરથી બચવા જમતી વખતે મૌન રાખવું સ્વાસ્થ્ય માટે લાભકારી છે.

અનેક ભાવિકોએ પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ. બપોરે દીક્ષાર્થીના ઉપકરણની સ્વસ્તિક વિધિ અને રાત્રે જિનશાસન કસુંબીનો રંગ- લોકડાયરો અભેસિંગ રાઠોડે રજૂ કરેલ.

આજે તા. ૦૧/૦૩/૨૫ને શનિવારે સવારે ૮.૩૦ કલાકે વરસીદાન શોભા યાત્રા, દાતા સન્માન અને સંયમ વંદના કાર્યક્રમ તેમજ બપોરે ૨.૩૦ કલાકે દીક્ષાર્થીની કોળિયાવિધિ અને રાત્રે ૮.૦૦ કલાકે આખરી અલવિદા કાર્યક્રમ યોજાશે.

પાળિયાદની ભૂમિમાંથી પૂ. જેચંદ્રજી મ.સા., આચાર્ય પૂ. નવીનચંદ્રજી મ.સા., પૂ. જયેશચંદ્રજી મા., પૂ. ગુણવંતીજી મ.સ.,પૂ. વસુમતીજી, પૂ. રંજનજી મ.સ., પૂ. સુશીલાજી મ.સ., પૂ. રક્ષાજી મ.સ., પૂ. રોશનીજી મ.સ., પૂ. ચાંદનીજી મ.સ., પૂ. સુપદ્માજી મ.સ. એ સંયમ અંગીકાર કરેલ છે.

તા. ૨ને રવિવારે સવારે ૮.૧૫ કલાકે, દીક્ષા શોભાયાત્રા અને ૯.૧૫ કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ થશે. ભાવિકોને દીક્ષા પ્રસંગે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.



## શ્રી ગોવર્ધનનાથજીનો પાટોત્સવ

ફોર્ટ સ્થિત શ્રી ગોવર્ધનનાથજીનો પાટોત્સવ આજે ૩૨, મોદી સ્ટ્રીટ, મુંબઈ ખાતે હર્ષોલ્લાસની સાથે ઊજવવામાં આવશે. સવારે ૧૧ કલાકે રાજભોગમાં તિલક થશે. તો સાંજે સાડા ચાર કલાકે શ્રી મંગલદાસભાઈ બાપોદરા અને સાથીઓ સંગાથે રસિયા અને ફૂલફાગનો મનોરથ પણ યોજવામાં આવશે. ■

# જંકશન-ટુ-જંકશન પદ્ધતિએ કૉંક્રીટીકરણનાં કામ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શહેરના અનેક વોર્ડમાં કૉંક્રીટાઈઝેશનને કારણે રસ્તાના કરવામાં આવેલા ખોદકામને કારણે રાહદારીઓની સાથે વાહનચાલકોને અગવડ પડી રહી છે.

દક્ષિણ મુંબઈના કોલાબા અને ફોર્ટ વિસ્તારમાં ફરિયાદો આવ્યા બાદ પાલિકા પ્રશાસને અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક બેરિકેડિંગ કરવા અને શક્ય હોય એટલી વધુ જગ્યા ટ્રાફિક માટે ખુલ્લી મૂકવાની સૂચના આપી છે, જેથી કરીને નાગરિકોને અગવડ ઓછી પડે.

પાલિકાએ ૪૩૩ કિલોમીટરના ૧,૧૭૩ રસ્તાઓનું કૉંક્રીટીકરણનું કામ કરી રહી છે, જેમાં પહેલા ફેઝમાં ૨૬૦ રસ્તાઓના કામ પૂરાં થયાં છે અને બીજા ફેઝમાં ૪૯૬ રસ્તાનું કામ ચાલી રહ્યું છે.

તેને પગલે પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે ગુરુવારે મધરાતે પશ્ચિમ ઉપનગરના અંધેરી અને મલાડમાં રોડ કૉંક્રીટીકરણના કામનું નિરીક્ષણ કર્યું હતું.

ગુરુવારે મધરાતે મલાડના રામચંદ્ર માર્ગ અને એવરશાઈન નગર રોડ તેમ જ અંધેરીમાં મોડલ ટાઉન માર્ગનું તેમણે ઈન્સ્પેક્શન કર્યું હતું.

આ દરમિયાન અભિજિત બાંગરે અધિકારીઓને સૂચના આપી હતી કે કૉંક્રીટાઈઝેશનનું કામ જંકશન-ટુ-જંકશન પદ્ધતિનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવે, જે એક જંકશનને બીજા જંકશન સાથે જોડતો હોય. જો આ કામ ૩૧ મે, ૨૦૨૫ સુધી પૂરું ન થાય તો ખોદકામ કરવું નહીં. ■

# બેસ્ટ બસના અકસ્માતમાં વૃદ્ધાનું કરુણ મોત

મુંબઈઃ મઝગાંવ વિસ્તારમાં બેસ્ટના બસના થયેલા અકસ્માતમાં એક વરિષ્ઠ નાગરિકનું મોત થયું હતું. બસ ડ્રાઇવરે બેદરકારી રીતે બસ ચલાવતા શુક્રવારે આ અકસ્માત થયો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. ભાયખલા પોલીસે બસ ડ્રાઇવરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. મઝગાંવમાં વૈશાલી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીની સામે આ અકસ્માત થયો હતો.

શુક્રવારે સવારે ૭.૫૫ કલાકે બનેલી આ ઘટનામાં મૃત્યુ પામેલા વૃદ્ધાની ઓળખ આસ્મા તૈયબ બાલી અન્સારી (૮૬) તરીકે કરાઇ હતી.

બેસ્ટના બસ ડ્રાઇવર દાદુ કૃષ્ણા આગીવાલે (૩૨) બેદરકારી રીતે બસ ચલાવી હોવાનું કહેવાઇ રહ્યું છે.

બસ બેકબે ડેપોથી પ્રબોધનકર ઠાકરે ઉદ્યાન તરફ જઇ રહી હતી. ગંતવ્ય આવ્યા બાદ વૃદ્ધા નીચે ઉતર્યા હતા અને બસની સામેથી રસ્તો ઓળંગવા જઇ રહ્યા હતા ત્યારે બસ ચાલુ થઇ જતા તેના આગળા ટાયર નીચે તેઓ આવી ગયા હતા. ■

# સર્બાનંદ સોનોવાલે વ્યવસાયના સરળીકરણ સાથે કાર્યક્ષમતા વધારવા માટે 'વન નેશન, વન પોર્ટ'નું અનાવરણ કર્યું



મુંબઈઃ ભારત દરિયાઈ સપ્તાહ મુંબઈમાં ૨૭થી ૩૧ ઓક્ટો. ૨૦૨૫ સુધી 'મેરીટાઈમ વિરાસત અને મેરીટાઈમ વિકાસ'ની ઉજવણી કરવા યોજાશે. બંદરો, શીપીંગ & જળમાર્ગના કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે ભારતના દરિયાઈ માળખાને આધુનિક બનાવવા, તેની વૈશ્વિક વ્યાપાર હાજરીને મજબૂત બનાવવા અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવાના હેતુથી પહેલોની શ્રૃંખલા શરૂ કરી છે. આ પહેલો અહીં દરિયાઈક્ષેત્ર માટે કેન્દ્રીય બજેટમાં કરવામાં આવેલી મુખ્ય જાહેરાતોમાંથી વિવિધ શક્યતાઓ પર ચર્ચા કરવા માટે હિતધારકોની બેઠક દરમ્યાન શરૂ કરવામાં આવી હતી. તેમણે ભારતના મુખ્ય બંદરોમાં કામગીરીને પ્રમાણિત અને સુવ્યવસ્થિત કરવા માટે ''વન નેશન, વન પોર્ટ'' પ્રક્રિયા (ONOP) પહેલ શરૂ કરી હતી જેનો ઉદ્દેશ્ય દસ્તાવેજીકરણ અને પ્રક્રિયાઓમાં રહેલી અસંગતતાને દૂર કરવાનો છે.■

છેલ્લા પાનાનું ચાલુ

## નરાધમ ૭૦ કલાકે

હતી. જોઇન્ટ પોલીસ કમિશનર રાજનકુમાર શર્માએ જણાવ્યું હતું કે ગુનો આચર્યા બાદ ગાડેએ પોતાનો મોબાઇલ બંધ કરી દીધો હતો. ગાડેને શોધવા માટે પોલીસની ૧૩ ટીમ કામે લાગી હતી. દરમિયાન પોલીસની ટીમ શિરુર તાલુકાના ગુણાટ ગામમાં પહોંચી હતી. મોડી રાતે ગાડે ઘરમાં ખોરાક-પાણી માગવા માટે આવ્યો હતો. ઘરમાં હાજર પરિચિતોને તેણે કહ્યું હતું કે 'મને પશ્ચાતાપ થઇ રહ્યો છે. મારે સરન્ડર થવું છે.' ઘરના લોકોએ તેને સમજાવ્યો હતો અને તેને પાણીની બોટલ પણ આપી હતી. દરમિયાન આની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને શોધ ચલાવ્યા બાદ આખરે તેને પકડી પાડ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પીડિત યુવતી મંગળવારે વહેલી સવારે સાતારા જિલ્લાના ફલટન ખાતે જવા માટે સ્વારગેટ બસ સ્ટેશન પર બસની રાહ જોતી ઊભી હતી ત્યારે આરોપી તેની પાસે આવ્યો હતો અને તેણે યુવતીને દીદી કહીને બોલાવી હતી. સાતારા માટેની બસ અન્ય પ્લેટફોર્મ પર આવી હોવાનું કહી તે યુવકીના નજીકમાં પાર્ક કરાયેલી શિવશાહીની એસી બસમાં લઇ ગયો હતો, જ્યાં તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ ઘટના બાદ પીડિતાએ ફલટન જવા માટે બસ પકડી હતી અને પ્રવાસ દરમિયાન તેણે મિત્રને તમામ હકીકત જણાવી હતી. મિત્રની સલાહ બાદ તે બસમાંથી ઊતરી ગઇ હતી અને ફરિયાદ નોંધાવવા પોલીસ પાસે પહોંચી હતી.

### જનપ્રતિનિધિએ સંવેદનશીલતા સાથે બોલવું જોઇએ

રાજ્યના ગૃહરાજ્યપ્રધાન યોગેશ કદમ અને સંજય સાવકરેના બફાટને કારણે મહાયુતિ સરકારની મુશ્કેલી વધી શકે છે. બંને પ્રધાનો દ્વારા કરવામાં આવેલાં નિવેદન બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ યોગેશ કદમને સંવેદનશીલતાથી બોલવાની સલાહ આપી હતી.

યોગેશ કદમે કરેલા નિવેદન બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કદમને ઠપકો આપતાં જણાવ્યું હતું કે પ્રતિનિધિઓએ સંવેદનશીલતાથી બોલવું જોઇએ. જોકે કદમ જે રીતે કહેવાનો પ્રયાસ કરી રહ્યા હતા એને ખોટી રીતે દર્શાવવામાં આવ્યું છે.

જોકે હું તેમને કહીશ કે કંઇ પણ બોલવું હોય તો સમજદારીપૂર્વક બોલવું. એક તરફ સ્વારગેટની ઘટનાને કારણે સરકાર ભીંસમાં મુકાઈ છે ત્યારે બીજી બાજુ ગૃહ રાજ્યપ્રધાન યોગેશ કદમે સ્વારગેટ બસસ્ટેન્ડની મુલાકાત લીધી હતી અને તેમણે એ સમયે એવું નિવેદન આપ્યું હતું કે યુવતીએ ચીસો ન પાડી એટલે બળાત્કાર થયો હતો. તેમના આ નિવેદનને કારણે રાજ્ય આખામાં રોષ ભભૂક્યો છે. વિપક્ષે આ નિવેદનને કારણે સરકાર પર પ્રહાર કર્યો હતો. આને કારણે દેવેન્દ્ર ફડણવીસે યોગેશ કદમને ઠપકો આપ્યો હતો.

### શું કહ્યું હતું કદમે ?

એક વિકૃત માનસિકતા ધરાવતો માણસ ડેપોમાં એક સ્ત્રી સાથે મીઠી વાતો કરે છે. બે-ચાર મિનિટ સુધી તેનું બ્રેન વોશ કરે છે. અને પછી શું થયું એ આપણે જાણીએ છીએ. ત્યાં કોઇ ઝઘડો ન થયો કે દલીલ ન થઇ, કોઈ બળજબરી પણ નહીં કે કોઈ લડાઈ પણ ન થઇ. આરોપીને કસ્ટડીમાં લીધા પછી જ સત્ય હકીકત બહાર આવશે.

### વડેટ્ટીવારનો પ્રહાર

યોગેશ કદમ અને સંજય સાવકરેને મુખ્ય પ્રધાને પાઠ ભણાવવો જોઇએ. બંને પર કાર્યવાહી થવી જોઇએ એવી માગણી વિજય વડેટ્ટીવારે કરી હતી. કદમ યુવતીને ખોટી ઠેરવવા માગે છે કે શું? પીડિત યુવતીને આરોપી બનાવવા માગે છે કદમ. આ ભૂમિકા કદમની છે કે પછી સરકારની એ સ્પષ્ટ કરવું જોઇએ.

### આવાને તો રસ્તાની વચ્ચોવચ મારવા જોઈએઃ સંજય રાઉત

બળાત્કાર શાંતિપૂર્વક ચાલી રહ્યો હતો, એવું નિવેદન કરનારા ગૃહપ્રધાન યોગેશ કદમ પર ઠાકરે જૂથના નેતા સંજય રાઉત રોષે ભરાયા હતા. તેમણે કહ્યું હતું કે શું કોઇ મહિલા કે યુવતી પર થયેલા બળાત્કારની ઘટનાને સામાન્ય ગણવી જોઇએ. યુવતીએ બળાત્કાર થઇ રહ્યો હતો ત્યારે સ્ટ્રગલ કેમ ન કરી. આવું કથન કરનારા લોકોને તો જાહેરમાં મારવા જોઇએ. બીજી બાજુ સંજય સાવકરે પણ આવી ઘટનાઓ મોટાં શહેરોમાં બનતી રહેતી હોય છે, એવું કહ્યું હતું. જો આવા અસંવેદનશીલ લોકો પ્રધાનમંડળમાં હોય તો ફડણવીસે તેઓનાં રાજીનામાં લઇ લેવાં જોઇએ, એવું રાઉતે જણાવ્યું હતું. ■

## દત્તા ગાડે

હતો. આરોપી મળી આવ્યો હોવાનું પોલીસને લાગતું હતું. જોકે તે દત્તા નહીં, પણ તેનો ભાઇ હોવાનું પોલીસને બાદમાં જાણવા મળ્યું હતું. દત્તા અને તેનો ભાઇ એકસરખા દેખાય છે. દત્તાના ભાઇએ પોલીસને કહ્યું હતું કે હું દત્તા નથી. મારો ભાઇ મારા જેવો દેખાય છે. પોલીસે દત્તાના ભાઇને પૂછપરછ કર્યા બાદ છોડી દીધો હતો.

ગુનો આચર્યા બાદ ફરાર થયેલા દત્તા ગાડે વિશે માહિતી આપનારને એક લાખ રૂપિયાનું ઇનામ આપવાની પોલીસે જાહેરાત કરી હતી. હવે ગામની જે વ્યક્તિએ ગાડેની માહિતી આપી તેને ઇનામ આપવામાં આવશે, એમ પોલીસે કહ્યું હતું. ■

## ટેક્નોલોજીએ પકડાવ્યો

વાતની પુષ્ટિ કરી નહોતી કે મંગળવારે સવારે ગુનો આચર્યા બાદ આરોપી ગાડેએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આરોપી છુપાઇ ગયો હતો અને પોલીસે અલગ-અલગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેને શોધી કાઢ્યો હતો. પોલીસ કમિશનરે કેટલીક માહિતી શૅર કરી છે, પણ એ માહિતી હાલ શૅર કરવી યોગ્ય નથી. યોગ્ય તબક્કે તે મીડિયા સુધી પહોંચશે, એમ પણ ફડણવીસે કહ્યું હતું. (પીટીઆઇ) ■

## બે મહિનાથી શિકારની

કોઈ શિકાર શોધતો હતો. તેના મોબાઇલના છેલ્લા બે મહિનાના રેકોર્ડ પરથી આ બાબત જાણવા મળી છે. દિવસભર ગામમાં રહીને રાત્રે શિવાજીનગર, શિરૂર, સ્વારગેટ એસટી સ્ટેન્ડ પર જઇને મહિલાઓની શોધ લેતો હતો, એવું તેણે કબૂલ્યું છે.

આ અગાઉ પણ પોલીસે જાન્યુઆરી મહિનામાં તેની મોબાઇલ ચોરીની શંકાના આધારે સ્વારગેટ સ્ટેન્ડ પર ધરપકડ કરી હતી. અગાઉ પણ તેણે ઘણી મહિલાઓ પર અત્યાચાર ગુજાર્યો હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી હતી. ઘણી મહિલા સાથે સારા સંબંધ કેળવીને તેમની પાસેથી મોબાઇલ નંબર એક્સચેન્જ કર્યા હોવાનું પણ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. ■

## ગાડેએ આત્મહત્યાનો

લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રસ્સી તૂટી પડવાને કારણે તે બચી ગયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીની મેડિકલ તપાસ કરાઇ હતી ત્યારે તેના ગળા પર અમુક ડાઘ જોવા મળ્યા હતા ત્યારે તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું કબૂલ્યું હતું. રસ્સી તૂટી ગઇ અને લોકોએ આવીને બચાવ્યો એમ આરોપીનું કહેવું છે, પરંતુ આ અંગે ઘટનાસ્થળે જઇને તપાસ કરાશે, એમ પોલીસ કમિશનરે પત્રકારોને જણાવ્યું હતું. ■

## પીડિતાએ સહમતીથી

બાંધ્યા હતા. આરોપીના વકીલે જણાવ્યું હતું કે આ ઘટના બાદ બંને જણ વ્યવસ્થિત બસમાંથી ઊતર્યાં હતાં. આરોપી બાદમાં ત્યાંથી જતો રહ્યો હતો, જ્યારે પીડિતા બીજી બસ તરફ ગઇ હતી. આ સીસીટીવી ફૂટેજમાં નજરે પડે છે. બીજી તરફ ઊંડી તપાસ માટે આરોપીની પોલીસ કસ્ટડીની માગણી સરકારી વકીલે કરી હતી. બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને ૧૨ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. ■

# જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પીપળવા નિવાસી હાલ આકોલા સ્વ. ચીમનલાલ ધીરજલાલ બીલખીયાના ધર્મપત્ની તથા સ્વ. મંગળાબેન ચીમનલાલ ગોડાના સુપુત્રી રેખાબેન ચીમનલાલ બીલખીયા (ઉં. વ. ૭૬) તે સચીનભાઈ-જીગરભાઈ, રૂપાબેન-સીમ્પલબેનના માતુશ્રી. દીપાબેન-હેમલબેન તથા અમીતભાઈ શાહ અને સમીરભાઈ લાખાણીના સાસુ તથા વીરમ, જૈનમ, જીયા, ભાવી, સલોની અને યશના દાદી/નાની તા. ૨૮-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૫ના રવિવારે રાખેલ છે. 'ચક્ષુદાન કરેલ છે.' સ્થળ અને સમય- સંઘવીવાડી, આકોલા. સવારે ૧૧ થી ૧૨.૩૦.

**વિશા પોરવાડ પટા ગોરવાડ ખૂણી જ્ઞાતિ જૈન**

સુરત નિવાસી હાલ મીરારોડ-મુંબઇ સ્વ. ભારતીબેન નલીનકાંત શાહનાં પુત્ર નિરેન (ઉં. વ. ૫૮) તે શ્રેયાબેનનાં પતિ. સોહમ-રિદ્ધિનાં પિતાશ્રી. સુમીત્રાબેન રતીલાલ શાહનાં જમાઇ. તે મીતાબેન બનવારીજી પોદાર અને રીનાબેન તુષારભાઇ શાહનાં ભાઇ. તા. ૨૫-૨-૨૫નાં અરિહંતશરણ પામ્યા છે. તેમનું બેસણું તા. ૧-૩-૨૫ના શનિવારના રોજ રાખેલ છે. ઠે. બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર, ૧લે માળે, મીરારોડ (ઇસ્ટ), સાંજે ૩થી ૪.૩૦.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના મણીબેન ભવાનજી વોરા (ઉં.વ. ૮૭) ૨૭-૨ના દેવલોક ગમન થયા છે. મણીબાઈ વીરજી વોરાના પુત્રવધૂ. ભવાનજીભાઈના ધર્મપત્ની. ગીરીશ, નીતીન, જ્યોતિ (જાગૃતિ)ના માતુશ્રી. બિદડાના ઉમરબાઈ ઘેલા માડણના સુપુત્રી. પાનબાઈ, ગાંગબાઈ, દામજી, હીરબાઈ, વેલબાઈ, ડુંગરશીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. ગીરીશ વોરા, ૨૦૩, હીલા એપાર્ટમેન્ટ, માર્વે રોડ, આદર્શ હોસ્પીટલની સામે, મલાડ (વેસ્ટ).

શેરડીના વસનજી હરીયા (ઉં.વ. ૭૯) તા. ૨૫-૨-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન હીરજીના પુત્ર. મઠીબાઈના પતિ. પ્રદિપ, ડેઇઝીના પિતા. વલ્લભજી, હેમલતાના ભાઇ. શેરડી દેવકાબેન દેવશી ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રદિપ હરીયા, એ-૩૦૧, પ્રેમ વિષ્ણુ, ચાફેકર બંધુ રોડ, મુલુંડ (ઈ).

બાડાના અ.સૌ. પાનબાઈ ખેતશી ગડા (ઉં.વ. ૮૫) તા. ૨૭-૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. ખેતશી પુંજાભાઈના ધર્મપત્ની. દેવકાબાઈ પુંજાભાઈ લધાના પુત્રવધૂ. ભાવના, દર્શનાના માતુશ્રી. વિઢના કસ્તુરબેન પ્રેમજી માવજીના સુપુત્રી. ટોકરશી, ચુનીલાલ, દિવાળીબેન રતીલાલ ભાણજી, ધનવંતીબેન ધનજી હીરજીના બેન. પ્રા. સુમતિનાથ જિનાલય, ગુજરાત કલબની બાજુમાં, માટુંગા (સે.રે.) ટા. ૩.૩૦ થી ૫.

વડાલાના રાજેશ શાંતિલાલ ગાલા (ઉં.વ. ૫૧) તા. ૨૬-૨-૨૫ના અવસાન પામેલ છે. ચંચળબેન શાંતિલાલના પુત્ર. બીનાના પતિ. વૃતિકા, ટીશાના પિતા. કસ્તુરબેન કાંતિલાલ, બાડા કસ્તુરબેન શામજી ઠાકરશીના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, લોહાણા મહાજનવાડીની સામે, કાંદિવલી (વે), મું-૬૭. ટા.૩ થી ૪.૩૦.

**વિશા નિમા જૈન**

કપડવંજ હાલ ચર્ચગેટ, ડૉ. ઉદયન કાંતિલાલ શંકરલાલ પરીખ (ઉં.વ. ૮૬) તા. ૨૭-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કરુણાબેનના પતિ. શ્રેણિક, નિમિષ તથા નમિતાના પિતા. આરતી, અમિતા તથા પરેશના સસરા. સ્વ. અરુણાબેન, ઊર્મિલાબેન અને વિધ્યુતના ભાઈ. સાસરાપક્ષે સ્વ. માયાબેન ચીમનલાલ પરીખના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. સહકાર બિલ્ડિંગ, બ્લોક નં. ૧, ૩૧ બી રોડ, ચર્ચગેટ, મુંબઈ ૨૦.

**ઝાલાવાડી સ્થા. દિગંબર જૈન**

પ.પૂ ગુરુદેવશ્રી કાનજી સ્વામીના ભાણેજ, સ્વ. અંજવાળીબેન ચુનીલાલ હરિચંદ શાહના દીકરી નયનાબેન (ઉં.વ. ૭૫) તે બરવાળા ઘેલશા હાલ મલાડ સ્વ. આઝાદભાઈ હરગોવિંદદાસ ડેલીવાળાના ધર્મપત્ની. ભાવેશના માતુશ્રી. ધરાના સાસુ તે ૨૭/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

માંગરોળ હાલ કાંદિવલી, સ્વ. રમેશચંદ્ર હરિલાલ રવજીભાઈ કામદાર (ઉં.વ. ૭૭) સ્વ. રામજીભાઈ બાવીશીના જમાઈ. નલિનીબેનના પતિ. બીરેનના પિતા. અલ્પાના સસરા. સ્વ. સુરેશભાઈ, ભરતભાઈ, નીરુબેન કાંતિલાલ શેઠ, સ્વ. હંસાબેન નરેન્દ્રભાઈ શાહના ભાઈ ૨૬/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ હાલ કાંદિવલી, અ.સૌ. તરૂણાબેન હર્ષવદન શાહ (ઉં.વ. ૭૫) તે મોહનલાલ હરખચંદ શાહના પુત્રવધૂ. પિયરપક્ષે દિવાળીબેન કેશવલાલ શાહના દીકરી. મુનીશ્રી હિતપ્રેમ વિજયજીના સાંસારિક શ્રાવિકા તથા મુની જ્ઞાનપ્રેમ વિ, રોનકબેન કેતનકુમાર સંઘવીના માતુશ્રી. નલિનીબેન ધનસુખલાલ સંઘવીના વેવાણ. પારસ તથા દર્શનના નાની ૨૮/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ હાલ પવઈ, નીતિનભાઈ ભરવાડાના ધર્મપત્ની અ.સૌ. નીતાબેન (ઉં.વ. ૬૭) તા. ૨૬/૨/૨૫ બુધવારના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. જ્યોત્સ્નાબેન રસિકલાલ ભરવાડાના પુત્રવધૂ. સ્વ. પુષ્પાબેન શાંતિલાલ ભાયાણીના દીકરી. યશોષ નિધિ પ્રેક્ષાના માતુશ્રી. અ.સૌ. સ્નેહા, મોહિત સુરેશભાઈના સાસુજી. અ.સૌ. માધવી વિપુલભાઈ, અ.સૌ. નયનાબેન દીપકભાઈ મેહતા, અ.સૌ. સ્વાતિબેન (ગીતા) ચેતનભાઈ મેહતાના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૫ રવિવારના ૯.૩૦ થી ૧૧.૦૦. સત્યમ બેન્કવેટ હોલ, જે.વી.એલ.આર. પંચકૂટિર, મીની પંજાબ, પવઈ, મું.૭૬

# હિન્દુ મરણ

માતુશ્રી ગં.સ્વ. નયનાબેન રમેશભાઈ રાજદેવ તા. ૨૭-૨-૨૫ને ગુરુવારના સ્વર્ગવાસ થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તા. ૧-૩-૨૫ને શનિવારના ૫.૩૦. સ્થળઃ સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક મેઈન રોડ, રામકૃપા ડેરી સામેના રોડ, યુનિવર્સિટી રોડ, રાજકોટ.

**મચ્છુકઢિયા સઈ સુતાર**

મૂળ ગામ જેતપુર હાલ માટુંગા (ઈ) નિવાસી સ્વ. કિશોરભાઈ પ્રાગજીભાઈ ગોહિલના ધર્મપત્ની ગં.સ્વ. વનીતાબેન ગોહિલ (ઉં. વ. ૮૦) તે તા. ૨૮-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અમૃતલાલ કાનજી પરમારના પુત્રી. તે સ્વ. રતીલાલ પ્રાગજીભાઈ ગોહિલના ભાભી. તે દિપેશ કિશોરભાઈ ગોહિલ, ભાવનાબેન મહેન્દ્રભાઈ ચૌહાણ, સંગીતાબેન સુનીલભાઈ સાંચલા, દર્શનાબેન દિપકભાઈ શાહના માતુશ્રી. કુંદનબેનના સાસુ. જાન્હવી-ગોપીના દાદી. પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ના ૪ થી ૬. ઠે. માતુશ્રી વેલબાઈ સભાગૃહ, નપ્પુહોલ પાસે, માટુંગા (સે.રેલવે).

**ચિંચણ તારાપુર ઘોઘારી દશા પોરવાડ વણિક**

વિનોદ શાહ (ગોકુલપુરી) (ઉં. વ. ૯૪) તે સ્વ. નિરૂપમાબેનના પતિ. સ્વ. બનુબેન નગીનદાસ શાહના સુપુત્ર. સ્વ. પરભાવતિબેન, સ્વ. નટવરલાલ, સ્વ. ચંપકલાલ, સ્વ. કપિલાબેન, સ્વ. કમળાબેન, સ્વ. જયવદન, સ્વ. પન્નાબેન, સ્વ. મનોરમાબેન (છન્નાબેન)ના ભાઈ. તે ગં.સ્વ. અનુસીયાબેનના દિયેર. તે નિલમ શરાફ, સ્વ. ભરત શાહ, મુકેશ શાહ, રૂપા શ્રોફ, વંદના કોઠારીના કાકા. યશ, શિવાની, પિન્કી, હર્ષ ગાર્ગી, કલ્યાણી તથા રીન્કુના દાદા તા. ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઘરનું ઠેકાણુંઃ ઈ/૪૨૧, ઈ/૨ હાઈવે પાર્ક સો., ઠાકુર કોનબેઝ, કાંદિવલી (ઈસ્ટ).

**કપોળ**

જાફરાબાદવાળા હાલ મુંબઈ સ્થિત સ્વ. જ્યાલક્ષ્મી ડો. હરગોવીન્દદાસ ત્રિભોવનદાસ મહેતાના દીકરી ડો. પ્રેમીલા હીરેન વોરા (ઉં. વ. ૮૦) તે સ્વ. હર્ષદભાઈ, ડો. ચંદ્રકાન્તભાઈ, સ્વ. ડો. મહેન્દ્રભાઈ, પ્રો. અશ્વિનભાઈ, ભરતભાઈના બહેન. મીનાક્ષીબેન, સરલાબેન, ડો. રમીલાબેન, ભારતીબેન, દક્ષાબેનના નણંદ ગુરુવાર, તા. ૨૭-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ભરૂચ મોઢ વણિક**

ચંદનબેન ખુંદાવાલા (ઉં. વ. ૭૭) મૂળ ગામ ભરૂચ, હાલ બોરીવલી તે સ્વ. નાગજીભાઈ ખુંદાવાલાના ધર્મપત્ની. અલ્પેશ તથા આશિષના માતુશ્રી. મનીષા તથા કુંજનના સાસુ. મોહક અને ધૈર્યના દાદી ગુરુવાર, તા. ૨૭-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨-૩-૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હોલ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી ભાટિયા**

અ.સૌ. લીનાબેન (ઇંદુ) (ઉં. વ. ૬૫) તે કેતન રણછોડદાસ આશરના ધર્મપત્ની. જીનલના માતુશ્રી. ગં.સ્વ. રેખાબેન રણછોડદાસ જયરામ આશરના પુત્રવધૂ તા. ૨૭-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. અ.સૌ. કોકિલાબેન કરસનદાસ જેઠમલ ભાટિયાની પુત્રી (માટુંગા). પલ્લવી સુશીલ હમલાઈ, છાયા મિતેશ મહેતા તથા પરાગના ભાભી. બીજલના દેરાણી. સ્વ. સુરેશભાઈ, હરેશ, પ્રદીપ, પ્રકાશ, હરેન્દ્ર, હેમંત તથા પંકજના બેન. પ્રાર્થનાસભા ઠઠાઈ ભાટિયા હોલ, ફતેચંદ શેવરામ નગર, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ, તા. ૧-૩-૨૫ના ૫ થી ૬.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. શાંતાબેન ખેરાજ લક્ષ્મીદાસ ધીરાવાણી (ઉં. વ. ૯૬) કચ્છ ગામ કોઠારા હાલે ડોંબિવલી તા. ૨૭-૨-૨૫ના રામશરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી હાલ મિરારોડ, સ્વ. વિમલાબેન લક્ષ્મીપ્રસાદ મોહનલાલ મહેતાના પુત્ર આશિષભાઈ (ઉં.વ. ૭૩) મેઘા (મીના)બેનના પતિ. હસ્તી તથા ડોલીના પિતા. ચિંતન અતુલભાઈના શાહના સસરા. સ્વ. દિપકભાઈ, મીરાબેન મિલન શાહ તથા રાજનભાઈના ભાઈ. સ્વ. કાંતાબેન જયચંદ ભાયાણીના જમાઈ તા. ૨૮-૨-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

સાણંદ નિવાસી હાલ ભાંડુપ (વે) વિનોદચંદ્ર શાહ (ઉં.વ. ૮૩) તે સ્વ. શાંતાબેન સોમચંદ શાહના સુપુત્ર રવિવાર, ૨૩-૨-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. સુમનબેનના પતિ. નિમેશ, સમીર અને વૈશાલીના પિતા. હિતેશ શાહ, સપના અને ઉર્વીના સસરા. સ્વ. અમૃતલાલ, સ્વ. ભોગીલાલ, સ્વ. લક્ષ્મીચંદના ભાઈ. સ્વ. કમળાબેન જીવરાજ બારભાયાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલીતાણા હાલ ડોમ્બિવલી, દિઓરા મગનલાલ જેચંદના સુપુત્ર નગીનદાસના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૭૮) ૨૮-૨-૨૫ને અરિહંતશરણ પામેલ છે. તે અ.સૌ. સ્મિતાબેન યોગેશકુમાર હરિજવાળા, પ્રફુલભાઈ, આશિષભાઈના માતુશ્રી. અ.સૌ. તૃપ્તિબેન, અ.સૌ. વૈશાલીબેનના સાસુ. મહુવા નિવાસી નાગરદાસ હઠીચંદ લખાણીના દિકરી. વેવાઈ પક્ષે શાહ કાંતિલાલ મૂળજીભાઈ, શાહ નવનીતરાય ભીમજીભાઈ, નગીનદાસ ખુશાલ દાસ પેછેગામવાળા. ૨૦૬ જે એમ વિલા, મુકરજી રોડ, સી.કે.પી. હોલ પાસે, ડોમ્બિવલી ઇ.

# પારસી મરણ

નરગીશ અરદેશર નરીમન તે મરહુમો ફ્રેની ને અરદેશીર નરીમનના દીકરી. તે મરહુમો રોશન પેમાસ્ટર ને સાયરસ નરીમનના બહેન. તે જમશેદ પેમાસ્ટરના માસી. તે હુફરીશ ને નેવીલ નરીમનના ફુઈ. તે મરહુમ નાજુ નરીમનના નરન. તે દીનશા પેમાસ્ટરના સાલી. (ઉં. વ. ૯૭) રે.ઠે. ૭૧૧/૭૧૨, વીર મહલ, સી એચ એસ, ડો. બી.એ. રોડ, ભારતમાતા સીનેમાની સામે, લાલબાગ, મુંબઈ ૪૦૦ ૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૧-૦૩-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે લાલબાગ અગ્યારી, મુંબઈ.

પામેલ છે. તે સ્વ. જમનાબેન ભવાનજીભાઈ ભીંડે ગામ વાંકી પત્રીના પુત્રી. રમણિકભાઈ ભવાનજીભાઈ, પ્રવિણભાઈ ભવાનજીભાઈ, ત્રિવેણીબેન નારાયણજીભાઈ, પુષ્પાબેન (બબીબેન) તુલસીદાસ સોનાઘેલાના મોટા બહેન. રમેશભાઈ, જગદીશભાઈ, અતુલભાઈ, જીતેન્દ્રભાઈ, સ્વ. મંદાકિનીબેન રવિલાલ, ઉષાબેન પ્રસન્નચંદ, યોગીનીબેન હરિશકુમાર, રશ્મિબેન મનિષકુમાર, મનિષાબેનના માતુશ્રી. સ્વ. જેઠમલભાઈ લક્ષ્મીદાસ, સ્વ. તુલસીદાસ લક્ષ્મીદાસ, સ્વ. રૂક્ષ્મણીબેન જાદવજીભાઈ પલણના ભાભી. તે નરેન્દ્ર રમેશભાઈ, ઉર્મીબેન હિતેશકુમાર કોઠારી, શેરીલ અર્જુનકુમારના દાદીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ શનિવારે ૫.૩૦ થી ૭. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ વિલેપાર્લે સ્વ. કમળાબેન નારણદાસ ગોરડીયાના પુત્ર નલિન (ઉં. વ. ૮૭) ગુરુવાર તા. ૨૭-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રિતીબેનના પતિ. દર્શના, સૂરજ ભલ્લા તથા પ્રિયા ગોરડીયાના પિતા. જૂનાગઢ નિવાસી સ્વ. અમૃતલાલ નાગજી વખારિયાના જમાઇ. તે પરમાણંદભાઇ, નરોત્તમદાસભાઇ, મંજુલાબેન, જયાબેન, જશુબેનના નાના ભાઇ. ચેતન નરોત્તમદાસ ગોરડીયાના કાકા. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧-૩-૨૫ના ૪થી ૬. ઠે. આઇએમએ હોલ (ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન), જે.વી.પી.ડી. ગ્રાઉન્ડની સામે, જુહુ, વિલેપાર્લે.

**કપોળ**

તરેડવાળા, સ્વ. પ્રભાબેન નાગરદાસ રૂગનાથ સંઘવીના પુત્ર ભરતભાઈ (ઉં.વ. ૭૩) હાલ બોરીવલીના ૨૭/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભારતીબેનના પતિ. હેમંત તથા અમીના પિતા. પ્રવીણ, જયેશ, નયના જીતેન બુસાના ભાઈ. સાસરાપક્ષે સ્વ. જીવકોરબેન મોહનલાલ પારેખના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાંચાલ મિસ્ત્રી**

ઉદવાડા હાલ બોરીવલી, સ્વ. ચંચળબેન ભગવાનદાસ મિસ્ત્રીના પુત્ર મહેશભાઈ મિસ્ત્રી (ઉં.વ. ૬૫) ૨૭/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જીગીષાના પતિ. શીતલ નૈનેશ તથા હેતલ વિજયના પિતા. સ્વ. ભૂપેન તથા અતુલના મોટાભાઈ. સ્વ. હેમાબેન ચંદ્રવદન શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૧/૩/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા. જૈન સંઘ, (સર્વોદય હોલ) ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**નવગામ દશાદિશાવાળ**

સિધ્ધપુર હાલ દહીંસર, જ્યોત્સનાબેન પ્રમોદભાઈ શાહ (ઉં.વ. ૭૧) સોમવાર, તા. ૨૪/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જીવીબેન સોમાભાઈ પરીખની દિકરી. સ્વ. પદમાબેન કાંતિલાલ શેઠની પુત્રવધૂ. પ્રમોદભાઈ કાંતિલાલ શાહના ધર્મપત્ની. અ.સૌ. અમી, અ.સૌ. મોનાની મમ્મી. મેહુલકુમાર તથા પ્રણવકુમારની સાસુમા.

**નવગામ વિશા દિશાવાળ**

માણસા હાલ પાલઘર, સ્વ. ચીનુભાઇ નાથાલાલ પરીખના ધર્મપત્ની ગં.સ્વ. પદમાબેન (ઉં.વ. ૮૩) સોમવાર તા. ૨૪/૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે બંકીમ, કમલેશ તથા હરીશના માતુશ્રી. સ્વ. તૃપ્તિબેન, અં.સૌ. સંગીતાબેન, અં.સૌ. મીનલબેનના સાસુ. સૌરભ, ડૉ. પાર્થ, ડૉ. ધ્રુવ, શુભના દાદી. અં.સૌ. મૈત્રી, ડૉ. નિલાંજનાના દાદીસાસુ. પિયરપક્ષ સ્વ. કનૈયાલાલ વિઠ્ઠલદાસ ગાંધી પાનસર ઝુલાસણના બહેન. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨/૩/૨૫ના ૫.૦૦.થી ૭.૦૦. જગમોહનદાસ મેમોરિયલ હોલ એન.એલ. હાઇસ્કૂલ હોલ, એસ.વી. રોડ, મલાડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ જેતપુર હાલ ગોરેગામ, રમેશભાઈ કાંતિલાલ કારેલીયા (ઉં.વ. ૬૫) તા. ૨૬/૨/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. કાંતિલાલ ભગવાનજી કારેલીયા તથા સ્વ. સવિતાબેનના દીકરા. નટુભાઈ, છોટુભાઈ, સ્વ. નરેશભાઈ, મીનાબેન રાકેશ ભટ્ટના ભાઈ. જ્યોત્સનાબેનના પતિ. કોમલ સુનિલ બાફનાના પિતા. સ્વ. લક્ષ્મીકાંત લાલજી મકવાણાના જમાઈ. સાદડી સોમવાર, તા. ૩-૩-૨૫ના ૪ થી ૬. લુહાર સુતાર વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, અંબાજી ટેમ્પલ સામે, બોરીવલી (ઈ).

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

હાલ અંધેરી, ગં.સ્વ. અરવિંદાબેન શાહ (ઉં.વ. ૯૩) સ્વ. કાંતિલાલ ગફૂરભાઇ શાહના પત્ની. સ્વ. ઠાકોરલાલ અંબાલાલ પટવાની પુત્રી. સ્વ. કિશોરચંદ્ર, સ્વ. મહેન્દ્રભાઈ, જ્યોત્સનાબેનના બહેન. રોહિત, ઉમેશ, નીલા, જયશ્રી, મયુરી અને સંગીતાની માતા. જ્યોતિ, નલિની, પ્રદીપકુમાર, મનુભાઈ, ઇન્દ્રવદનભાઈ અને મહેશકુમારના સાસુ. જીગર-બિંદીતા, સુશાંત, માનવ અને મલ્લિકાના દાદી તા. ૨૬/૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨/૩/૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. એમવીએમ સ્કુલ હોલ, બીજે માળે, વિરા દેસાઈ રોડ, અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કાનમ લેઉઆ પાટીદાર**

વિરાર, નિવાસી શૈલેષભાઈ રણછોડભાઈ પટેલના ધર્મપત્ની શુશીલાબેન (ઉં.વ. ૭૬) તા. ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મીનેશભાઈ, પ્રતિમાબેન અને કિન્નરીબેનના માતા. પ્રીતિષાબેન, ભદ્રેશભાઈ અને જતીનભાઈના સાસુ. પિયરપક્ષે સ્વ. ચંચળબેન જેસંગભાઈ પટેલના દીકરી. બેસણું તા. ૨-૩-૨૫ના રવિવાર ૪ થી ૬. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ધીમહી બેન્કવેટ હોલની બાજુમાં, ઓલ્ડ વિવા કોલેજ રોડ, વિરાર વેસ્ટ.

**ગણદેવી વિસાલાડ વણિક**

આશાબેન અજીતકુમાર શાહ (ઉં.વ. ૭૯) તે સ્વ. અજીતકુમાર મોહનલાલ શાહના પત્ની. સ્વ. સરસ્વતીબેન તથા સ્વ. કૃષ્ણકાંતભાઇ શાહના દિકરી. બીરેનના મમ્મી. ડૉક્ટર રીનાના સાસુજી. મેઘા - વેદાંતના દાદી, ગુરવાર, ૨૭ ફેબ્રુઆરીના શ્રીજીચરણ પામ્યા છે. અંતિમયાત્રા શનિવાર ૧ માર્ચના ૧૨ વાગે. ૮/૧૬, અજંટા અપાર્ટમેન્ટ, ગવર્નર ગેટની સામે, વાલકેશ્વર રોડ. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



# ગમગીનીએ આપી ગઝલ ગઝલે બક્ષી કામયાબી !

**ગયા વર્ષે ૨૦૨૪ની ૨૬ ફેબ્રુઆરીએ પોતાના શ્વાસની અને પોતાની ગઝલ દુનિયા સંકેલી લીધી એવા ખ્યાતનામ ગાયક પંકજ ઉધાસની જીવનગઝલ... એમણે અનેક અજાણી વાત મમળાવી હતી એવી આ દીર્ઘ મુલાકાતની એક ઝલક....**

મુલાકાત
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

*'મઝા લેના હૈ પીને કા તો કમ કમ ધીરે ધીરે પી...'*

ઢળતી મધરાતે એક નશીલો સ્વર મારા ટેપરેકોર્ડર પર ગુંજે છે. સ્વર જાણીતો છે... પંકજ ઉધાસનો! ગીત જાણીતું છે સ્વર્ગસ્થ કવિ શેખાદમ આબુવાલાનું, પણ એ ગીતના શબ્દો અને ગાયકીનું મિશ્રણ વધુ માદક છે. વ્હિસ્કીનું ટીપું સપનામાંય ચાખ્યું ન હોય એને પણ બે-ત્રણ પેગની મદહોશીમાં ખેંચી જાય એવું માદક!

ગઝલ ગાયકીમાં લોકપ્રિયતાની દૃષ્ટિએ અમિતાભ બચ્ચન જેવા મેગા સ્ટાર પુરવાર થનારા એવા ગુજરાતી ગાયક પંકજ ઉધાસની મુલાકાત લેવા બેસો ત્યારે તમારે ઉપરોક્ત ગઝલ જ ધ્યાનમાં રાખવી પડે :

'મઝા લેના હૈ પીને કા તો કમ કમ, ધીરે ધીરે પી!'

ઈન્સ્ટન્ટ કોફી જેવા ઉભડક ઈન્ટરવ્યૂ લેવા પંકજ પાસે જનારે નિરાશ જ થવું પડે. બરાબર પૂરતો સમય લઈ બેઠક જમાવો

તો જ મુલાકાતની મહેફિલનો ખરો માહોલ જામે!

પંકજ ઉધાસ સાથેની મારી પ્રથમ મુલાકાત વખતે આવું જ થયું હતું. મેં વર્ષો પહેલાં એમનો પ્રથમ ઈન્ટરવ્યૂ લીધો હતો. મુલાકાતનો એ પહેલો દૌર હતો ૧૧ ફેબ્રુઆરી, ૧૯૮૭ની સાંજે. એ દિવસ મને એટલા માટે યાદ છે કે મારી ડાયરીમાં એની નોંધ છે. પંકજ ઉધાસને પણ એ દિવસ મોઢે, કારણ કે એ દિવસે ઉધાસ દંપતીની પાંચમી લગ્નતિથિ હતી ! પત્ની ઉપરાંત પ્રાઈવેટ સેક્રેટરીની પણ ફરજ બજાવતી ફરિદાએ પંકજની એપોઈન્ટમેન્ટ ડાયરીનાં પાનાં ઉથલાવતી વખતે મને કહ્યું હતું :

'આજે અમારી ફિફ્થ મેરેજ એનિવર્સરી છે- કાલથી સાઉથની ટુર ને એ પછી યુરોપની બે મહિનાની ટૂરમાં પંકજ બહુ વ્યસ્ત રહેશે...!' એ દિવસોમાં પંકજ ઉધાસનું નામ ધીરે ધીરે જાણીતું થઈ રહ્યું હતું -દેશ કરતાં વિદેશોમાં વધુ!

અમારો આ પહેલો ઈન્ટરવ્યૂ થયો ચારેક મહિનાના તબક્કામાં એમની ત્રણ વિદેશ યાત્રાની વચ્ચે વચ્ચે જયારે એ સ્વદેશ પરત ફરે તે દરમિયાન !

ગયા વર્ષે ૨૬ ફેબ્રુઆરીના પોતાના શ્વાસની અને પોતાની ગઝલદુનિયા સંકેલી લીધી એવા પંકજ ઉધાસની આજે તો સુપર સફળતાની અનેક ગાથાઓ જાણીતી છે, પણ એમની સાથેના આ એક દીર્ઘ ઈન્ટરવ્યૂ (આશરે ૬૦૦૦ શબ્દો!)માં પંકજભાઈએ એમના બાળપણની જાહોજહાલીની વાત-એ વખતે થયેલી ઈજાને કારણે પગ કપાવવો પડે એવી ગંભીર બીમારીમાંથી માતા જીવતીબહેને લીધેલી બાધા-આખડી અને રાજકોટના કોઈ 'બાબા' વૈદ્યનો બે રૂપિયાના લેપથી કઈ રીતે ઉગરી ગયાથી લઈને જેતપુર-રાજકોટ-મુંબઈના સ્થળાંતર ઉપરાંત સંગીતની દુનિયાની પ્રાથમિક સંઘર્ષની આજે પણ અજાણી રહેલી બહુ બધી વાત એમણે અમારી એ મુલાકાતમાં નિખાલસપણે કહી હતી...

મોટા ભાગની સફળ વ્યક્તિ પોતાની નિષ્ફળતાની વાત બાજુએ ધકેલીને પોતે કઈ રીતે સુપરહિટ પુરવાર થઈ તેની જ વાતો વધુ વાગોળવાના મૂડમાં હોય છે. સફળતા પણ નશા જેવી છે. એનો હેન્ગઓવર બહુ લાંબો ચાલે, પણ પંકજભાઈને એવું નહોતું.

સફળતા કરતાં એને ક્યાં ક્યાં નિષ્ફળતા સાંપડી અને સંઘર્ષના એ દિવસો કેવા હતા એની વાતો કહેવાનું એમને વધુ ગમતું. પેશ થતી ગઝલના પ્રત્યેક લબ્ઝ કે અલફાઝ (શબ્દો) જબાને હોય તેમ સંઘર્ષમય ઘટનાઓ પણ એમને અદ્‌લોદલ મોઢે...પોતાની સફળ ગઝલ ગાયકી કરતાં ગર્દિશ (બદકિસ્મતી)ના એ કપરા દિવસો એણે કાળજે કોતરી રાખ્યા હતા...

'બેકારીના એ દિવસોમાં હું ચોતરફ હવાતિયાં મારતો, પણ નિષ્ફળતા સિવાય કશું જ હાથમાં આવતું નહીં અને આજે જે રિદ્ધિ-સિદ્ધિ મળી છે, છતાં પેલા દિવસો એટલા માટે યાદ રાખું છું કે આજની મારી આ સફળતા પર ટકી રહેવા માટે મારા સંઘર્ષના એ દિવસોએ જ 'ટોનિક'નું બળ આપ્યું હતું.'

આ શબ્દો છે પંકજ ઉધાસના!

*************

'જો કે બચપણમાં અમારે કોઈ વાતનું દુઃખ નહોતું.' જેતપુરમાં જન્મેલા પંકજ બાળપણના એ દિવસો હજુ ગઈ કાલે જ વીત્યા હોય તેમ ત્યારની કેટલીક ઘટના તાદૃશ્ય કરતો કહેતાઃ

'નાનપણનાં ચાર વર્ષ જેતપુરમાં ગાળ્યાં. બાપુજીની સરકારી નોકરી હતી, પણ દાદા ભાવનગર સ્ટેટના વહીવટદાર હતા.... એ વખતે અમારી સ્થિતિ બહુ જ સધ્ધર... સારી એવી જમીન ને સુખી કુટુંબ. એ જમાનામાં દાદા કુશળ વહીવટદાર તરીકે પંકાયેલા, સ્ટેટ તરફથી છ ઘોડાનો સિગરામ એમને મળેલો. એ સિગરામનો મોભો આજની 'રોલ્સરોયસ' જેવો. દાદાને ઘેર જતાં ત્યારે બપોરે એ સિગરામમાં અમે પકડદાવ રમતા!'

પંકજ શરૂઆતના દિવસો યાદ કરીને જ્યાં જ્યાં 'અમે'નો ઉલ્લેખ કરે ત્યારે સમજી લેવાનું કે આ 'અમે' એટલે એના બન્ને મોટા ભાઈ મનહર અને નિર્મલ...એ ત્રણેય ભાઈ બાળપણથી જ એકબીજાથી અત્યંત નિકટ... ભાઈ કરતાં ગોઠિયા જેવા વધુ.

ત્રણે ભાઈ વચ્ચે કોઈ બહેન નહીં. બહેન ન હોવાનો અજંપો પંકજને બહુ પજવતો...

'જેતપુરથી પિતાની બદલી રાજકોટ થઈ ત્યારે સમજણો થયો એ વખતની પહેલી ફિલ્મ જોઈ 'નાગીન'! 'નાગીન' એટલા માટે આજે પણ યાદ છે કે બાપુજી અમને બધાને ઘોડાગાડીમાં એ ફિલ્મ જોવા લઈ ગયેલા!'

'નાગીન'ની સાથે પંકજને એના એક પડોશીની લતા નામની દીકરી પણ યાદ છે. લતાને ગાવાનો શોખ. એ વખતનું હિટ ગીતઃ 'મેરા દિલ એ પુકારે આ જા...' લતાનું બહુ પ્રિય. પંકજ એના ઘેર રમવા જતો અને ઘરમાં કોઈ હોય નહીં ત્યારે પેલી લતા આપણા પંકજ પાસે વારંવાર એ ગીત ગવડાવતી રહી અને પંકજ ગીતના શબ્દોનો અર્થ જાણ્યા વગર ગરબડિયા સ્વરમાં ગાંગર્યા કરે :

'મેરા દિલ એ પુકારે આ જા...!'

એ વાત કહેતી વખતે સહેજ લજવાઈ જતાં પંકજ અમને કહેઃ 'મારી પાસે વારંવાર આ ગીત ગવડાવનારી લતા પાછી મારા પર બહુ ખીજવાતી પણ ખરી, કારણ કે મને 'પુકારે'નો ઉચ્ચાર બરાબર ફાવતો નહોતો.'

આમ કહેનારા પંકજ પાછળથી ગઝલના ઉર્દૂ લબ્ઝના સ્પષ્ટ અને સાચ્ચા ઉચ્ચાર બદલ પંકાયા !

પડોશીની પુત્રી સામે ગાયેલા એક્ના એક ગીત સિવાય એ દિવસોમાં પંકજને સંગીતનો 'સ' કઈ દિશામાં આવ્યો એનું પણ ભાન નહોતું. એ માટે કોઈ દિલચસ્પી પણ નહોતી. હા, મોટા ભાઈ મનહરને એ વખતે ગાવાનો થોડો શોખ ખરો... જ્યારે નિર્મલને ફિલ્મો જોવાનો ગાંડો શોખ. બીજી તરફ મનહર - નિર્મલની જોડીએ શાસ્ત્રીય સંગીતનું રીતસરનું સંગીતશિક્ષણ લેવા માંડ્યું હતું. એ બેલડીએ નાના-મોટા કાર્યક્રમોમાં પણ ભાગ લેવા માંડ્યો હતો. સુરીલા કંઠ ઉપરાંત મોટા બન્ને ભાઈ ભણવામાંય નિપુણ...નાની-મોટી સ્પર્ધામાં અને ગરબીમાં ઈનામો જીતી લાવતા...

'બન્ને મોટા ભાઈ અભ્યાસ ઉપરાંત આવા પ્રોગ્રામમાં જતા થયા જ્યારે હું ક્રિકેટ રમવામાં અને ભમરડા ફેરવવામાં ઉસ્તાદ બનતો ગયો. પતંગ પાછળ તો હું પાગલ...' ૧૯૬૨ની વાત યાદ કરતાં પંકજ કહે છેઃ

'પતંગ ચગાવતા કે રમતાં પગમાં કંઇક વાગ્યું. પાછળથી ઘા વકર્યો. મોટા મોટા ડોક્ટર આવી ગયા. દવા-ઈન્જેકશનનો મારો ચલાવ્યો. ઊભું ન થઈ શકાય એવી હાલત. સાવ પથારીવશ. 'ધનુરવા શરીરમાં ફેલાવા લાગ્યો છે...પગ કપાવવો પડશે !' એવી કટોકટી ત્યારે સર્જાઈ હતી....'

ત્યાં કોઈએ સૂચવ્યુંઃ રાજકોટના 'બાબા' વૈદ્યનો લેપ ચોપડો અને ત્યાં ચમત્કાર થયો હોય તેમ મા જીવતીબહેનેની માનતા કે પેલા 'બાબા' વૈદ્યના લેપે બે મહિનામાં જ પગના ઘાવને સદંતર રુઝાવી દીધો. ત્રીજે મહિને પંકજ ફરી પતંગ ચગાવતો થઈ ગયો!

જો કે, એ બે મહિના પંકજ માટે કારાવાસથીય કપરા હતા. નજરકેદની જેમ ઓરડાના પલંગ પર પડ્યો રહેતો. એ ઓરડાના એક ખૂણે તૂટેલું દિલરુબા પડેલું. બીમારીના એ દિવસો દરમિયાન ઓરડામાં પડેલું પેલું તૂટેલું દિલરુબા સતત નજરે ચડ્યા કર્યું તેને કારણે કદાચ પોતાને સંગીતમાં રુચિ જાગી હશે એવું પંકજ માનતા. બીમારીમાંથી બેઠા થતાંની સાથે જ મનહર-નિર્મલ બંધુઓના સંગીત પ્રોગ્રામોમાં પંકજે નિયમિત હાજરી આપવાની શરૂઆત કરી દીધી. બન્ને ભાઈને સંગત આપવા તબલાં, ઢોલક પણ એણે શીખી લીધાં. પછી તો એક ગીત પણ સૂરમાં કંઠસ્થ કરી લીધુંઃ 'એ મેરે વતન કે લોગોં...

નવરાત્રિના દિવસોમાં પંકજને અનિચ્છાએ એક પ્રોગ્રામમાં પંકજે એ ગીત ગાવું પડ્યું ને એ ગીત ત્યાં સુપરહિટ થઈ ગયું. ચાર-પાંચ હજાર શ્રોતા ઝૂમી ઊઠ્યા...

જાહેરમાં પંકજનો એ પ્રથમ પ્રોગ્રામ. ઑડિયન્સમાંથી એક સંગીતપ્રેમીએ ખુશ થઈને સ્ટેજ પર જઈને પંકજને રોકડા ૫૧ રૂપિયાની ભેટ આપી. ગાયક તરીકેની એની કારકિર્દીનો એ પહેલો પુરસ્કાર!

એ પછી તો ગઝલગાયક તરીકેની કરિયરમાં પુરસ્કાર-મહેનતાણાના ૬-૭ આંકડાના ચેક પર નજર માત્ર ફેરવી લેતા પંકજને એ વખતે પેલા એકાવન રૂપિયા પારસમણિ જેવા લાગ્યા હતા !

************************

વર્ષો ઝડપથી પસાર થઈ રહ્યાં હતાં.

મોટાભાઈ મનહરે ભાવનગરની પોલિટેક્નિક કોલેજમાં મેકેનિકલ એન્જિનિયરની ડિગ્રી લીધી, છતાં એમને મુંબઈ આવી પ્લેબેક સિન્ગર તરીકે નસીબ અજમાવવું હતું. એમને મુંબઈમાં સંગીતકાર કલ્યાણજી-આણંદજીભાઈએ બ્રેક આપ્યો. ફિલ્મ ગાયક તરીકે મનહરે ધીરે ધીરે બુલંદી સર કરવા માંડ્યો. મોટા ભાઈની સફળતાથી પ્રેરાઈને નિર્મલ પણ મુંબઈ આવી ગયો,

આ તરફ, એસ.એસ.સી. ૭૫ ટકા માર્ક્સ સાથે પાસ થયેલા પંકજની મંઝિલ હતી ડોક્ટર બનવાની, પરંતુ કોલેજના પ્રથમ વર્ષમાં આવતાં જ ફરી પેલું ગીત-સંગીતનું ચક્કર શરૂ થઈ ગયું. હવે હાર્મોનિયમ પર હાથ જામી ગયેલો. સંગીત સ્પર્ધાઓમાં પારિતોષિકો જીતવા લાગેલા પંકજે ડોક્ટર બનવાની મુરાદને પડતી મૂકી દઈ સંગીતના રંગે રંગાઈ જવાની શરૂઆત કરી દીધી.

અંતે બી.એસ.સી. કરવાનું નક્કી કરી પંકજે રાજકોટ છોડી મુંબઈ આવી વિલ્સન કોલેજમાં ઍડ્મિશન મેળવી લીધું...

પંકજ ઉધાસ એ દિવસો યાદ કરતાં કહેઃ 'આ દરમિયાન મલબાર હિલની 'જુનિયર જેસિસ'ની એક સ્પર્ધામાં મેં ઝુકાવ્યું. નિર્ણાયક શંકર-જયકિશન બેલડીવાળા જયકિશન હતા. બધાએ ફિલ્મી ગીતો રજૂ કર્યાં અને મેં એક ગઝલ..' જયકિશને પંકજને પ્રથમ પારિતોષિકને લાયક ઠરાવ્યો ત્યારે 'એક ગઝલે પ્રતિષ્ઠા અપાવી તેમાંથી મને અહેસાસ થયો કે ફિલ્મી ગીતોમાં જ દમ હોય છે એવું નથી, ગઝલ ગાયકી ભી કુછ કમ નહીં....'

ગઝલને લીધે મળેલા પારિતોષિકે પંકજને કોલેજમાં ખ્યાતિ અપાવી. સો વ્હોટ? એનાથી શું વળે? ગીત -સંગીત શું કમાવી આપે? એવા વિચારોથી ધૂંધવાતા પંકજનો પરિચય રમેશ સહાની નામના યુવાન સાથે થયો. એને ગઝલનો ગાંડો શોખ. એને ત્યાં પંકજના કાને બેગમ અખ્તરની ગઝલો અફળાવા લાગી. વારંવાર અફળાતા ગઝલના એ શબ્દો પંકજને સ્પર્શી ગયા. એ જમાનામાં આપણે ત્યાં કેસેટોનું ચલણ નહીં જેવું... સારા ગઝલગાયકોની કેસેટ લંડનમાં રેકોર્ડ થઈને ભારત આવતી. રમેશે પોતાના કેસેટ સંગ્રહમાંથી ત્રણેક કેસેટ પંકજને સાંભળવા આપી, જેમાં બેગમ અખ્તર ઉપરાંત પાકિસ્તાનના મોભાના ગાયક મહેંદી હસનની કેસેટ પણ સામેલ હતી.

'સ્વર હૃદયને સ્પર્શી જતા, પણ ફૈઝ અહેમદ ફૈઝ જેવા શાયરના શબ્દો માથાની બાઉન્ડ્રી પરથી નીકળી જતા. અર્થ બિલકુલ સમજાય નહીં એવા ભારેખમ ઉર્દૂ શબ્દો...'

પંકજ એ વાત યાદ કરતાં કહે છેઃ

'જો કે કલ્યાણજીભાઈના કહેવાથી એક મૌલવીસાહેબ મનહરભાઈને ઉર્દૂ જબાં અને ગાયકીની તાલીમ આપવા આવતા. મને પણ ઈચ્છા તો જાગે, પરંતુ બબ્બે ટ્યુશનના પૈસા આપી શકીએ એટલી આવક ક્યાં હતી?'

છતાં પંકજે ઉર્દૂ શીખવાનો દૃઢ નિશ્ચય કરી લીધેલો. મૌલવીસાહેબને વારંવાર પાનની તલપ લાગે છે એ દૂર બેસીને પંકજે નોંધી લીધું. તલપના ભાવ મૌલવીસાહેબના ચહેરા પર ઊપસી આવે કે પંકજ દોડીને નીચેથી પાન હાજર કરી દે...! જેટલી વાર પાન લઈ આવે એટલી વાર એક-એક, બબ્બે કરીને ન સમજતા ઉર્દૂ શબ્દોના અર્થ એ પૂછી લે!

આમ એકલવ્યની જેમ શીખેલા ભાંગ્યા-તૂટ્યા ઉર્દૂથી થોડો આત્મવિશ્વાસ બંધાયો એટલે નાની નાની પાર્ટીઓમાં ગઝલો ગાવાનું શરૂ કર્યું... એ દરમિયાન બી.આર. ઈશારાની એ ફિલ્મ 'કામના'માં એક ગીત ગાવાની તક મળી. પાંચસો એક રૂપિયાનો પુરસ્કાર પણ મળ્યો. હવે બીજાની પણ ઓફર આવશે.

એવી આશામાં તડપતા પંકજને ક્યાંયથી કોઈની બીજી ઑફર આવી જ નહીં...

દિવસો વીતવા માંડ્યા. હતાશા વધવા માંડી. ■

**આવતી કાલે વાંચો ...**

**કેનેડાનો હતો ૧ મહિનાનો વિઝા, પણ ગઝલોનો દૌર જમાવ્યો પૂરા દસ મહિના !**

**પંકજ ઉધાસની એક નહીં, બે લવસ્ટોરી !**

## મોગાન - કેનેરી આઈલૅન્ડ્સનું લિટલ વેનિસ...

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

**ટેમ્પરરી** ઘરોની મજા એ છે કે ત્યાં બે-ત્રણ દિવસમાં એવી રીતે ચીજો ફેલાઈ જાય અને આદતો બંધાઈ જાય કે ત્યાં લાંબા સમયથી રહેતાં હોઈએ એવું લાગવા માંડે. દસેક દિવસના એપાર્ટમેન્ટ સાથે હવે એવો ઘરોબો થઈ ગયેલો કે એક તરફ જઈશું તો એક ભવ્ય વૃક્ષ આવશે, બીજી તરફ રેસ્ટોરાં અને શોપ્સવાળો ઓપન એર મોલ આવશે, ઢાળ ઊતરીને જઈશું તો બીચ આવશે, એ જ ઢાળની ઊંધી બાજુ વધુ એક મોલ આવશે. જ્યાં પણ જઈશું ત્યાં ગાડીઓ પાર્ક હશે અને એક સરખી બોડી લેન્ગવેજ સાથે દુનિયાભરનાં ટૂરિસ્ટ આવતાં દેખાશે. આ વિસ્તાર એટલો ટૂરિસ્ટી હતો કે ત્યાં ટૂરિઝમ ઇન્ડસ્ટ્રીમાં કામ કરનારાં અને ટૂરિસ્ટ સિવાય બીજા કોઈ પ્રકારનાં સ્થાનિક લોકો દેખાતાં જ ન હતાં. એવામાં અમે મોલમાં એક ગુજરાતીની જ્વેલરી શોપ, એક સિંધીનું રેસ્ટોરાં, એક જર્મનનું પબ પણ જોઈ આવેલાં. કેનેરી ટાપુ પર ઘર ખરીદીને રહેવા માંડેલાં લોકો પણ સ્થાનિક તો નહોતાં જ લાગતાં. ત્યાં એટલું રિલેક્સ થઈ જવાતું હતું કે ત્યાં કામ કરનારાં લોકો પણ જરાય સ્ટ્રેસમાં હોય તેવો અણસાર નહોતો આવતો.

ટાપુ એવો ગોળ હતો કે કોઈ પણ દિશાની પરિક્રમા કરીને એપાર્ટમેન્ટ પર પાછાં આવી જવાતું હતું. છતાંય અમે દરરોજ જે દિશામાં જતાં હતાં તે જ દિશાથી પાછાં પણ આવતાં. એ માસપાલોમાસ અને લા પાલ્માની દિશાને બદલે એક દિવસ અમે ઊંધી દિશામાં જવાનું નક્કી કરીને નીકળ્યાં. એ બાજુ પણ એ જ બીચ અને રિસોર્ટ ટાઉન હતાં. વધુ આગળ જતાં એક આખો પેચ આવતો હતો જ્યાં માત્ર જંગલ અને લાવાના પહાડો હતા. તેની પાછળ સીધું લા પાલ્મા આવતું. અમે તો આખો ટાપુ ચીરીને વસતી વચ્ચે થઈને લા પાલ્મા ગયેલાં. હવે હાઇક કરવાનો તો કોઈ પ્લાન ન હતો, બાકી અહીંથી લોકો દિવસોની હાઇક કે સાઇકલ ટ્રિપ પ્લાન કરીને એક ગામથી બીજા ગામ પણ જતાં. વગડો અને નિર્જન વિસ્તાર શરૂ થાય તે પહેલાં એક ભરચક ગામ હોવાની વાત હતી. તે ગામનું નામ જોઈને પહેલાં તો ગુજરાતી નામ મગન જ મગજમાં આવતું હતું. મોગાન નામે આ ગામ અત્યાર સુધીમાં ગ્રાન કનેરિયા જ નહીં બાકીના બધા કનેરી ટાપુઓ કરતાં સૌથી અલગ હતું.

મોગાનમાં પાર્કિંગથી પ્રોમોનાડ પહોંચવામાં તો તેના ઘણા ચહેરા જોવા મળી ગયા હતા. ત્યાં કોમન બેઝમેન્ટ પાર્કિંગથી બહાર નીકળતાં થોડાં રેસ્ટોરાં, ઘરો, દુકાનો વટાવતાં દરિયો આવ્યો તો ખરો પણ ત્યાંનું યોટ પાર્કિંગ દરિયાને પણ ઝાંખું પાડી દે તેવું નીકળ્યું. એક તરફ હિસ્ટોરિકલ ડિસ્ટ્રિક્ટના રંગો, બીજી તરફ પાર્ક થયેલી યોટ્સ, પછી ત્યાં કેનાલ્સ જોવા મળી ગઈ. ત્યારે સમજાયું કે આ ગામ ત્યાંનું લિટલ વેનિસ શા માટે કહેવાય છે. મજાની વાત એ છે કે કેનાલને કારણે પડતા પાર્ટ્સનો દરેક પાર્ટ અનોખો હતો. મોગાનનું મરિના જ્યાં પણ જુઓ ત્યાંનું દૃશ્ય કોઈ પોસ્ટકાર્ડ જેવું જ લાગતું હતું. હવે મરિનાને મગજ પર કંડારવા માટે ત્યાંના એક કાફે પર બેસીને બધી તરફ બસ જોયા કરવાનું હતું. ત્યાં મરિનાના દરિયા તરફના ખૂણે એક અત્યંત અટ્રેક્ટિવ ઇમારત હતી. ત્યાં આમ તો અમે આર્ક પાસે ફોટો પડાવવા ઊભાં રહી ગયાં, પણ નજીકથી જોવા મળ્યું કે તે પોલીસ સ્ટેશન હતું. એ કદાચ દુનિયાનું સૌથી સુંદર પોલીસ સ્ટેશન હોય તોય નવાઈ નહીં.

હજી ૧૯૮૦ સુધી તો મોગાન માત્ર એક ફિશિંગ વિલેજ હતું. અહીંનાં ઘરોમાં માત્ર માછીમારોની કોમ્યુનિટી જ રહેતી. હજી પણ મોગાનના મરિનાથી બહાર નીકળતાં ત્યાં ખરાં સ્થાનિક લોકો અને તેમનાં ઘરો જોવા મળી જતાં હતાં. મરિના પરનાં ઘરો તો સફેદ હતાં પણ તેમને રંગીન આઉટલાઇન આપવામાં આવેલી, તેના કારણે અહીંનું આર્કિટેક્ચર પણ ખાસ લાગતું હતું. આમ જોવા જાઓ તો તેમાં કોઈ ખાસ કરામત ન હતી. ખાલી રંગીન આઉટલાઇનમાં જ એવું લાગવા માંડેલું કે આવું વિલેજ લેન્ડસ્કેપ ક્યાંય નથી દેખાયું. તેમાંય જે ઘરો લોકલ્સનાં હતાં તેમણે તો ઘરનાં એન્ટ્રન્સ પર ફૂલોનાં આર્ક પણ બનાવ્યાં છે.

મોગાનનાં રંગો, કેનાલ્સ, ફૂલો, બોટ્સ વચ્ચે અહીં સ્પેનિશ અને આફ્રિકન ક્વિઝિન તો મળતું જ હતું, ત્યાં સુવિનિયર્સ પણ જરા અલગ લાગતાં હતાં. અહીં નાસ્તો કરવા બેઠા ત્યારે અહીંની મોહો ચટણી વધુ ગાર્લિકી અને વધુ તીખી લાગી. મસાલેદાર હોવા છતાંય ત્યાંની વાનગીઓ ભારતીય ફૂડ કરતાં સાવ અલગ લાગતી હતી. સ્વાભાવિક છે ત્યાંથી હજી વધુ મસાલા ખરીદ્યા. અહીંનાં તડકામાં સૂકવેલાં ઓરેગાનો અને બેઝિલ ઉપરાંત પાયેયાનો મિક્સ મસાલો જોઈને જ એટલો મજાનો લાગતો હતો કે માત્ર કૂકિંગ માટે નહીં, ડેકોરેશન માટે પણ લેવા જેવો લાગતો હતો. એટલું પૂરતું ન હોય તેમ અહીં એક પીળી સબમરીન પારદર્શક તળિયા સાથે બોટિંગ કરવા લઈ જાય છે. તેની લાઈન એટલી લાંબી હતી કે અમે એ પ્લાન માંડી વાળ્યો.

વળતાં પાર્કિંગ તરફ એક બેકરી અને ચોકોલાટરી પર એક ઉંમરલાયક બહેન એક મોટા તાવડા પર ડ્રાયફ્રૂટ અને નટ્સ રોસ્ટ કરતાં કરતાં બૂમો પાડીને બધાંને બોલાવતાં હતાં. હવે ત્યાં તો જવું જ પડે. અંદર ગયાં અને જોયું તો મોટું ટેસ્ટિંગ બૂફે લાગેલું હતું. સ્વિટ બ્રેડ, અલગ અલગ પ્રકારની ટાપુની જાણીતી ટોફી, નટ્સની ચોકલેટ્સ, પેસ્ટ્રીઝની પ્લેટ્સ પરથી લોકો ચાખવા માટે ખોબો ભરીને ગપચાવી જતાં હતાં અને દુકાનમાં લટાર મારીને ફરી નવી ચીજો ચાખવા આવી જતાં હતાં. અમે પણ ઘણું ચાખ્યું અને જે પણ ભાવ્યું તે પેક કરાવ્યું. એમાં ને એમાં જર્મની પાછાં આવીને મિત્રોને આપવાની ગૂડીબેગ્સ પણ લેવાઈ ગઈ. ખાસ કરીને તેના કારણે ગ્રાન કનેરિયાની સ્થાનિક ચોકલેટો વિષે જાણવા મળી ગયું.

મોગાનમાં હજી ઘણો વધુ સમય વિતાવી શકાયો હોત. લા પાલ્માની જેમ અહીં પણ એ જ વિચાર આવ્યો કે નેક્સ્ટ ટાઇમ અહીં આવીએ તો મોગાનમાં રહી શકાય. મોગાનમાં હજી શું કરી શક્યાં હોત તેનું લિસ્ટ એટલું લાંબું હતું કે હજી આ જ ટ્રિપમાં અહીં પાછાં આવવાનો પ્લાન બની ગયેલો. ■







## ટૂંકી વાર્તા

# લાસ્ટ સીન

અજય ઓઝા
feedback@bombaysamachar.com



'આખો દિવસ બસ.. ફેસબુક, વૉટ્સઍપ..! ઈન્ટરનેટ સિવાય કંઈ સૂઝતું નથી આ છોકરીને?' હું ખિજાયો.

અચાનક આવી પડેલા મારા ગુસ્સાને કારણે શીતલ જરા ઝંખવાઈ ગઈ ને પોતાના રૂમ તરફ ચાલી ગઈ. શીતલની મમ્મીએ વળી તેનું ઉપરાણું લીધું, 'હવે આવડી મોટી દીકરીને તે કંઈ આમ ખિજાવાતું હશે?'

હું તેની વાતમાં ધ્યાન આપ્યા વગર જ ટીવી જોવા લાગ્યો. કંઈક બ્રેકિંગ ન્યુઝ આવતાં મેં એને શાંત રહેવા ઈશારો કર્યો. બ્રેકિંગ ન્યુઝ હતા: આંદામાન-નિકોબારમાં મુસાફરોને સહેલગાહે લઈને જઈ રહેલી એક હોડી ડૂબી જતાં ૪૦નાં મોત!

-ધ્રાસકો તો એવો પડ્યો કે.. થોડી વાર કંઈ બોલી ન શકાયું. મેં શીતલની મમ્મીને ધીમેથી પૂછ્યું, 'મોટાભાઈની દીકરી ને જમાઈ ક્યાં ફરવા ગયાં છે?'

'કેમ પૂછો છો? તમે જ બુકિંગ કરાવી આપ્યું હતું, ત્રણ દિવસ પહેલાં વંદના અને ગૌરવકુમારનો મોટાભાઈ પર ફોન પણ આવી ગયો, એ બેઉ પહોંચી પણ ગયાં છે, આંદામાન-નિકોબાર!' શીતલની મમ્મી બધું કામ પડતું મૂકીને ખુરશી પર બેસી પડી, સમાચાર બીજી વાર જોયા પછી કહે, 'મને બહુ ચિંતા થાય છે, મોટાભાઈને બોલાવું? એ જ ફોન કરીને ખબર જાણી લે એટલે નિરાંત.'

'ના ના, એમ ઉતાવળા ન થવાય. જરા સમાચારની વધુ વિગતો આવે એની રાહ જોઈએ. હજારો પ્રવાસીઓ હોય, અહીંથી પણ હનીમૂન કપલને લઈને એક આખી બસ ગઈ છે. નકામી ચિંતા ન કરાય.' - મેં કહ્યું તો ખરું પણ ડર તો મારા મનમાં પણ ફરી વળેલો.

નજર અને કાન ફરી ટીવી સાથે જડાઈ ગયાં. ઝબૂક ઝબૂક થતી બ્રેકિંગ ન્યુઝલાઈન અપડેટ થયા કરે છે. હવે લખ્યું છે, 'આંદામાન-નિકોબારના હનીમૂન પોઈંટ તરફ જતી હોડી અકસ્માતે ઊંધી વળી જતાં ૪૬નાં મોત અને ૬૪ લાપતા.'

ખુરશી પર બેઠાં બેઠાં મારા પગ ધ્રૂજી રહ્યા હતા. શીતલની મમ્મીના ચહેરા પર પણ અકળામણ નીતરવા લાગી. દીકરી-જમાઈની ચિંતા વધતી ચાલી. હજુ ગયા અઠવાડિયે જ લગ્ન હતાં. દૂરના ટાપુ તરફ ફરવા જવાના ગૌરવકુમારના વિચારને મેં જ અનુમોદન આપેલું અને મોટાભાઈને પણ સમજાવેલા ને હવે અત્યારે આ ..... ......શું કરવું? શું થશે?....... પરેશાનીનો પર્વત પથરાતો જાય છે, પણ કંઈ સૂઝતું નથી.

ઘડીભર વિચાર આવે કે મોટાભાઈ-ભાભીને બોલાવીને વાત કરીએ, પણ ફરી એમ થાય કે અચાનક આવા સમાચાર આપવા એ કેવું લાગે? વંદના અને ગૌરવકુમાર સલામત જ હોય ને આપણે આવું વિચારીએ એ પણ કેવું?

એક સીધો ને સરળ રસ્તો છે, વંદનાને ફોન લગાવવાનો... હા, બિલકુલ એ જ સાચો ઉપાય છે. મેં ફોન લગાવ્યો, કેસેટ વાગી; 'ડાયલ કિયા ગયા મોબાઈલ સ્વીચ્ડ ઑફ હૈ.'.... હવે? ગૌરવકુમારનો નંબર તો મોટાભાઈ પાસેથી જ માંગવો પડે!

બ્રેકિંગ ન્યુઝ ફ્લેશ : 'આંદામાન-નિકોબાર દ્વીપસમૂહના એક હનીમૂન પોઈંટ તરફ જતી હોડીના અકસ્માતમાં ૪૮ મૃતદેહો મળી આવેલ છે, અન્ય મુસાફરોની શોધ અને બચાવકાર્ય ચાલુ છે. હોડીમાં ૧૦૦થી વધુ યાત્રીઓ ગુજરાતના હતા!'

માય ગ્ગોડ! મરનારાઓની સંખ્યા તો ઝડપથી વધી રહી છે! ને આ હોડી તો ગુજરાતીઓથી જ ભરેલી હતી કે શું? શીતલની મમ્મી ડઘાઈ જ ગઈ. એના ચહેરા પર વધુ પરસેવો નીતરવા લાગ્યો. હું અવાચક અને મૂંઝાયેલો બેસી રહ્યો. વંદનાનો ફોન હજુ પણ બંધ જ આવતો હતો એટલે આશંકા વધુ ઘેરાતી જતી હતી. મને એક રસ્તો સૂઝ્યો. શીતલની મમ્મીને જણાવ્યો, 'એમ કર, ભાભીને તું ફોન કર. સહેજ અલક-મલકની વાતો કરાવીને હળવેથી ગૌરવકુમારનો નંબર લઈ લે. કહેવું કે બસ, અમસ્તા જ યાદ આવ્યા તો વાત કરવાનું મન થયું.

તેણે વાતનો તરત જ અમલ કર્યો, ભાભીને ફોન કર્યો ને સૌના ખબર પૂછ્યા. ભાભીએ જણાવ્યું કે વંદના અને ગૌરવકુમાર આંદામાન-નિકોબાર ત્રણ દિવસ પહેલાં પહોચી ગયાં છે, છેલ્લે ગઈ કાલે વાત થઈ હતી, આજે તો તેઓ સાઈટસીઈંગ માટે જવાના હતા અને તેમની સાથે બીજાં પણ કેટલાંય ગુજરાતી કપલ ગયાં છે.

શીતલની મમ્મીનો અવાજ પણ જરા કાંપે છે, એટલે ઝડપથી ફોન પૂરો કરતાં એણે જમાઈનો નંબર માગી લીધો, ને મેં હળવેથી એક કાગળ પર ટપકાવી લીધો. સારું થયું કે ભાઈ-ભાભીને ટી.વી. પર આવી રહેલા અકસ્માત-સમાચાર વિશે હજુ સુધી કંઈ જ ખબર નહોતી પડી. નહિતર એમને સંભાળવા મુશ્કેલ પડી જાય, જ્યારે ચોક્કસ કશું નક્કી કહી શકાય એમ ન હોય એવી સ્થિતિમાં!

વિલંબ કર્યા વગર મેં ગૌરવકુમારનો નંબર ડાયલ કર્યો, પણ ફરી એ જ નિરાશા, 'ડાયલ કિયા હુઆ મોબાઈલ ફોન સ્વીચ્ડ ઑફ હૈ!' હવે અમારી અકળામણોનો પાર નહોતો. ભારે કશ્મકશ..

ન્યુઝ અપડેટ થતાં રહે છે; 'આજે વહેલી સવારે, આંદામાન-નિકોબાર ટાપુ પરના એક હનીમૂન પોઈંટ તરફ ગુજરાતી કપલની હનીમૂન ટૂરના ૧૦૦ જેટલા મુસાફરોને સહેલગાહે લઈ જઈ રહેલી એક હોડી ઊંધી વળી જતાં ૬૦થી વધુ લોકોનાં મોત થયાં છે, મૃતદેહોને બહાર કાઢવા માટે લશ્કરની ટુકડી બચાવકાર્ય કરે છે.'

'કહું છું...' શીતલની મમ્મી ધીમે અવાજે બોલે છે, 'મરનારનાં નામ નીચે લખાઈ ને આવે છે? જરા જુઓ ને?'

ઓળખાયેલાં કેટલાંક મૃતકોનાં નામ સ્ક્રોલ બારમાં આવવા લાગ્યાં છે. ઝડપથી સરકી રહેલાં અને એક પછી એક ઉમેરાઈ રહેલાં નામો ધડકતે હૈયે હું ધ્યાનથી વાંચવા માંડું છું. ક્યાંય વંદના કે ગૌરવનું નામ નથી જણાતું. હું જરા ધરપત અનુભવું છું, શીતલની મમ્મી પણ સહેજ શાંત થાય છે.

અમારા ઉશ્કેરાટને પામીને પોતાના રૂમમાંથી શીતલ પણ હવે આવી ગઈ, 'શું થયું પપ્પા? શાની ચિંતામાં આમ?'

'શસ્સ્સ્સ..' એની મમ્મી શાંતિ રાખવા કહે છે, 'આમ ટી.વી.માં જો..'

'ઓ.. મમ્મી?' સમાચાર જોતાં જ શીતલ ચીસ પાડી ઊઠે છે.

ટી.વી. પર અપડેટ : ...'આજે સવારે થયેલા આંદામાન-નિકોબારના હોડી અકસ્માતમાં ૬૮ લોકોનાં મોત થયાં છે જેમાં ૬૦થી વધુ મૃતકો ગુજરાતના હોવાનું જાણવા મળ્યું છે.'

ન્યુઝ રિપોર્ટર હવે કેટલાંક ઝાંખાં દશ્યો પણ બતાવે છે. બચી ગયેલા કપલની આંખે જોવાયેલો હૃદયદ્રાવક અહેવાલ પણ રજૂ થાય છે. એ કપલની આંખોમાં પણ ડર છવાયેલો હતો. કેટલીક ડેડબોડી સહેજ દૂરથી દેખાય છે, એક ડેડબોડી પર તો કંઈક આઈ-કાર્ડ જેવું પણ ફરફરતું દેખાયું, પણ એ બધું જ સાવ ધૂંધળું, કશુંય સ્પષ્ટ નહિ.

સ્ક્રોલ બારમાં મરનારાઓની વિગતો માટે એક હેલ્પલાઈન નંબર પણ અપાય છે, હું એ નંબર ડાયલ કરું છું તો એ નંબર પણ સતત બીઝી આવે છે.

અમારી સાથે હવે શીતલ પણ ભીની આંખે બધું જોઈ રહી છે. શું કરવું એની કોઈને કંઈ જ ખબર પડતી નહોતી. ત્યારે શીતલે ફરી પોતાનો મોબાઈલ હાથમાં લીધો એટલે હું ગુસ્સે થયો, 'વળી પાછો ફોન લીધો? અત્યારે વૉટ્સઍપ-ફેસબુક કરવામાં રસ છે તને?'

'પપ્પા, વંદનાદીદી તો વૉટસઍપ નથી કરતી, ગૌરવકુમારનો નંબર હોય તો મને જલદી આપો... પ્લીઝ પપ્પા પ્લીઝ.' મને સમજાયું નહિ કે તે શું કરવા માગતી હશે. તેની મમ્મીએ તેને ગૌરવકુમારનો નંબર લખેલો પેલો કાગળ ધર્યો. શીતલે એ નંબર પોતાના મોબાઈલમાં સેવ કરી ને વૉટ્સઍપ સાથે સિંક્રોનાઈઝ કરી વૉટ્સઍપ ચાલુ કર્યું.

'પપ્પા, અકસ્માત ક્યારે થયો?'

'આજે.. સવારે..! કેમ?' મને જરા જરા વાત સમજાતી લાગી.

-ને બીજી મિનિટે શીતલ જરા આનંદથી નાચી ઊઠી, 'દીદી ઍન્ડ જીજુ આર સેઇફ, યાહ...! થેન્ક ગોડ.. ચિંતા ન કર મમ્મી, એ બેઉ સલામત જ છે, મને ખાતરી છે પપ્પા, તમે ચિંતા ન કરો, હવે થોડી જ વારમાં એ લોકોનો ફોન આપણા પર આવી જશે!'

મને ગમ્યું, એની મમ્મી પૂછે છે, 'તું ખાતરીથી આ કેવી રીતે કહી શકે?'

શીતલ કહે, 'જો મમ્મી, વૉટસઍપ પર જીજુનો નંબર આવતાં જ મેં જોયું કે એમનું 'લાસ્ટ સીન' સ્ટેટસ ૩૫ મિનિટ પહેલાંનું જ છે, એટલે કે ૩૫ મિનિટ પહેલાં એમણે કોઈ ને કોઈ સાથે કંઈ ને કંઈ શેર કરેલું જ છે, જ્યારે આ અકસ્માત તો સવારે થયેલો છે, મતલબ કે એ લોકો બિલકુલ સેઇફ છે, ખરું ને?? મેં મેસેજ મૂક્યો છે, હમણાં જ એમનો રિપ્લાય આવશે.'

'વેલડન શીતલ, તેં ખરેખર અમારું ટેન્શન હળવું કરી નાખ્યું. હવે ભાઈ-ભાભીને બોલાવીને વાત કરવી હોય તો વાંધો નહિ.' હું પણ સ્વસ્થ થતાં બોલું છું. શીતલની મમ્મીએ તેનો વાંસો થાબડ્યો અને સાડીના છેડાથી આંસુ લૂછ્યાં.

બે-પાંચ મિનિટો બાદ જ વંદનાનો ફોન પણ આવ્યો, 'ચિંતા નહિ કરતા કાકા, અમને કશું જ થયું નથી, જે હોડી તેની ત્રીજી ટ્રીપમાં ઊંધી વળી તેની પહેલી ટ્રીપમાં અમે સલામત અહીં પહોંચી ગયાં છીયે. નેટવર્ક અને બેટરી-લો હોવાના કારણે અહીં ફોનથી સતત સંપર્કમાં રહી શકાતું નથી. મારાં મમ્મી-પપ્પાને પણ અમારી ચિંતા ન કરવાનું કહી દેશો, હું પછી નિરાંતે ફોન કરું છું.'

પછી શીતલ વાત કરવા માટે ફોન લઈ પોતાના રૂમમાં ચાલી જાય છે, તેની મમ્મી પણ સ્વસ્થ થઈને કામે વળગે છે.

તોપણ, ટીવી પર હજુ પણ 'બ્રેકિંગ' ન્યુઝ ચાલુ જ છે; 'આંદામાન-નિકોબાર ટાપુના એક હનીમૂન પોઈંટ તરફ ગુજરાતી પ્રવાસીઓને લઈને જઈ રહેલી એક હોડી ઊંધી વળતાં ૬૮ લોકોનાં મૃત્યુ થયાં છે, ને વધુ મૃતદેહોની શોધખોળ થઈ રહી છે.'

અડસઠે પહોંચેલો મૃત્યુઆંક પણ હવે મને ડરાવી ન શક્યો! થોડી વાર પહેલા ભયાનક લાગી રહેલા એ બ્રે-કિં-ગ-ન્યુ-ઝ હવે એકદમ હળવાફૂલ કેમ લાગવા માંડ્યા હશે એની મને સમજ પડી નહિ.

ફરી મૃતદેહોની ક્લિપ પણ ટીવી પર પ્રસારિત થાય છે, હનીમૂનનાં સપનાં આંજેલી કેટલીય આંખોને દરિયાએ પોતાનાં ખારાં પાણીથી કદી ન ખૂલી શકે એમ ધરબી દીધી હતી. પેલું બચી ગયેલું કપલ પોતાની રામકહાણી ફરી કહી રહ્યું છે, પોતે કેવી રીતે બચી ગયાં, ને એ આખોય ચમત્કાર કેમ થયો એ વાત હર્ષાશ્રુ સાથે એ લોકો ઊછળી ઊછળીને ન્યુઝ રિપોર્ટરને કહે છે.

શીતલની મમ્મી રસોડામાથી જ મને કહે છે, 'સારું થયું શીતલની હોંશિયારી કામ લાગી અને ગૌરવકુમારે પણ વૉટસઍપ કર્યું તો એક મોટી ચિંતામાંથી ઊગરી ગયા, નહિતર તમે તો..!'

મેં ટી.વી. બંધ કરવા માટે રીમોટ હાથમાં લીધું. થોડી વાર પહેલાં ભયાનક લાગી રહેલા એ ભાંગી નાખનારા સમાચાર હવે એકદમ હળવાફૂલ કેમ લાગવા માંડ્યા એની મને સમજ પડી રહી છે. હજુ પણ સમાચાર તો એટલા જ ગંભીર હતા. એ જ લાશોના ખડકલા વારંવાર સ્ક્રીન પર આવી રહ્યા છે.

ટીવી બંધ કરતાં પહેલાં મને એક જ સવાલ થયો, આપણાં તો દીકરી-જમાઈ બચી ગયાં, પણ કોઈકનાં તો....?

મેં શીતલની મમ્મીને પ્રશ્ન કર્યો, 'તારી વાત સાચી છે, સારું થયું ગૌરવકુમારે સ્ટેટસ અપડેટ કર્યું, પણ.. પણ એ લોકોનું શું કે જેના સ્ટેટસ હવે ફરી ક્યારેય અપડેટ થઈ શકવાનાં નથી??' (સમાપ્ત)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| હુન્નર | બખેડો |
| હુરિયો | ચાલવું |
| હુલ્લડ | કારીગરી |
| હેરત | ફજેતો |
| હીંડવું | આશ્ચર્ય |

### ઓળખાણ પડી?



ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન સ્પર્ધામાં ચેમ્પિયન બનેલા અને નેશનલ કોચ તરીકે નામના મેળવનારા ખેલાડીની ઓળખાણ પડી?

અ) પ્રકાશ પાદુકોણ
બ) કિદાંબી શ્રીકાંત
ક) પી. ગોપીચંદ
ડ) કમલેશ મહેતા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ડ | ૨ ફ | ણું | ■ | ૩ ડા | ૪ ક | લું | ■ | ૫ રે | લ્લો |
| ૬ ઘા | રી | ■ | ૭ ભો | ળ | પ | ણ | ■ | શ | ■ |
| ચે | ■ | ૮ થા | પા | ■ | ર | ■ | ૯ ચ | મ | ૧૦ ક |
| ૧૧ લું | ગી | ■ | ળું | ■ | ૧૨ કા | ફ | ર | ■ | લા |
| ■ | ■ | ૧૩ વિ | ■ | ૧૪ છ | બી | ■ | ■ | ૧૫ ભા | ડું |
| ૧૬ વં | ■ | ૧૭ ભૂ | ૧૮ ગો | ળ | ■ | ૧૯ લ | ગી | ર | ■ |
| ૨૦ ડો | ૨૧ લ | ■ | ફ | ■ | ૨૨ સા | ■ | ■ | ૨૩ વા | ૨૪ ચા |
| ■ | ગ | ■ | ણ | ■ | ર | ■ | ૨૫ આ | હી | ર |
| ૨૬ સુ | ભ | ગ | ■ | ૨૭ વા | ■ | ૨૮ બો | ર | ■ | કો |
| ૨૯ ર | ગ | ■ | ૩૦ ઘું | ટ | ણિ | યાં | ■ | ૩૧ હા | લ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ■ | ૫ | | ૬ |
| ૭ | | | ■ | | ■ | ૮ | | ■ | |
| | ■ | ૯ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | ■ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ |
| ■ | ૧૮ | | | ■ | ૧૯ | | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ■ | ૨૨ | ■ | ■ | ૨૩ | | |
| | ■ | ૨૪ | ૨૫ | | ૨૬ | | | ■ | |
| ૨૭ | ૨૮ | ■ | | ■ | | | | ■ | |
| ૨૯ | | ૩૦ | ■ | ૩૧ | | ૩૨ | ■ | ૩૩ | ■ |
| ■ | ૩૪ | | | | ■ | ૩૫ | | | |

**આડી ચાવી**

૧. ભગવાન શિવના પૂજનની રાત (૬)
૫. શિવ પત્ની (૩)
૭. --- પામવું એટલે આશ્ચર્ય થવું (૩)
૮. આરોપ, આક્ષેપ (૨)
૯. --- કરવા એટલે મહેણાં મારવાં (૩)
૧૨. અથાણાના --- જોડે ખીચડી ખવાય (૨)
૧૪. ત્રણ ગુણ - સત્વ, ---, તમસ (૩)
૧૬. લાજ, લજ્જા (૩)
૧૮. બાર માસનો સમય (૩)
૧૯. ભગવાન શિવના સસરા (૨)
૨૦. વેલ, લતા (૨)
૨૧. એક માપ (૨)
૨૩. સુંદર સ્ત્રી, એક વેલ (૩)
૨૪. ઉજ્જૈન પાસે આવેલું જ્યોતિર્લિંગ (૬)
૨૭. નવું (૨)
૨૯. ઢીલું (૩)
૩૧. માચીસ (૩)
૩૪. સૌરાષ્ટ્રમાં આવેલું જ્યોતિર્લિંગ (૪)
૩૫. ઉજ્જૈનમાં આવેલું જ્યોતિર્લિંગ (૪)

**ઊભી ચાવી**

૧. ભગવાન શિવનું એક નામ (૪)
૨. શિવના ગળામાં નાગનો --- હોય (૨)
૩. ઠંડક આપનાર (૩)
૪. રાજ્યનું વહીવટી કામકાજ (૪)
૫. સીમા, મર્યાદા (૨)
૬. યાત્રાનું ધામ (૨)
૮. મૂળ (૨)
૧૦. સ્પર્શ (૩)
૧૧. ઉત્તર ગુજરાતનો એક જિલ્લો (૪)
૧૩. સિંહ (૩)
૧૫. --- ભાવના એટલે સારી ભાવના (૨)
૧૭. શ્રીશૈલમાં આવેલું જ્યોતિર્લિંગ (૫)
૨૧. ભગવાન શિવનો પુત્ર (૪)
૨૨. પહેલાં નાની બાળકીઓ રમતી (૨)
૨૩. મૃત્યુ (૩)
૨૫. --- કરવું એટલે ઇચ્છા કરવી (૨)
૨૬. પ્રાણાયામનો પ્રકાર (૩)
૨૮. હે વાદળો, હવે તો --- (૩)
૩૦. મારું, બાળકનું ભોજન (૨)
૩૧. આલિંગન (૨)
૩૨. સરખું, જેવું (૨)
૩૩. મજબૂત, કાયમી, ચણેલા (૨)

### ગુજરાત મોરી મોરી રે

લાડુનું નામ પડતા જ ગુજરાતના કયા શહેરનું સૌપ્રથમ સ્મરણ થાય એ જણાવો. અહીં લાડુ ખાવાની હરીફાઈ પણ થાય છે.

અ) બોટાદ  બ) હળવદ  ક) દાહોદ  ડ) કેશોદ

### જાણવા જેવું

વાજિંત્ર મુખ્યત્વે ચાર પ્રકારનાં હોય છે: તંતુવાદ્ય, ચર્મવાદ્ય અથવા આનદ્ધવાદ્ય, સુષિર અથવા કંઠવાદ્ય તથા ઘન અથવા હસ્તવાદ્ય. આ પ્રકારનાં વાજિંત્રોમાં બીન, મોરલી, જલતરંગ, મૃદંગ, ખંજરી, ડફ, ઢોલ, શંખ, ઘંટા, ઝાલર, કિરતાલ, સારંગી, મંજીરાં, શરણાઈ, સૂરમંડળ, સરોદ, બંસી વગેરેનો સમાવેશ થાય છે.

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

લોહીના શ્વેત કણોના અચાનક વધી જવાને કારણે થતી બ્લડ કેન્સરની બીમારી અન્ય કયા નામે ઓળખાય છે એ જણાવો.

અ) માઈગ્રેન
બ) લ્યુકેમિયા
ક) હિપેટાઈટિસ
ડ) પ્રોગ્નોસિસ

### નોંધી રાખો

ઈશ્વરે આંખો તો માનવીને એક સમાન આપી છે. જોકે, દરેકનો જોવાનો અંદાજ અલગ અલગ હોય છે એ ખરું.

### માઈન્ડ ગેમ

૪૮ની ૨૫% રકમને પાંચ વડે ગુણ્યા બાદ એમાં ૪૦ ઉમેરવાથી કઈ સંખ્યા મળે એ સાવચેતીથી ગણતરી કરીને જણાવો.

અ) ૮૮  બ) ૧૩૬
ક) ૯૪  ડ) ૧૦૦

### સુડોકુ-૮૦૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | ૪ | | | |
| ૨ | ૯ | | | | | | | ૪ |
| ૮ | ૧ | | ૨ | | ૯ | | ૭ | |
| ૯ | ૮ | | | | | ૪ | | ૭ |
| | | | | | | | | |
| ૭ | | ૩ | | | | | ૮ | ૯ |
| | ૭ | | ૫ | | ૧ | | ૪ | ૬ |
| ૧ | | | | | | | ૯ | ૩ |
| | | | ૪ | | ૮ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૪ | ૩ | ૭ | ૫ | ૮ | ૬ | ૨ |
| ૩ | ૫ | ૮ | ૬ | ૪ | ૨ | ૯ | ૭ | ૧ |
| ૭ | ૨ | ૬ | ૮ | ૯ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૮ | ૪ | ૫ | ૧ | ૭ | ૪ | ૯ | ૬ |
| ૫ | ૧ | ૯ | ૪ | ૩ | ૬ | ૭ | ૨ | ૮ |
| ૪ | ૬ | ૭ | ૨ | ૮ | ૯ | ૧ | ૩ | ૫ |
| ૮ | ૪ | ૫ | ૭ | ૨ | ૩ | ૬ | ૧ | ૯ |
| ૬ | ૩ | ૧ | ૫ | ૫ | ૮ | ૨ | ૪ | ૭ |
| ૯ | ૭ | ૨ | ૧ | ૬ | ૪ | ૫ | ૮ | ૩ |

### ગયા શનિવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| વાયરો | પવન |
| વારવું | રોકવું |
| વાંછના | ઈચ્છા |
| વાવડ | સમાચાર |
| વાસીદું | કચરો |

**ઓળખાણ પડી**
વિવ રિચર્ડ્સ

**માઈન્ડ ગેમ**
યુકે

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
ક્લોરિન

**ગુજરાત મોરી મોરી રે**
ભરૂચ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગિરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોલા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતીન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) નૂતન વિપીન (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૫૧) વિજય આસર (૫૨) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ

ફોકસ

# આપણી ખરી ઓળખ... આપણી માતૃભાષા!

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

'અમારી અનંત ઓળખાણોમાં સૌથી ગાઢ અને સાચી ઓળખાણ છે અમારી માતૃભાષા...'

પાકિસ્તાનની રચના બાદ તેના શાસકોએ પૂર્વ ભાગમાં (હાલનું બાંગ્લાદેશ) પર ઉર્દૂ લાદવાની કોશિશ કરી હતી ત્યારે ૧૯૫૦ના દાયકામાં ઢાકાથી લઈને ચિટ્ગાંવ સુધીની ગલીઓમાં 'અમાર બાંગ્લા'નો નાદ ગુંજી ઊઠ્યો હતો. અંતે આ લોકો અલગ દેશ બનાવીને જ રહ્યા. ૨૧ ફેબ્રુઆરી ૧૯૯૯માં બાંગ્લાદેશના વિદ્યાર્થીઓએ માતૃભાષા માટે શરૂ કરેલા આંદોલનથી પ્રેરાઈને 'યુનેસ્કો'એ ૧૯૯૯માં આ દિવસને 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઘોષિત કર્યો. આજે આખું વિશ્વ આ દિવસને ઉમંગ સાથે મનાવે છે.

સવાલ એ છે કે સમાજ માટે માતૃભાષા કેમ આટલી મહત્ત્વની હોય છે? આનું મોટું કારણ એ છે કે દુનિયાનો કોઈ પણ સમાજ માતૃભાષા વગર તેની ઓળખાણ બનાવી શકતો નથી. કોઈ પણ સમાજમાં સંસ્કૃતિ અને એની ઓળખાણ તેની માતૃભાષા સાથે જોડાયેલી હોય છે. આથી જ ભાષાઓના ઇતિહાસમાં માતૃભાષાનું ખાસ સ્થાન હોય છે. વિવિધ સમુદાયોની હયાતીમાં મુખ્ય ભૂમિકા માતૃભાષાની હોય છે. માતૃભાષા કોઈ પણ સમાજની પરંપરા અને સંસ્કૃતિને પોષણ આપે છે. લોકકથા, સાહિત્ય, ધાર્મિક ગ્રંથ અને સ્થાનીય જ્ઞાન માતૃભાષાને લીધે જ પેઢીઓને મળે છે. વાસ્તવમાં માતૃભાષા જ વિચાર અને અભિવ્યક્તિની સહજતા પ્રદાન કરે છે. લોકો માતૃભાષામાં જ પોતાના વિચાર સર્વાધિક સજાગતા અને ચોકસાઈપૂર્વક રજૂ કરી શકે છે. માતૃભાષા શિક્ષણ અને વિકાસમાં સહાયક હોય છે. દુનિયાના વિવિધ ભાગોમાં થયેલા મનોવૈજ્ઞાનિક અભ્યાસ બતાડે છે કે જે બાળકો શરૂઆતમાં માતૃભાષામાં અભ્યાસ કરે છે એ લોકો માતૃભાષામાં તો સારું પ્રદર્શન કરે જ છે એટલું જ નહીં, બીજી ભાષાઓમાં પણ સારો દેખાવ કરે છે.

માતૃભાષા આપણી નસે નસની ઓળખાણ આપે છે. તે આપણી રાજકીય અને સામાજિક ઓળખાણને તાકાત આપે છે. જો એમ ન હોત તો બાંગ્લાદેશમાં થયેલું બાંગ્લા ભાષા આંદોલન સ્વતંત્રતા અને સ્વાયત્તતાનું પ્રતીક ન બનત. અમુક લોકો એવો સવાલ કરી શકે છે કે શું આજના ગ્લોબલાઈઝેશનના યુગમાં માતૃભાષાનું એટલું જ મહત્ત્વ છે જેટલું દુનિયા અલગ અલગ ટાપુમાં વસેલી હતી ત્યારે હતું?

યસ, નિશ્ચિત રીતે માતૃભાષાનું મહત્ત્વ કોઈ પણ સમય કે યુગમાં ઓછું નથી થયું. જોકે સૌથી મોટું સંકટ એટલે કે ગ્લોબલાઈઝેશનનું દબાણ એટલું છે કે સવાલ થાય છે કે માતૃભાષા જીવિત બચે તો કેવી રીતે બચે. એનો વિકાસ કેવી રીતે થાય? અલબત્ત એવું પણ નથી કે આપણે પ્રયાસો કરીએ તો માતૃભાષા બચી ન શકે. એમાં કોઈ બેમત નથી કે ગ્લોબલાઈઝેશનને લીધે વેપાર, કારોબાર અને રોજગારનું દબાણ સૌથી વધારે માતૃભાષા પર પડે છે. જો સરકાર અને સામાન્ય જનતા માતૃભાષા માટે સજાગ રહે તો ગ્લોબલાઈઝેશનના યુગમાં પણ માતૃભાષા બચી શકે છે. દુનિયામાં અનેક એવાં શહેરો જે રોજગાર, કારોબાર અને શાસન-પ્રશાસનની દૃષ્ટિથી સામાન્ય લોકોની અપેક્ષાની સમીપ છે ત્યાં માતૃભાષા એ શહેરો અને વિસ્તારો કરતાં વધુ તંદુરસ્ત છે જ્યાં શાસન-પ્રશાસનથી લઈને રોજગાર અને આજીવિકાનું દબાણ વધુ છે. આનું કારણ એ છે કે જો આપણે આપણી રોજિંદી જરૂરિયાતોને પૂરી કરવામાં અસાનીથી સફળ થઈએ તો આપણે આપણી માતૃભાષાને જીવતી રાખી શકીએ. એવાં શહેરો, દેશો અને પ્રદેશોની સત્તા પણ એને જીવતી રાખવામાં સકારાત્મક ભૂમિકા ભજવે છે.




જો નાગરિક સમાજ અને સરકાર માતૃભાષા માટે સજાગ અને ચિંતાતુર હોય તો નીતિ, નિર્માણ અને કાનૂની સંરક્ષણના માધ્યમથી માતૃભાષાને શિક્ષણ, પ્રસારણ અને પ્રસાર માધ્યમોની મદદથી મજબૂત બનાવી શકાય છે. આ ડિજિટલ યુગમાં માતૃભાષાને જીવંત રાખવાનું ભલે મુશ્કેલ લાગતું હોય, પરંતુ હકીકતમાં હવે માતૃભાષાને જીવંત રાખવી પહેલાંથી વધારે આસાન છે. આજનો જમાનો સોશિયલ મીડિયાનો છે જે રોજિંદી જીવનધારાના દબાણથી ઉપર છે અને લોકો પોતાનાં કામકાજ ઉપરાંત બીજે હિસ્સો આપીને માતૃભાષાને જીવંત રાખી શકે. શરત એટલી માત્ર છે કે આપણે સોશિયલ મીડિયામાં આપણી માતૃભાષામાં સંવાદ કરીએ. આજે લાખો વેબસાઈટ છે જે આ કામ કરી રહી છે. મોબાઈલ એપ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) વડે પણ માતૃભાષાને જીવંત રાખી શખાય, જો વિવિધ સરકાર માતૃભાષા અંગે સજાગ અને ચિંતિત રહે તો ઉચ્ચ શિક્ષણ ભલે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ભાષામાં અપાય, પરંતુ પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં આપીને તેને જીવાડી શકાય અને આનાથી ઉચ્ચ શિક્ષણ પણ માતૃભાષામાં આપવાનો તખ્તો ગોઠવાય છે.

જો સમાજ માતૃભાષાને જીવતી રાખવાનું દાયિત્વ એકલી સરકાર પર ન નાખે. સમાજ પ્રાદેશિક સાહિત્ય અને કળાને પ્રોત્સાહિત કરી શકે. સ્થાનિક લેખકો, કવિઓ અને કલાકારોને પ્રોત્સાહન આપીને સમાજ માતૃભાષાને જીવંત રાખી શકે એટલું જ નહીં, પરંતુ તેને ટકાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. સ્થાનિક નાગરિક પ્રશાસન સંસ્થાઓ જેવી કે નગરપાલિકા, ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયત માતૃભાષાને જીવંત રાખવામાં પોતાની ભૂમિકા ભજવી શકે. તેમના પર સ્થાનિક જાહેરાત, સાઈનબોર્ડ અને સરકારી ઘોષણાને જનતા સુધી પહોંચાડવાનું દાયિત્વ હોય છે. જો તેઓ માતૃભાષા અંગે સજાગ રહે તો એકદમ આસાનીથી નીચલા સ્થાનિક સ્તરે પણ માતૃભાષા મજબૂત રહેશે અને એનો વિકાસ પણ થશે.

આમ કરવાનું એટલા માટે જરૂરી છે, કારણ કે ગ્લોબલ વૉર્મિંગની જેમ માતૃભાષા પર પણ અતિશય મોટું જલવાયુ સંકટ ઘેરાયેલું છે. 'યુનેસ્કો'એ પણ એવી કબૂલાત કરી છે કે દર પખવાડિયે કોઈ એક સ્થાનિક ભાષા લુપ્ત થાય છે. ઑસ્ટ્રેલિયા અને પ્રશાંત દ્વીપમાં અંગ્રેજીને લીધે અહીંની હજારો સ્થાનિક ભાષા લુપ્ત થઈ. લાંબા સમય સુધી વસાહત રહેવાને લીધે આફ્રિકામાં મોટા સ્તરે સ્થાનિક ભાષા ખતમ થઈ ગઈ અને અહીં અંગ્રેજી, ફ્રેન્ચ અને પુર્તગાલી ભાષાઓએ કાયમી પ્રભુત્વ જમાવ્યું.

આ જ રીતે એશિયામાં જુઓ કે ચીનમાં સ્થાનિક ભાષાઓ મંડારિનના પ્રભાવમાં લુપ્ત થઈ છે. ભારતમાં હિન્દી અને અને અંગ્રેજીના પ્રભુત્વને લીધે અનેક નાની અને આદિવાસી ભાષા લુપ્ત થવાને આરે છે. આવું જ કંઈક રશિયામાં રશિયન ભાષાના પ્રભુત્વને લીધે સ્થાનિક ભાષાઓ પર માઠી અસર પડી છે. ટૂંકમાં કહીએ તો માતૃભાષાને ફક્ત વિદેશી ભાષાનું સંકટ નથી, પરંતુ સ્થાનિક સ્તરે પ્રભુત્વવાળી ભાષાઓનો ખતરો પણ છે.

આઝાદી બાદ રાજકીય રીતે એમ ભલે કહેવાય છે કે હિન્દી જેટલી સશક્ત થશે એમ મનાતુ હતું એટલી તાકાતવાળી થઈ નથી. માતૃભાષાનાં ચશ્માંથી હિન્દીને જોઈએ તો હિન્દી આજે અનેક નાની બોલી અને માતૃભાષા માટે સંકટ બની ગઈ છે. ૨૦૧૧ની વસતીગણતરી પ્રમાણે ભારતમાં લગભગ બાવન કરોડ લોકો હિન્દી બોલે છે જે વસતિના ૪૩ ટકા થાય છે. હિન્દી બોલનારાના આ વિરાટ આંકડાની અસર એ થઈ કે બોલિવૂડ, ટેલિવિઝન અને મીડિયાનો મોટો ભાગ હિન્દીમય થઈ ગયો અને નાની બોલી અને માતૃભાષા પર સંકટનાં વાદળાં ઘેરાયાં. ભારતમાં હિન્દી બાદ બાંગ્લા બોલનારા ૨૬ કરોડથી વધારે લોકો છે. ત્યાર બાદ ક્રમશઃ તેલગુ, મરાઠી, કન્નડ, ગુજરાતી અને પંજાબી જેવી ભાષા છે જે સ્થાનિક સ્તરે બોલવામાં આવે છે અને મજબૂત દેખાય છે. હાલના દાયકાઓમાં આ મોટી ભાષાઓ પર હિન્દી અને અંગ્રેજીનું દબાણ છે. આથી આ ભાષાઓને બચાવવા સ્થાનિક સમાજો અને સરકારોએ સજાગ રહેવું પડશે. આજે મુંબઈ જેવા મહાનગરમાં પહેલી ભાષા હિન્દી અને બીજા નંબરની ભાષા મરાઠી બની ગઈ છે. સ્થાનિક સ્તર પર આ વાત ઓછી સમજાય છે, પરંતુ કામકાજ, વેપાર અને બીજા બિઝનેસ સંપર્કમાં એવું પ્રતીત થાય છે કે મુંબઈમાં મરાઠીનો દરજ્જો ત્રીજા નંબરે છે. પહેલા નંબરે અંગ્રેજી અને બીજા નંબરે હિન્દી છે.

આવી સ્થિતિમાં સ્થાનિક સમાજોની સંવેદનશીલતાથી જ માતૃભાષાને જીવતી રાખી શકાય છે. 'યુનેસ્કો'ના જણાવ્યા પ્રમાણે ભારતમાં ૧૯૭ ભાષા લુપ્ત થઈ ગઈ અથવા તો એની સમીપ છે. ગ્રેટ અંદમાની, બોગી, જેરુ અને ઉતિકવાર જેવી દ્વીપીય ભાષાઓ જે આંદામાન ટાપુ પર બોલાતી હતી એ હવે હયાત નથી. આ જ રીતે સંથાલી, શૌરસેની અને ઈશાનની બારેક બોલી અને ભાષા લુપ્ત થઈ અથવા એની સમીપ પહોંચી ગઈ છે. આ જ હાલ તેલગુ, મરાઠી અને બીજી સ્થાનિક માતૃભાષા અને બોલીના છે.. દાખલા તરીકે કોંકણી અને તુલુ પર પણ સંકટનાં વાદળાં ઘેરાયાં છે. જો આપણે આ ભાષાઓને બચાવવી હોય તો તરત જ સજાગ થવું પડશે અને પૂરી સંવેદનશીલતાથી આ ભાષાને આપણા જીવન સાથે જોડવી પડશે. આમ કરવાથી જ ગ્લોબલાઈઝેશન છતાં આપણી સ્થાનિક ભાષાઓ ધબકતી રહેશે. ■

ફોકસ પ્લસ

## ભારતીય વિજ્ઞાનની નવી મંજિલ

# AI - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ

વિણા ગૌતમ
feedback@bombaysamachar.com

ભારતીય વિજ્ઞાન દિવસ એટલે ૨૮ ફેબ્રુઆરી નિમિત્તે, મહાન વૈજ્ઞાનિક ચંદ્રશેખર વૈંકટરમનની 'રમણ પ્રભાવ' શોધને સમર્પિત છે. દેશ અને સમાજની વૈજ્ઞાનિક દિશા નક્કી કરવા માટે એક થીમ અથવા કેન્દ્રીય થીમ પસંદ કરે છે. આ વર્ષની રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની થીમ 'વિકસિત ભારત માટે વિજ્ઞાન અને નવીનતા' છે. આ થીમનો ઉદ્દેશ્ય વૈશ્વિક નેતૃત્વ માટે ભારતીય યુવાનોને સશક્ત કરવાનો છે. આ થીમનો એક અર્થ એ છે કે દેશના ભાવિ વિકાસ અને ભવિષ્યની વૈજ્ઞાનિક દિશાને નક્કી કરવા માટે નવીનતાને મહત્ત્વ આપવું, યુવાનોને તેમની તરફ આકર્ષિત કરવા. આ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિવાય બીજું કંઈ ડેસ્ટિનેશન હોઈ શકે? જેના માટે તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેરિસમાં આયોજિત એઆઇ સમિટમાં કહ્યું હતું કે ભારત દેશ અને વિશ્વની સમૃદ્ધિ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે. એક અંદાજ મુજબ, વર્ષ ૨૦૩૫ સુધીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું સકારાત્મક યોગદાન દેશના કુલ જીડીપીમાં એક ટ્રિલિયન યુએસ ડૉલરનો વધારો કરશે. આના પરથી સમજી શકાય છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આપણા અને વિશ્વના ભવિષ્ય માટે કેટલું મહત્ત્વનું છે. તે કારણ વિના નથી કે એકલા યુરોપિયન યુનિયન આગામી પાંચ વર્ષમાં આ ક્ષેત્રમાં ૪૩ અબજ ડોલરનું રોકાણ કરવા જઈ રહ્યું છે. તેથી ચીન, અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને કેનેડા સહિત આખું વિશ્વ આગામી દાયકામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં આશરે રૂ.૫૦ ટ્રિલિયનનું રોકાણ કરશે. અગાઉના કોઈ પણ યુગમાં વિશ્વએ ટેક્નોલોજીના કોઈ ચોક્કસ ક્ષેત્ર પર આટલું ધ્યાન કેન્દ્રિત કર્યું નથી અને ન તો કોઈ ક્ષેત્રમાં આટલા મોટા પાયા પર રોકાણ કરવામાં આવ્યું છે. આના પરથી અંદાજ લગાવી શકાય છે કે એઆઇ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર દુનિયા કેટલો મોટો દાવ લગાવી રહી છે અને આમ શા માટે ન થાય, જ્યારે દરેક વ્યક્તિ માની રહ્યો છે અને માનવા કરતાં જોઈ રહ્યો છે કે, એઆઇ આપણા રોજગારની દુનિયાના દરેક ક્ષેત્રમાં ચમત્કારિક રીતે ફેરફારો કરી રહ્યું છે.



આ સમગ્ર માહોલમાં ભારત માટે સંતોષની સૌથી મોટી વાત એ છે કે અત્યારે ભલે આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રને કોઈ મોટી શક્તિ તરીકે જોતા નથી, પરંતુ વિશ્વભરના એઆઇ નિષ્ણાતો માને છે કે ભવિષ્યમાં આપણે આ ક્ષેત્રના સૌથી મોટા ખેલાડી બનીશું. ઓપન એઆઈના સીઈઓ સેમ અલ્ટમેન એઆઈ દ્વારા વિકસિત પ્રથમ વિગતવાર ભાષા મોડેલ ચેટજીપીટીના શોધકોમાંના એક છે. તેમણે નવી દિલ્હીમાં જાહેરમાં કહ્યું છે કે ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ભવિષ્યનો સૌથી મોટો ખેલાડી છે. આમાં અતિશયોક્તિ નથી લાગતી કારણ કે આજે પણ આપણી પાસે એઆઇ પર આધારિત કોઈ પ્રોડક્ટ નથી, જેણે તાજેતરના સમયમાં સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી છે. પરંતુ એઆઇના ગઢ એવા સિલિકોન વેલીમાં, સૌથી વધુ કુશળ એન્જિનિયરો જેઓ એઆઇની દુનિયાને નવી દિશા આપી રહ્યા છે તે મોટાભાગે ભારતીયો છે. આ કુશળ મેનપાવરને કારણે આખી દુનિયા એઆઈ અને ભારત તરફ જોઈ રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સે સમગ્ર વિશ્વનો ચહેરો બદલી નાખ્યો છે. આજની તમામ નવીનતાઓ આ ટેકનોલોજી સુધી મર્યાદિત છે. આને કારણે પણ, ભારત આવનારાં વર્ષોમાં આ ક્ષેત્રમાં મોટો ખેલાડી હશે. કારણ કે આપણે પહેલાથી જ શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રોમાં એઆઇનો વ્યાપક ઉપયોગ શરૂ કરી દીધો છે. જો કે, આ બધાને કારણે, સમાજમાં એક વ્યાપક માન્યતા રચાઈ છે કે એઆઇ ભારતીયોને મોટા પાયે બેરોજગાર બનાવી રહ્યું છે. પરંતુ એવું લાગે છે કે આ ધારણાનું ખંડન કરવા માટે, વડા પ્રધાન મોદીએ પેરિસમાં તેમના એક મુખ્ય સંબોધનમાં કહ્યું હતું કે કોઈ પણ ટેક્નોલોજી નોકરીઓ છીનવી શકતી નથી, કદાચ તેમનો હેતુ એ લોકોને જવાબ આપવાનો હતો જેઓ એઆઇ વિરુદ્ધ આંદોલન શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જ્યારે રાજીવ ગાંધીએ ૯૦ના દાયકામાં રોજિંદા જીવનમાં કોમ્પ્યુટરની શરૂઆત કરી ત્યારે કોમ્પ્યુટરનો ઘણો વિરોધ થયો હતો, પરંતુ આજે નાની ઓફિસ કે પ્રોફેશનલ પણ કોમ્પ્યુટર વગર કશું કરી શકતું નથી. આવી જ સ્થિતિ આગામી દિવસોમાં એઆઇ સાથે થવાની છે. હકીકતમાં, એઆઇ ખૂબ જ ઝડપથી ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ બનવા જઈ રહ્યું છે. નેસકોમના એક રિપોર્ટ અનુસાર, એઆઇ ૨૦૩૫ સુધીમાં ભારતના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં ૫૦૦ અબજ ડૉલરનો વધારો કરી શકે છે. આજે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉત્પાદન એટલે મેન્યુફેક્ચરિંગ, ઈ-કોમર્સ અને સેવા ક્ષેત્રોમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતીય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે આઈઆઈટી અને અન્ય અગ્રણી યુનિવર્સિટીઓ હાલમાં એઆઇ પર ખૂબ જ ઝડપી ગતિએ સંશોધન કરવામાં વ્યસ્ત છે. ભારત સરકારે ઈન્ડિયા એઆઈ મિશન હેઠળ એઆઇ સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક વ્યૂહરચના બનાવી છે. વાસ્તવમાં, તમામ ક્ષેત્રોમાં એઆઇનો ઉપયોગ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. પરંતુ જે રીતે સ્વાસ્થ્યના ક્ષેત્રે જેમ કે ડિજિટલ હેલ્થ મિશનના ક્ષેત્રમાં એઆઇ-આધારિત નિદાન અને ટેલિમેડિસિન કોરોના પછી જે રીતે ઝડપી ગતિએ વધ્યા છે, એવો એઆઈનો ઉપયોગ ભાગ્યે જ કોઈ અન્ય ક્ષેત્રમાં થયો છે.

કહેવાનો મતલબ એ છે કે, એક તરફ, જ્યારે સર્વિસ સેક્ટર આગામી દિવસોમાં એઆઇ ટેક્નોલોજી પર સંપૂર્ણપણે નિર્ભર રહેશે, તેવી જ રીતે હેલ્થકેર સેક્ટરમાં, એઆઇ સંચાલિત રોબોટિક્સ, સર્જરી અને મેડિકલ ઇમેજિંગનો ઉપયોગ કેન્સર અને ટીબી જેવા અસાધ્ય રોગોને ઓળખવામાં અને તેને દૂર કરવામાં જે ભૂમિકા ભજવશે, તે અન્ય કોઈપણ ક્ષેત્રમાં જોવી મુશ્કેલ હશે. કૃષિ ક્ષેત્રમાં પણ એઆઇનો ઉપયોગ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. ડ્રોન અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઇઓટી) સેન્સર દ્વારા પાક પર સતત દેખરેખ અને તેમના સ્વાસ્થ્યનું વિશ્લેષણ ચાલી રહ્યું છે. એઆઇ ટેક્નોલોજીની પ્રગતિ સાથે ખેડૂતોને હવામાનની સચોટ આગાહી મળી રહી છે. જમીનમાં યોગ્ય બીજ અને પાકની ઓળખ કરવામાં આવી રહી છે અને કૃષિ ઉત્પાદનમાં અનેકગણો વધારો કરવા માટે એઆઇ ઘણા ફાયદાઓ પ્રદાન કરી રહ્યું છે. કદાચ તેથી જ નીતિ આયોગને કૃષિ એઆઇ મોડલ પર સૌથી વધુ વિશ્વાસ છે અને એઆઇ મોડલ સતત આ વિશ્વાસ પર ખરું ઊતરી રહ્યું છે.

સંરક્ષણ અને સંશોધન ક્ષેત્રોમાં પણ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અદ્ભુત ગતિએ આગળ વધી રહ્યું છે. ઇન્ડિયન ડિફેન્સ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન અને આર્મી સંયુક્ત રીતે એઆઇ-આધારિત સ્માર્ટ વેપન્સ, સર્વેલન્સ સિસ્ટમ્સ અને સાયબર સિક્યુરિટી સિસ્ટમ્સ વિકસાવી રહ્યા છે. ભારતીય સેના ડ્રોન સર્વેલન્સ અને એઆઇ આધારિત યુદ્ધ વ્યૂહરચનાને ઝડપથી વિકસાવવામાં વ્યસ્ત છે. ભારતના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, ડિજિટલ ઈન્ડિયા મિશન, સ્ટાર્ટઅપ્સ ઈકો સિસ્ટમ જેવા મહત્ત્વાકાંક્ષી ક્ષેત્રો ઈન્ટરનેટ અને એઆઇના વધુ સારા ઉપયોગને કારણે જ સંભવ છે. જો વિશ્વના ઘણા દેશો ભારતને ભવિષ્યમાં એઆઇના લીડર તરીકે માની રહ્યા છે, તો તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો માત્ર ઉપયોગ ક્ષેત્ર જ વ્યાપક નથી, પરંતુ તેના માટે આપણું વાતાવરણ પણ ખૂબ જ અનુકૂળ છે. જે રીતે છેલ્લાં કેટલાંક વર્ષોમાં, સરકાર દ્વારા મોટાભાગના રોજિંદા વ્યવહારો યુપીઆઈને કારણે એઆઇ દ્વારા પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. આનાથી સ્પષ્ટ છે કે ભારત પાસે એઆઇ ક્ષેત્રમાં ટેકઓફ કરવા માટે તમામ જરૂરી ઉપકરણો છે. આવી સ્થિતિમાં એ સ્વાભાવિક છે કે આપણા વ્યાપક વિજ્ઞાન ક્ષેત્રની ઓળખ ભારતીય વિજ્ઞાનના લક્ષ્ય એઆઈ મિશન પર કેન્દ્રિત છે. વાસ્તવમાં, આ ભારતીય વિજ્ઞાનનું નવું ગંતવ્ય છે - આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ. ■

શરદ જોશી સ્પીકિંગ

# જાણી લેવા જેવી 3 મોડર્ન બોધકથા

સંજય છેલ
feedback@bombaysamachar.com

### (૧) બિલાડી પાસેથી બોધ



એક દેશમાં શહેરના લોકોના દિલમાં સરકાર વિરુદ્ધ ઘણી ફરિયાદો હતી અને એ લોકોને એમના રાજા પર બહુ ગુસ્સો હતો. એક દિવસ એ લોકોએ સરકાર વિરુદ્ધ સરઘસ કાઢવાનું નક્કી કર્યું. આ સમાચાર મંત્રીઓ સુધી પહોંચ્યા. સરઘસને દબાવવા અને આ બળવો રોકવા માટે જરૂરી તમામ પગલાં લેવાના આદેશો આપવામાં આવ્યા.

સરઘસ નીકળ્યું એટલે એને રોકવામાં આવ્યું, પણ સરઘસ રોકાયું નહીં એટલે ભારી લાઠીચાર્જ કરવામાં આવ્યો, ગોળીબાર પણ કરવો પડ્યો, જેને કારણે ઘણા લોકો ખૂબ ઘાયલ થયા. પરિણામે, છેવટે સરઘસ વિખેરાઈ ગયું અને શહેરમાં સરકારી વર્ચસ્વ ફેલાઈ ગયું. વળી સરઘસ કાઢનાર નેતાઓની ધરપકડ કરવામાં આવી.

થોડા સમય પછી, મંત્રીઓના આદેશથી એ શહેરમાં અચાનક ઘણાં સારાં કામ થવાં માંડ્યાં. જેમ કે- 'અનાજ સસ્તું થયું, નવાં કારખાનાઓ શરૂ કરવામાં આવ્યાં, નવા રસ્તાઓ બન્યા.' આ જોઈને એક શરીફ માણસે મંત્રીને પૂછ્યું, 'તમે ગજબ છો, મંત્રી સાહેબ! કાલ સુધી તો તમે આ શહેરના લોકો પર ગોળીબાર કરીને જનતાને મારી રહ્યા હતા અને આજે હવે તમે અચાનક એ જ લોકોની સુખાકારી અને પ્રજાના વિકાસના પ્રયત્નો કરવા લાગ્યા!'

બુદ્ધિશાળી મંત્રીએ જવાબ આપ્યોઃ 'એમાં શું છે કે હું બિલાડી પાસેથી એક બોધપાઠ શીખ્યો છું કે જ્યારે બિલાડી એકદમ ચોખ્ખી જગ્યા પર બેસીને જ મળમૂત્રની ગંદકી કરે, પછી એ તરત જ એ ગંદકીને માટીથી ઢાંકી દે.

અર્થાત્ઃ 'ગમે તેવાં ખરાબ કાર્યોને પણ થોડાં સારાં કાર્યોથી ઢાંકી શકાય અને દરેક નેતાએ એ છુપાવી દેવાં જ જોઈએ!, જેથી કરીને જો જો... હવે જ્યારે ચૂંટણી આવશે ત્યારે લોકો અગાઉનાં મારાં ખરાબ કાર્યોને ભૂલી જશે અને ફક્ત છેલ્લે આચરેલાં સારાં કાર્યોને જ યાદ રાખશે.

યાદ રાખો, મારું ચૂંટણીચિહ્ન હશેઃ બિલાડી!

### (૨) સરકારી સવારી.. ચાલ રાણી, ક્યાંક દૂર જઈએ!



'જો જો.. આ રસ્તો જ્યાં જાય છે એના અંતમાં એક ધોધ છે. તેનો મધુર અવાજ સંગીતની લહેર જેવો લાગે છે. મને કલાકો સુધી ત્યાં બેસી રહેવાનું મન થાય છે. ચાલ રાણી, આજે રવિવાર છે, ક્યાંક જઈએ!'

ધોધ પાસે બેસીને સુખની જે અનુભૂતિ થશે એની સરખામણીમાં આ સરકારી જીપમાં પેટ્રોલનો ખર્ચ થશે એ સાવ નજીવો છે.

આ બીજા રસ્તાના અંતમાં ગુફાઓ છે, જેમાં સુંદર માનવાકારની મૂર્તિઓ છે, જે કોઈ પણ ત્યાં જાય છે, એ પોતાને ભૂલી જાય છે. ચાલ રાણી, આપણે ત્યાં જઈને આ ગુફાઓની છાયામાં બેસીએ.

ગુફાઓમાં જવાથી જે આધ્યાત્મિક શાંતિનો અનુભવ થશે રાણી એની સરખામણીમાં સરકારી જીપમાં પેટ્રોલનો ખર્ચ થશે એ પણ સાવ નજીવો છે.

આ ત્રીજા રસ્તાના અંતમાં એક વિશાળ શિવ મંદિર છે. પ્રલયંકાર શંકરની મૂર્તિનાં દર્શન કરીને આંખો અને મનને પરમ સંતોષ મળે છે. ચાલ રાણી, આપણે ત્યાં શિવનાં દર્શન કરવા જઈએ!

શિવજીનાં દર્શન કરવાથી જે પુણ્યની પ્રાપ્તિ થશે એની સરખામણીમાં સરકારી જીપમાં પેટ્રોલનો ખર્ચ થશે એ સાવ નજીવો છે.

આખરે સરકારી પેટ્રોલ સારાં કામે ક્યારે વપરાશે?

### (૩) સસલાની જીત ને કાચબા પર કટોકટી



જેમ કે આપણને ખબર જ છે કે એક એવી વાર્તા છે જેમાં એક હતો કાચબો અને એક હતો સસલો. બાકીની વાર્તા તો સૌ જાણે જ છે.

પણ એવા એક સસલાએ કાચબાને સંસદમાં, રાજકીય મંચ પર અને પ્રેસનાં નિવેદનો માટે પડકાર આપ્યો- 'જો આગળ વધવાની બહુ તાકાત છે, તો મારા કરતાં પહેલાં અંતિમ મુકામ પર પહોંચીને બતાડ!'

બેઉ વચ્ચે હરીફાઈ શરૂ થઈ. સસલો એના સ્વભાવ પ્રમાણે ફટાફટ દોડવા લાગ્યો અને કાચબો એની પોતાની રીતે ધીમી ગતિએ આરામથી ચાલતો રહ્યો

જેમ કે આપણને ખબર જ છે કે, આગળ જઈને સસલો એક ઝાડ નીચે આરામ કરવા માંડ્યો. આ વિશે એણે પત્રકારોને કહ્યું, 'હું રાષ્ટ્રની સમસ્યાઓ પર ગંભીર ચિંતન કરી રહ્યો છું, કારણ કે મારે ઝડપથી એ લક્ષ્ય સુધી પહોંચવાનું છે ને દેશને પણ આગળ વધારવાનો છે'. બસ આટલું કહીને સસલો આંખ મીંચીને ચિંતન કરવા માંડ્યો એટલે કે ઘસઘસાટ એ સૂઈ ગયો.

આ બાજુ કાચબો ધીમે ધીમે એના લક્ષ્ય સુધી પહોંચવા માંડ્યો.


થોડીવારે જ્યારે સસલો સૂઈને ઊઠ્યો ત્યારે એણે જોયું કે કાચબો એના કરતાં ઘણો આગળ નીકળી ગયો છે એટલે એને સમજાઈ ગયું કે આ વખતે પણ એની હાર અને બદનામીની પૂરી શક્યતાઓ છે એટલે ચાલાક સસલાએ તરત જ દેશમાં કટોકટી જાહેર કરી દીધી અને એણે એના નિવેદનમાં કહ્યું, 'પ્રગતિશીલ, પછાત અને રૂઢિચુસ્ત તાકતો આગળ વધી રહી છે, તેઓથી દેશને બચાવવો ખૂબ જ જરૂરી છે. જેથી આજથી દેશમાં ઇમર્જન્સી!'


આમ કાચબો એના લક્ષ્ય સુધી પહોંચે અને રેસ જીતે એ પહેલાં જ એની ધરપકડ કરવામાં આવી અને એને જેલમાં ધકેલી દેવામાં આવ્યો! §■

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# બોલો, વોલ્ટ ડિઝની ‘જાસૂસ’ હતા ને પેલો ચાર્લી ચેપ્લિન ‘કમ્યુનિસ્ટ’ હતો!


વોલ્ટ ડિઝની


ચાર્લી ચેપ્લિન

અમેરિકા અને એની FBI તેમ જ CIA જેવી સંસ્થા પોતાની કાર્યપદ્ધતિ માટે આખી દુનિયામાં કુખ્યાત છે. હમણાં અમેરિકાનું ‘ડીપ સ્ટેટ’ ચર્ચામાં છે, પણ આ વાત આજકાલની નથી, બલકે ગઈ સદીથી ચાલી આવે છે. અમેરિકાએ કેવા કેવા લોકોની જાસૂસી કરી છે, અને કેવા કેવા લોકોનો ‘જાસૂસ’ તરીકે ઉપયોગ કર્યો છે, એનોય આખો રસપ્રદ ઇતિહાસ છે.

હેલન કેલરની સિદ્ધિઓ વિષે આપણે ઘણું વાંચ્યું છે. મૂંગી, બહેરી અને આંધળી હોવા છતાં આ સ્ત્રીએ જે હિંમતથી જીવન જીવી બતાવ્યું. એનાં વખાણ તો દુશ્મનોએ પણ કરવાં પડે, પણ હેલનબહેનની એક ખૂબી એ હતી કે પોતાની તમામ શારીરિક મર્યાદાઓ છતાં એ રાજકારણમાં રસ લેતાં. એટલું જ નહિ, તત્કાલીન અમેરિકી પ્રમુખ વુડ્રો વિલ્સનના એ ટીકાકાર હતાં. હેલનની છાપ સમાજવાદના હિમાયતી તરીકેની પણ ખરી. એટલે લાંબો સમય સુધી FBIએ આ સ્ત્રીને શંકાના દાયરામાં રાખેલી. એમનાં ઉપરાંત, બીજી કેટલીક એવી સેલિબ્રિટીઝ પણ છે, જેમણે રીતસર FBIના ‘જાસૂસ’ તરીકે સેવા આપી હોય!

મિકી માઉસ જેવા પ્રખ્યાત કાર્ટૂનના સર્જક વોલ્ટ ડિઝની પણ અમેરિકી સંસ્થા ‘ફેડરલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન- FBI’ માટે જાસૂસી કરતા હતા! એ પોતાના જમાનાના ઉમદા એનિમેટર હતા, ફિલ્મ પ્રોડ્યુસર હતા અને પ્રખ્યાત ડિઝની સ્ટુડિયોના સ્થાપક પણ ખરા. અમેરિકામાં ૧૯૩૦ના દાયકામાં ઘેરી મંદી આવી. આવો સમય દેશના દુશ્મનોને ફાવીતો પડે છે. અર્થતંત્ર ડામાડોળ હોય અને પ્રજા ગરીબી-ભૂખમરામાં પીસાતી હોય ત્યારે દુશ્મનો ‘ક્રાંતિ’ના નામે સરકાર ઉથલાવીને રાજકીય અસ્થિરતા પેદા કરવાનાં કાવતરાં કરતાં હોય છે. અમેરિકી સરકારનેય આવો જ ડર હતો. ખાસ કરીને ફિલ્મો જેવા માધ્યમ થકી દુશ્મનો પોતાનો પ્રોપેગેન્ડા પ્રજાના મગજમાં ઉતારી દે તો તકલીફ... એ સમયે FBI એ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના કેટલાક લોકોને સાધ્યા. આમાં એક નામ વોલ્ટ ડિઝનીનું પણ ખરું.

એ વખતે અમેરિકન ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કેટલાક એવા લોકો હતા જે અમેરિકન સરકારની નીતિઓ વિરુદ્ધની વિચારધારા ધરાવતા હતા. સરકાર આ લોકોને સીધા ઝબ્બે કરે તો આ ફિલ્મી હસ્તીઓની લોકપ્રિયતાને કારણે પ્રજા વીફરી બેસે એટલે FBI એ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાંથી જ વોલ્ટ ડિઝની જેવા લોકોને પોતાની સાથે લીધા. ઇન્ડસ્ટ્રીની જ વ્યક્તિ તરીકે ડિઝની બીજા આર્ટિસ્ટ્સને છૂટથી મળી શકે - એમની સાથે વિચારોની આપ-લે કરી શકે. એમાં જો કોઈ વ્યક્તિ અમેરિકી નીતિઓ વિરુદ્ધની વિચારધારાની જણાય તો વોલ્ટભાઈ એનું નામ FBI ના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડી દેતા. આ તો એક પ્રકારની જાસૂસી હતી!

પોતાના જીવનના છેલ્લા ત્રણ દાયકાઓ દરમિયાન વોલ્ટ ડિઝની હોલિવૂડના ડાબેરી ઝોક ધરાવતા કળાકાર- કસબીઓનાં નામ FBI ને પહોંચાડતા રહ્યા. કદાચ FBI સાથેની આ ‘દોસ્તી’ને કારણે જ વોલ્ટ ડિઝનીને ‘ધ મિકી માઉસ ક્લબ’ નામની ફિલ્મ શૂટ કરવા માટે વૉશિંગ્ટન ખાતેનું FBI હેડક્વાર્ટર ફાળવવામાં આવેલું.

...અને ચાર્લી ચેપ્લિન!

આજે પણ દર્શકોનો એક મોટો વર્ગ ચાર્લી ચેપ્લિનનો દીવાનો છે. ‘ધ કીડ’થી માંડીને ‘ધ ગ્રેટ ડિકટેટર’ જેવી ઑલ ટાઈમ ક્લાસિકમાં ગણના પામતી ફિલ્મો ચાર્લી ચેપ્લિનને ઑલ ટાઈમ ગ્રેટ કળાકાર સાબિત કરે છે. ‘ધ ગ્રેટ ડિકટેટર’માં ચાર્લીએ જે રીતે હિટલરની ઠેકડી ઉડાડી એ જોતાં સામાન્ય અભિપ્રાય એવો બંધાય કે એ બ્રિટન- અમેરિકાની સરકારોનો લાડકો કળાકાર હશે, પણ વાસ્તવિકતા સાવ જુદી હતી. ચાર્લી ચેપ્લિન પોતાના પોલિટિકલ વ્યૂઝને લઈને ઘણો વાચાળ હતો. ખાસ કરીને ૧૯૩૦ પછીના સમય દરમિયાન યુરોપના અનેક દેશોમાં લશ્કરી રાષ્ટ્રવાદમાં ઉછાળો આવ્યો, જે ચાર્લીને મુદ્દલ ગમતું નહોતું. પોતાની ફિલ્મોમાં પણ મૂડીવાદ અને શોષણખોરી સામેનો ચાર્લીનો અણગમો પ્રકટ થયા કરતો. પરિણામે બ્રિટન અને અમેરિકાએ ચાર્લીને કમ્યુનિસ્ટ ગણી લીધો. FBI ના તત્કાલીન ડિરેક્ટર જે. એડગર હુવર તો રીતસર ચેપ્લિનની પાછળ જ પડી ગયા. હુવરે મીડિયામાં પણ ચાર્લી ચેપ્લિન વિરુદ્ધ વાતો ફેલાવવામાં પાછું વાળીને ન જોયું. ચાર્લીને ખુદનું પ્રેમપ્રકરણ પણ નડી ગયું. એક સ્ત્રી સાથેના સંબંધોને કારણે ચાર્લી સામે કોર્ટ કેસ થયો. એ વખતે અમેરિકામાં જે કાયદો પ્રચલિત હતો, એ મુજબ કોઈ પારકી સ્ત્રી સાથે વ્યભિચારના હેતુસર આંતરરાજ્ય પ્રવાસ ખેડવામાં આવ્યો હોય, તો લાંબી કેદની સજા થતી. ચાર્લી કેસ હારી જાય તો ૨૩ વર્ષની કેદ થાય એમ હતું. સદ્‌નસીબે એ કેસમાંથી માંડ છૂટ્યો ત્યાં પેલી સ્ત્રીને બાળક અવતર્યું અને એના બાયોલૉજીકલ ફાધર તરીકે ચાર્લી ચેપ્લિનનું જ નામ ખૂલ્યું! એટલે FBI ને ઓર મજા પડી ગઈ. એમાં વળી યુજીન ઓ’નીલ નામના જાણીતા નાટ્યકારની યુવાન દીકરી સાથેનું પ્રેમપ્રકરણ ગાજ્યું. જોકે ત્રેપન વર્ષનો ચાર્લી અને અઢારની ઉના ઓ’નીલ વચ્ચે ખરેખર પ્રેમ હતો એટલે બંને પરણી ગયા, પણ FBI એ ચાર્લીની ઈમેજ બગાડવાનો એક્કેય મોકો ન છોડ્યો.

ચાર્લી મૂળે બ્રિટિશ હતો એટલે અમેરિકા માટે આમેય ‘પોતીકો’ ન ગણાય. અનેક રાજકારણીઓ પણ એની વિરુદ્ધમાં ગયા. એક તબક્કો એવો આવ્યો કે ચાર્લીને કાયમ માટે અમેરિકા છોડવું પડ્યું. જીવનના અંતિમ બે દાયકા એણે સ્વિત્ઝર્લૅન્ડમાં વિતાવ્યા!

અહીં પ્રશ્ન એ છે કે ચાર્લી ચેપ્લિન કમ્યુનિસ્ટ હોવાની વાત FBI સુધી પહોંચાડી કોણે? એવું કહેવાય છે કે ચાર્લીને એવા ઘણા મિત્રો હતા, જે કમ્યુનિસ્ટ મહાસત્તા ગણાતા સોવિયેત રશિયાની નજીક હતા. રશિયન રાજદૂતોએ યોજેલા કાર્યક્રમોમાં પણ ચાર્લી ચેપ્લિનની હાજરી હોવાનું નોંધાયું છે. જોકે, સાચું કારણ આ બધા કરતાં જુદું જ હતું, જેનું સિક્રેટ ઠેઠ ઇસ ૨૦૦૩માં જાહેર થયેલા સરકારી દસ્તાવેજોમાંથી ખૂલ્યું.


‘એનિમલ ફાર્મ’ નામની અદ્‌ભુત નવલકથા અને એના સર્જક જ્યોર્જ ઓરવેલનું નામ આદરપૂર્વક લેવાય. આ ઓરવેલ સાહેબ પણ બ્રિટિશ જાસૂસી સંસ્થાને કમ્યુનિસ્ટ છાપ ધરાવતા લોકોની માહિતી આપતા. ઓરવેલે આવા પાંત્રીસ લોકોનું લિસ્ટ પણ બનાવેલું, જેમાં એક નામ ચાર્લી ચેપ્લિનનું હતું! જોકે ચાર્લી ચેપ્લિન ખરેખર કોમ્યુનિસ્ટ હોવાનું ક્યારેય સાબિત નથી થયું. ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સિંગાપોર - પરંપરા ને આધુનિકતાનો સમન્વય







સિંગાપોરના ૫૫ બ્લેર રોડ પર આવેલું, સન ૨૦૦૯માં સ્થપતિઓની સંસ્થા ઓ.એન.જી. એન્ડ ઓ.એન.જી. દ્વારા રચિત આ આવાસમાં પ્રત્યેક મર્યાદાને એક તકમાં તબદીલ કરાઈ છે. અહીં પરંપરાને સાચવવાની હતી અને સાથે સાથે આધુનિક જીવનશૈલી પ્રમાણે આયોજન પણ કરવાનું હતું. અહીં જે તે વિસ્તારના સ્થાપત્યકીય ઇતિહાસની છબી જાળવી રાખવાની હતી તો સાથે સાથે સાંપ્રત સમયના આવાસ માટેના સપનાં પણ પૂરાં કરવાના હતાં. આ આવાસ વિરોધાભાસી જણાતી બાબતોના સંતુલિત સમન્વય સમાન છે, અને તે પણ પૂર્ણ કલાત્મકતા, સર્જનાત્મકતા અને સંવેદનશીલતા સહિત.

આ આવાસ બે સમાંતર દીવાલો વચ્ચે ગોઠવાયું છે જેમાં મધ્યમાં આવેલા પાણીના હોજથી તેના બે ભાગ પડે છે. આગળના મુખ્ય ભાગમાં ભોંયતળિયે દીવાનખંડ, પ્રવેશ, ઓટલો તથા અંતરાલ છે. આ બધા વચ્ચે એક ગોળાકાર નિસરણી ગોઠવી દેવાઈ છે. અહીં ઉપરના માળે મુખ્ય શયનકક્ષ તથા તેની સાથે જોડાયેલ વ્યક્તિગત પુસ્તકાલય છે. સાથે નીચેના હોજ તરફ ઝૂલતું ટોઇલેટ પણ ખરું જ. આ વિભાગમાં બીજા માળે વધુ એક શયન કક્ષ છે. પાણીના હોજ પછીના વિસ્તારમાં ભોંયતળિયે ભોજનકક્ષ તથા રસોઈઘર છે. તે ભાગમાં ઉપર જવા માટે અલાયદી ગોળાકાર નિસરણી છે જેનાથી ઉપરના માળે આવેલ નાના શયનકક્ષમાં જવાય જેની સાથે એક સંલગ્ન ટોઇલેટ પણ છે. આ ભાગની ઉપર અગાસી આવેલી છે જેની પોતાની મજા છે. આ બધા જ વિસ્તાર પાણીના હોજની આજુબાજુ એ રીતે ગોઠવાયા છે કે જેનાથી હોજનું મહત્ત્વ વધી પણ જાય અને સમજાય પણ ખરું.

આમ તો આ આવાસ અમદાવાદના પરંપરાગત પોળના આવાસ જેવું છે. પોળમાં પણ ઓટલા પછી અંતરાળ અને ત્યારબાદ બેઠક આવે. પછી ચોક અને તેની પાછળના ભાગમાં રસોડું. બાજુમાં રહેલી નિસરણીથી ઉપરના માળે જવાય જ્યાં શયનકક્ષ હોય. પોળના પરંપરાગત આવાસમાં પણ હવા-ઉજાસ માટે વચ્ચેના ચોકનું મહત્ત્વ હોય છે. પોળના આવાસમાં પહોળાઈ અને તેની ઊંડાઈ વચ્ચેનો ગુણોત્તર ૧ : ૪ જેટલો હોય છે. પોળના આવાસ પણ બે સમાંતર દીવાલોની વચ્ચે ગોઠવાય છે અને આવાસના વિસ્તારની અંદર જ જાણે કે કુટુંબનું વિશ્વ સમાઈ જતું હોય તેમ જણાતું હોય છે. હવે આ પ્રકારનું બાંધકામ થતું નથી. કારણો ભિન્ન ભિન્ન છે. એક અગત્યનું કારણ એ છે કે હવે જીવનશૈલી બદલાઈ ગઈ છે. પરંતુ સિંગાપુરનું આ આવાસ બદલાયેલી આધુનિક જીવનશૈલી માટે પણ તેટલું જ યથાર્થ છે.

આ આવાસમાં તે વિસ્તારના પરંપરાગત આવાસના લગભગ બધા જ સિદ્ધાંતોનો સમાવેશ થતો જોવા મળે છે. અહીં બહારનું ફસાડ જેમનું તેમ રાખવામાં આવ્યું છે જેથી બહારથી શેરીની સાતત્યતા જળવાઈ રહે. અહીં ફસાડના વિવિધ અંગોની ગોઠવણ, તેમના સફેદ રંગ તથા વિગતિકરણથી સૌમ્યતા ઊભરે છે. બહારથી આ આવાસ એકદમ શાંત, સ્પષ્ટ તેમજ પરંપરાને અનુરૂપ જણાય છે. ‘પ્રવેશ’ની અંદર પહોંચતા જ અનુભૂતિ સંપૂર્ણ રીતે બદલાઈ જાય છે. અહીં સામગ્રી નવી છે, ઉપકરણો નવા છે, સ્થાન આયોજન આધુનિક જીવનશૈલી મુજબનું છે, ગોપનીયતાના ધોરણ પણ આધુનિકતા મુજબના છે અને તે બધા સાથે એક પ્રકારની સુસંગતતા જોવા મળે છે. આ બધા સાથે મજા એ છે કે સમગ્ર આવાસમાં કૃત્રિમ પ્રકાશની માત્રા તથા તેના રંગનું નિયમન, એક વ્યક્તિગત કમ્પ્યુટર દ્વારા થઈ શકે છે - જે મનોસ્થિતિ અને ઈચ્છા પ્રમાણે બદલાવી શકે.

કુદરતના મહત્ત્વના અંગ પાણીનો અહીં રચનાત્મક અને અસરકારક ઉપયોગ અહીં જોવા મળે છે. તેની સાથે વચમાં એક વૃક્ષ રખાયું છે જેનાથી આવાસનો આવાસની આંતરિક અનુભૂતિ જુદી જ કક્ષાની થાય છે. પાણીના હોજ ઉપર અલાયદા પથ્થરના ટુકડામાંથી બનાવવામાં આવેલ સેતુ નાટકીયતા સ્થાપે છે. આવાસના પ્રત્યેક ભાગમાંથી આ હોજ, આ સેતુ અને અહીં આવેલ વૃક્ષ નજરે ચડે છે. મધ્યમાં રચાયેલા કેન્દ્રથી જાણે જીવંતતાનો ધબકાર ઝીલાય છે અને ગૌરવની અનુભૂતિ થાય છે. આ બધાં થકી આવાસની અનુભૂતિ વિશેષ હોવા સાથે આધુનિક પણ છે. અહીં પાણીની, વૃક્ષની, રંગની, સપાટીની, વિગતિકરણની અને પ્રમાણમાપની મજા છે.

આ રચના પાછળનો મૂળ વિચાર એકદમ સરળ છે. બે બંધિયાર દીવાલ વચ્ચે અર્થ પૂર્ણ ખુલ્લી જગ્યા પ્રયોજી તેને યથાર્થ મહત્ત્વ આપવું, તેની આસપાસ નીચેના માળે કૌટુંબિક સ્થાનોની ગોઠવણ કરવી, અને તેને જ કેન્દ્રમાં રાખી ઉપરના માળે વ્યક્તિગત સ્થાન ગોઠવવા. આટલી સરળતાથી મૂળભૂત નિર્ણયો લેવાઈ ગયાં પછી જે વિગતિકરણ કરવામાં આવ્યું છે તેનાથી આવાસની અનુભૂતિ સમૃદ્ધ બને છે. બંધીયાર કહી શકાય તેવી જગ્યા માટે જે સ્તરની સર્જનાત્મકતા અહીં નિષ્ઠાપૂર્વક પ્રયોજાઈ છે, ન્યૂનતમ વાદને સમર્થન આપતી હોય તેવી આ રચનામાં જે પ્રમાણે ભવ્યતા સ્થાપિત કરવામાં આવે છે, જૂના વિશ્વાસ સાથે નવા પ્રયાસોનું જે રીતના સંકલન કરવામાં આવ્યું છે, આંતરભિમુખ રચનામાં પણ અનુભૂતિમાં જે રીતે મોકળાશ-યુક્ત સમૃદ્ધિ સ્થાપવામાં આવી છે, પાણી તથા વૃક્ષનો જે અસરકારક ઉપયોગ થયો છે, વધુ પડતું લાંબું જણાતાં આ આવાસમાં જે રીતે વિભાગીકરણ થયું છે, તે બધાંને કારણે આ આવાસ સ્થાપત્યના ક્ષેત્રમાં ઉલ્લેખનીય બન્યું છે અને તેને જે તે વર્ષના શ્રેષ્ઠ આવાસનો પુરસ્કાર પણ મળેલો છે.

આમ તો તે પરંપરાગત આવાસની મરામત જેવું છે છતાં પણ તે જાણે સંપૂર્ણ નવીન છે. સિંગાપોરના પરંપરાગત વિસ્તારમાં સાંકડા તથા વધારે ઊંડાઈવાળા આ ઘરના આયોજનમાં મર્યાદાઓ વધારે હોવા છતાં પણ એમ લાગે છે કે આવી મર્યાદાઓને હકારાત્મકતાથી લઈ સ્થાપત્યકીય સમૃદ્ધિ સ્થાપવામાં આવી છે.■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# એલા, વાંચજો... આ મોરે... મોરો છે શું?

અત્યારનું વાતાવરણ એવું છે કે દિવસે તડકો મોરે મોરો દે છે અને રાત્રે હજી થોડી ઠંડક મોરે મોરો રહે છે.

અત્યારે કોઈને આ ‘મોરે.. મોરો’ શબ્દ સમજાવવાની જરૂર લાગતી નથી. અમારા ડાયરાના ફિલ્ડમાં ઘણા લોકો ‘મોરે મોરા’ માટે પ્રખ્યાત થઈ ગયા છે. શબ્દની તાકાત છેલ્લા બે મહિનામાં સમજાણી, પણ આ શબ્દ એટલો પ્રચલિત કરી દીધો કે ખુદ google પાસે તમે કંઈ પણ વિગત માગો તો પહેલાં તો ‘મોરે મોરા’નો અર્થ જ સમજાવે છે, પરંતુ કોઈને ખબર નહીં હોય કે આદિકાળથી આ ‘મોરે મોરા’ની પદ્ધતિ ચાલી આવે છે. અમારા ચુનિયાએ હમણાં જ એક ‘મોરે મોરો’ સેમિનારનું ₹૩૦૦-૩૦૦ ની ટિકિટ રાખીને આયોજન કર્યું હતું.

Google કરતાં પણ વધારે જ્ઞાન ધરાવતા અમારા ચુનિયાએ સ્ટેજ ઉપર પણ ઠોઠિયા ગાડીનો આગલો મોરો (ફ્રન્ટ ભાગ) લઈ ભાષણની શરૂઆત કરી હતી.

હજી તો કાર્યક્રમની શરૂઆત થઈ હતી ત્યાં માઈકવાળા - લાઈટવાળા - સેટવાળા તથા બેક સ્ટેજના કલાકારો આવા જ બીજા ભાંગલા ટૂટલા ફ્રન્ટ સાથે એટલે કે મોરા સાથે ચુનિયાને ફરતા ગોઠવાઈ ગયા.

લોકોને હવે સમજાઈ ગયું હતું કે આ ‘મોરે મોરો’ એટલે શું! ચુનિયાની ભાંગેલી ગાડીનો મોરો અડધો પણ ન રહ્યો ત્યાં સુધી આ બાકીના ઠોઠિયા ફ્રન્ટવાળાઓએ મોરે મોરો ભટકાડ્યો.

જોકે આવું પ્રૅક્ટિકલી સમજાવવા માટે ચુનિયો એક જ એવો છે જે જોખમ લઈ શકે. ઇન્ટરવલ પછી આ શબ્દ પારિવારિક છે તેવું સાબિત કરવા માટે બે-ચાર કપલને સ્ટેજ ઉપર બોલાવવામાં આવ્યાં. ૮૦ વર્ષથી માંડી અને તાજા પરણેલા એવા ચાર કપલ ડાયાડમરા થઈ અને મંચ પર ગોઠવાયાં.

ચુનિયાએ આડાઅવળા એકબીજાને એવા પ્રશ્નો પૂછ્યા કે એમને અંદરો અંદર એકબીજા ઉપર વિશ્વાસ ન રહ્યો. એકબીજાં



ઉપર શંકાની નજર અષાઢી વાદળાંની જેમ ઘેરી બની.

ભૂતકાળનાં એકબીજાંનાં પત્તાં ચુનિયો સ્ટેજ ઉપરથી ખોલવા માંડ્યો અને પરિસ્થિતિ ત્યાં સુધી વણસી ગઈ કે સૌથી મોટું કપલ જેણે તાજેતરમાં જ લગ્નજીવનનાં ૫૦ વર્ષ હોંશે હોંશે ઊજવ્યાં હતાં તે જૂની વાતો પર છુટ્ટા દાંતના ચોકઠા એકબીજાંને મારી હાંફી ગયાં ત્યાં સુધી બથમબથી કરી.

નવા પરણેલાઓએ તો એકબીજાંના ઇન્સ્ટા-સ્નેપ ચેટ વગેરેના ચોપડા ખોલી નાખ્યા અને બંનેએ હાથમાં જે વસ્તુ આવી તેના ઘા કરવા માંડ્યા.

ચુનિયો માંડ વચ્ચે પડ્યો અને કહ્યું કે આ નિયર એક્સપાયરી કપલથી લઈ અને સીમલાના લાલઘૂમ સફરજન જેવું કપલ જે કરી રહ્યું હતું તેને ‘મોરે મોરો’ કહેવાય.

યુદ્ધ કેવું હોય તે જાણવા માટે કંઈ બૉમ્બમારો કે મિસાઈલ ન છોડાય. તેને શાબ્દિક રીતે પણ સમજાવી શકાય, પણ ચુનિયાએ પ્રૅક્ટિકલી આ સમજાવ્યું. ૮૦ વર્ષના ભાભાને પણ તમે પૂછો તો કહેશે કે ઘરવાળાને વતાવવા નહીં, નહીં તો ‘મોરે મોરો’ આવે અને તેમાં નુકસાન તમને જ થાય.

આજની નવી પેઢીને શબ્દ સમજાવવા માટે કસરત કરવી પડે, પરંતુ હવે એને સમજાયું હશે તેમ છતાં કહી દઉં કે તમારો વાંક ન હોય છતાં તેને તમારી સાથે ડખો કરવો હોય તો ગમે ત્યારે ‘મોરે મોરો’ આવશે. એટલે કે તમારી સાથે મગજમારી કરશે અને તમારા મોરાનો ભાંગીતોડીને ભૂકો કરી નાખશે.

સ્ત્રી એ શક્તિ છે. હમણાં ૮ તારીખે મહિલા દિન છે. Facebook instagram whatsapp આ બધા જ માધ્યમ પર બહેનોની પ્રશસ્તિ ચાલુ થશે. અમુક લોકો દિલથી વખાણ કરે ને અમુક લોકો ભવિષ્યમાં ‘મોરે મોરો’ ન આવે એટલા માટે વખાણ કરે. હકીકત એ છે કે આપણા મોરાને સાચવવાવાળો મોરો એ આપણા ઘરનાં સ્ત્રીપાત્રનો મોરો હોય છે.

પુરુષ જ્યારે મુશ્કેલીમાં મુકાય ત્યારે ઘરની સ્ત્રી ફુલ સ્પીડમાં સામેવાળાને ‘મોરે મોરો’ અડાડી દે. એ એમની તાકાત છે.

‘મોરે મોરો’ શબ્દની તાકાત એ છે કે આ એક જ શબ્દ બીજા કેટલાય શબ્દોને ભુલાવી શકે છે અને એ છે મોંઘવારી, બેરોજગારી, તંગી, માંદગી... જેવા અનેક શબ્દો સોશિયલ મીડિયા ઉપર ભુલાઈ જાય અને ટ્રેન્ડિંગમાં ચાલે ‘મોરે મોરો’...

અત્યારે તો પરીક્ષાની સીઝન પણ છે. વિદ્યાર્થીઓ જો વાંચશે નહીં અને આવા ખોટા શબ્દો પાછળ કે ઘટના પાછળ સમય બગાડશે તો જીવનમાં ન કલ્પેલી નિષ્ફળતા ‘મોરે મોરો’ જીકશે.

આ શબ્દ છે એ સંસ્કૃતિને ભુલાવી શકે એવો સુર સાંઢ જેવો છે. પહેલાં ડાયરો મીઠો લાગતો હતો હવે ‘મોરો’ (મોળો) લાગે છે. નજીકના ભવિષ્યમાં જો ડાયરા બંધ થઈ જાય તો તેના માટે યાદ રાખજો આ શબ્દ ‘મોરે મોરો’ જ કારણભૂત હશે.

આ લખતો’તો ત્યાં કિરણ મોરે (ભૂતપૂર્વ ક્રિકેટર)નો ફોન આવ્યો કે ‘મિલનભાઈ, આ ડાયરાવાળા મને કેમ યાદ કરે છે?’ મેં કીધું કે અમારા ફળિયામાં ઝાઝા બધા મોર આવ્યા હતા એટલે કહ્યું હશે કે મોરે,મોરો (મોરનું બહુવચન)આવ્યા છે.

‘મોરે મોરો’ ભટકાડવાવાળા એકલા બેસીને વિચારે તો ક્યારેય આવો ભંગાર વિચાર આવે નહીં, પરંતુ અમારા ચુનિયાને આજુબાજુવાળા, સાવ નવરી બજાર, મફતિયા ચડાવે એટલે આવા ‘મોરે મોરા’ના વિચાર આવે. ■

**વિચાર વાયુ**

*તમારી પ્રતિષ્ઠા રૂપી ગાડીનો મોરો ગમે તેવડો વીમો હોય તોપણ આડેધડ કોઈની સાથે ભટકાડાય નહીં. તેને નુકસાન કરવા જતાં તમારી ગાડીને પણ નુકસાન તો થાય જ.*

# ચેમ્પિયન્સ ટ્રોફીઃ સાઉથ આફ્રિકા માટે ‘કરો યા મરો’, ઈંગ્લેન્ડને હરાવી સેમિફાઇનલમાં પહોંચવાનો કરશે પ્રયાસ

કરાચીઃ દક્ષિણ આફ્રિકા આવતીકાલે અહીં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી ગ્રુપ બીની અંતિમ લીગ મેચમાં સંઘર્ષ કરી રહેલી ઈંગ્લેન્ડ સામે જીત નોંધાવીને પોતાનો દબદબો જાળવવાનો પ્રયાસ કરશે. સાઉથ આફ્રિકા સામે ઇંગ્લેન્ડ સામેની મેચ ‘કરો યા મરો’ રહેશે. સાઉથ આફ્રિકા આ મેચમાં જીત મેળવીને સેમિફાઇનલમાં પહોંચવાનો પ્રયાસ કરશે. ગ્રુપ-એમાંથી ભારત અને ન્યૂ ઝીલેન્ડ પહેલા જ સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી ચૂક્યા છે, પરંતુ ગ્રુપ-બીમાંથી ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન રેસમાં છે.

રોમાંચક મુકાબલામાં આઠ રનથી જીત મેળવીને અફઘાનિસ્તાને ઈંગ્લેન્ડને સેમિફાઈનલની રેસમાંથી બહાર કરી દીધું હતું અને અંતિમ ચારમાં સ્થાન મેળવવાની તેની આશા જીવંત રાખી હતી. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. આ બંને ટીમોના હાલમાં ત્રણ-ત્રણ પોઈન્ટ છે જ્યારે અફઘાનિસ્તાનના બે પોઈન્ટ છે. ઈંગ્લેન્ડની ટીમને તેની બંને મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

ઇંગ્લેન્ડ સામેની મેચમાં સાઉથ આફ્રિકાનો હાથ ઉપર હોય તેવું લાગી રહ્યું છે કારણ કે તેની ટીમે અત્યાર સુધીમાં ત્રણેય વિભાગોમાં સારું પ્રદર્શન કર્યું છે અને તેના મોટાભાગના ખેલાડીઓ સારા ફોર્મમાં છે. બીજી તરફ ઈંગ્લેન્ડની ટીમ બેટિંગમાં જો રૂટ પર વધુ પડતી નિર્ભર છે. દક્ષિણ આફ્રિકાની ટીમ વરસાદથી પ્રભાવિત ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી માત્ર એક જ મેચ રમી શકી છે જેમાં તેણે અફઘાનિસ્તાનને ૧૦૭ રનથી હાર આપી હતી. આ મેચમાં રેયાન રિકલ્ટને સદી ફટકારી હતી, જ્યારે કેપ્ટન ટેમ્બા બાવુમા, રાસી વાન ડેર ડુસેન અને એડન માર્કરામે અડધી સદી ફટકારી હતી, જેના કારણે દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા છ વિકેટે ૩૧૫ રન કર્યા હતા અને પછી અફઘાનિસ્તાનને ૨૦૮ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

સાઉથ આફ્રિકાની ટીમ કાગળ પર મજબૂત દેખાતી હોવા છતાં અને આઈસીસી સ્પર્ધાઓમાં સારું પ્રદર્શન કર્યું હોવા છતાં છેલ્લાં એક વર્ષમાં તે અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શકી નથી. દક્ષિણ આફ્રિકાને છેલ્લી ૧૨ વન-ડે મેચમાંથી આઠ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાનમાં રમાયેલી ત્રિકોણીય શ્રેણીમાં દક્ષિણ આફ્રિકા ફાઇનલમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું

તેણે ઈંગ્લેન્ડ સામેની મેચમાં તેના પ્રદર્શનમાં સાતત્ય જાળવી રાખવું પડશે કારણ કે જોસ બટલરની કેપ્ટનશિપ હેઠળની ટીમ જીત સાથે તેના અભિયાનનો અંત લાવવા માગશે. રૂટ સિવાય ઈંગ્લેન્ડનો કોઈ ખેલાડી ફોર્મમાં નથી. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ભારત સામેની ત્રણ મેચની વનડે શ્રેણીમાં તેને તમામ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં જીત માટે ઇંગ્લેન્ડની ટીમે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. અફઘાનિસ્તાન સામેની છેલ્લી મેચમાં રૂટે ૧૨૦ રનની શાનદાર ઇનિંગ રમી હતી, પરંતુ તેના અન્ય બેટ્સમેનો ફરી નિષ્ફળ રહ્યા હતા. બોલરોની નિષ્ફળતાના કારણે ઈંગ્લેન્ડને તેની પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. ■

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં અફઘાનિસ્તાને ઓસ્ટ્રેલિયાને આપ્યો ૨૭૪ રનનો લક્ષ્યઃ ઓમરઝાઈએ રમી આક્રમક ઈનિંગ




લાહોરઃ સોદ્દિકુલ્લાહ અટલ અને અઝમતુલ્લાહ ઓમરઝાઈની અડધી સદીની ઇનિંગ્સને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં અફઘાનિસ્તાને ઓસ્ટ્રેલિયાને જીત માટે ૨૭૪ રનનો લક્ષ્યાંક આપ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની આ મેચમાં જે ટીમ જીતશે તે સેમિફાઇનલમાં પહોંચશે. અફઘાનિસ્તાનને ઇતિહાસ રચવા માટે ઓસ્ટ્રેલિયા સામે ૨૭૪ રનનો બચાવ કરવો પડશે.

સોદ્દિકુલ્લાહ અટલની ૮૫ રનની ઇનિંગ બાદ અઝમતુલ્લાહ ઓમરઝાઈએ છેલ્લી ઓવરોમાં આક્રમક બેટિંગ કરીને પોતાની અડધી સદી પૂર્ણ કરી હતી. તેણે ૬૩ બોલમાં ૬૭ રન ફટકાર્યા હતા. આ ઇનિંગમાં તેણે ૫ છગ્ગા અને ૧ ચોગ્ગો ફટકાર્યો હતો.

પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાનની શરૂઆત સારી રહી ન હતી. સ્પેન્સર જોહ્ન્સને પહેલી જ ઓવરમાં રહેમાનુલ્લાહ ગુરબાઝને શૂન્ય રનમાં આઉટ કર્યો હતો. આ પછી ઇબ્રાહિમ ઝદરાન અને સોદ્દિકુલ્લાહ અટલે ઇનિંગ્સે સંભાળી હતી અને ત્રીજી વિકેટ માટે ૬૭ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. ઇબ્રાહિમ ઝદરાન (૨૨) ને એડમ ઝમ્પાએ આઉટ કર્યો હતો.

રહમત શાહ જુર્માતે (૧૨) ના રૂપમાં અફઘાનિસ્તાનને ત્રીજો ઝટકો લાગ્યો હતો. આ પછી સોદ્દિકુલ્લાહ અટલે કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી સાથે ૬૮ રનની ભાગીદારી કરી હતી. ચોથી વિકેટ સોદ્દિકુલ્લાહ અટલના રૂપમાં પડી હતી. તે પોતાની સદી ચૂકી ગયો હતો. તેણે ૯૫ બોલમાં ૮૫ રન ફટકાર્યા હતા. આ ઇનિંગમાં તેણે ૩ છગ્ગા અને ૬ ચોગ્ગા ફટકાર્યા હતા.

અફઘાનિસ્તાનની ૭મી વિકેટ ૧૯૯ રનના સ્કોર પર પડી હતી. એવું લાગતું હતું કે અફઘાનિસ્તાન અહીંથી ફક્ત ૩૦-૪૦ રન જ ઉમેરી શકશે પરંતુ અઝમતુલ્લાહ ઓમરઝાઈએ ઝડપી ઇનિંગ્સ રમી અને ટીમનો સ્કોર ૨૭૩ સુધી પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

ડાબોડી ફાસ્ટ બોલર સ્પેન્સર જોહ્ન્સને તેના ૧૦ ઓવરના સ્પેલમાં ૪૯ રન આપીને ૨ વિકેટ લીધી હતી. એડમ ઝમ્પાએ ૮ ઓવરમાં ૪૮ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. આ ઇનિંગમાં બેન દ્વારાહુસિએ સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી. ઉપરાંત નાથન એલિસ અને ગ્લેન મેક્સવેલે ૧-૧ વિકેટ ઝડપી હતી. ■

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં ફ્લોપ શો બાદ ન્યૂ ઝીલેન્ડ પ્રવાસમાંથી હટી શકે છે પાકિસ્તાનના સિનિયર ક્રિકેટર

લાહોરઃ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી શરમજનક રીતે બહાર ફેંકાયા બાદ પાકિસ્તાનના કેટલાક સિનિયર ખેલાડીઓ આવતા મહિને ન્યૂઝીલેન્ડના પ્રવાસ પર જનારી ટીમમાંથી પોતાનું નામ પરત ખેંચી શકે છે. શુક્રવારે સૂત્રોએ આ માહિતી આપી હતી.

પાકિસ્તાન ૨૯ વર્ષના લાંબા સમયગાળા પછી આઇસીસી ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યું છે પરંતુ તે એક પણ મેચ જીત્યા વિના બહાર થઈ ગયું છે. ટીમે કરાચીમાં ન્યૂઝીલેન્ડ સામે ૬૦ રનની ભારે હાર સાથે અભિયાનની શરૂઆત કરી હતી અને પછી દુબઈમાં કટ્ટર હરીફ ભારત સામે છ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. રાવલપિંડીમાં ગુરુવારે બાંગ્લાદેશ સામેની ઘરઆંગણાની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. આ મામલાથી જાણકારી ધરાવતા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે કેટલાક ખેલાડીઓ ન્યૂઝીલેન્ડના પ્રવાસ પર જવું જોઇએ કે નહીં તેને અંગે વિચારી રહ્યા છે. પાકિસ્તાન ૧૬ માર્ચથી ૫ એપ્રિલ સુધીના પ્રવાસ દરમિયાન પાંચ ટી-૨૦ અને ત્રણ વનડે મેચ રમશે. બાબર આઝમ, શાહીન શાહ આફ્રિદી, હારિસ રૌફ, નસીમ શાહ પોતાનું નામ પરત ખેંચવા અંગે વિચારી રહ્યા છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે, આ ખેલાડીઓ જાણે છે કે પસંદગીકારો તેમને પ્રવાસમાંથી પડતા મુકી શકે છે. તેઓ હવે નવા ચહેરાઓને તક આપવા માગશે તેથી આવા ખેલાડીઓ પોતે જ પોતાના નામ પાછા ખેંચવાનું વિચારી રહ્યા છે. કેપ્ટન મોહમ્મદ રિઝવાનના ભવિષ્ય અંગે પણ અનિશ્ચિતતા છે કારણ કે પસંદગીકારો આ વર્ષના અંતમાં એશિયા કપ અને આવતા વર્ષે ભારત અને શ્રીલંકામાં યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપ પહેલા ફરીથી ટી-૨૦ ટીમ તૈયાર કરવા માટે ચેરમેનને ભલામણો કરે તેવી શક્યતા છે. ■

# થારુન, ઉન્નતિ અને રક્ષિતા જર્મન ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યાં

મુલહેમ એન ડેર રુર (જર્મની)ઃ ભારતીય બેડમિન્ટન ખેલાડીઓ થારુન મન્નેપલ્લી, ઉન્નતિ હુડા અને રક્ષિતા શ્રી સંતોષ રામરાજ ગુરુવારે જર્મન ઓપન સુપર ૩૦૦ ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા છે. નેશનલ ગેમ્સ (૨૦૨૩) ના ગોલ્ડ મેડલ વિજેતા મન્નેપલ્લીને આઠમા ક્રમાંકિત ખેલાડી કેનેડાના બ્રાયન યાંગને ૨૧-૧૪, ૧૫-૨૧, ૨૧-૧૭થી હરાવવા માટે સખત મહેનત કરવી પડી હતી.

ઉન્નતિએ જાપાનની અસુકા તાકાહાશીને ૨૧-૧૩, ૨૧-૧૯ થી સરળતાથી હરાવી હતી. રક્ષિતાએ પણ હોંગકોંગની લો સિન યાન હેપ્પીને હરાવીને આગામી રાઉન્ડમાં પહોંચવામાં પણ સફળતા મેળવી હતી. ડબલ્સમાં આઠમી ક્રમાંકિત ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોએ જર્મનીના જોન્સ રાલ્ફી જાનસેન અને થુક ફુઓંગ ગુયેનને ૨૧-૧૦, ૨૧-૧૯ થી હરાવ્યા હતા.

જોકે, પ્રિયાંશુ રાજાવત, કિરણ જ્યોર્જ અને આકર્ષી કશ્યપને સિંગલ્સમાં હારનો સામનો કરવો પડ્યો. ભારતીય જોડી અશીથ સૂર્યા અને અમૃતા પ્રમથેશને પણ મિક્સ ડબલ્સમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ■

# આઈપીએલ સાથે પાકિસ્તાન સુપર લીગની ટક્કર, પાકિસ્તાને કાર્યક્રમ જાહેર કરી બીસીસીઆઇને આપ્યો પડકાર

લાહોરઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ શુક્રવારે જાહેરાત કરી કે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ની ૧૦મી સીઝન ૧૧ એપ્રિલથી શરૂ થશે. તેની પ્રથમ મેચ રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઇસ્લામાબાદ યુનાઇટેડ અને બે વખતની ચેમ્પિયન લાહોર કલંદર્સ વચ્ચે રમાશે. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં ૧૩ મેચનું આયોજન થશે, જેમાં બે એલિમિનેટર અને ૧૮ મેના રોજ ફાઇનલ સામેલ છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પીએસએલનો કાર્યક્રમ જાહેર કરીને ભારતીય ક્રિકેટ બોર્ડે પડકાર ફેંક્યો છે કારણ કે પાકિસ્તાન સુપર લીગ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) દરમિયાન યોજાશે. આઈપીએલ ૨૨ માર્ચથી ૨૫ મે દરમિયાન યોજાશે. પીએસએલમાં ૧૩ મેના રોજ રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ક્વોલિફાયર ૧ સહિત ૧૧ મેચ રમાશે. કરાચીના સ્ટેડિયમ અને મુલતાન ક્રિકેટ સ્ટેડિયમમાં પાંચ-પાંચ મેચ રમાશે.

આ સીઝનમાં કરાચી, લાહોર અને રાવલપિંડીને ૪ સ્થળો તરીકે પસંદ કરવામાં આવ્યા છે જ્યાં ૩૪ મેચ રમાશે. લીગ તબક્કા દરમિયાન ૩૦ મેચ રમાશે. આ પછી ક્વોલિફાયર ૧૩ મેના રોજ, એલિમિનેટર-૧ ૧૪ મેના રોજ અને એલિમિનેટર-૨ ૧૬ મેના રોજ રમાશે. ટુર્નામેન્ટની ફાઇનલ મેચ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં યોજાવાની છે. નોંધનીય છે કે રાવલપિંડીમાં ૧૧ મેચ રમાશે. જ્યારે લાહોરમાં ૧૩ મેચ રમાશે, જેમાં બે એલિમિનેટર અને એક ફાઇનલ મેચનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કરાચી અને મુલતાનને ૫-૫ મેચનું આયોજન મળ્યું છે. આ સીઝનમાં ત્રણ ડબલ-હેડર પણ હશે. ■

# રણજી ટ્રોફી ફાઇનલમાં ત્રીજા દિવસના અંતે કેરળ ૩૪૨ રનમાં ઓલઆઉટ, વિદર્ભે મેળવી ૩૭ રનની લીડ



નાગપુરઃ રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫ ની ફાઇનલ મેચ વિદર્ભ ક્રિકેટ ટીમ અને કેરળ ક્રિકેટ ટીમ વચ્ચે રમાઈ રહી છે. બંને ટીમો વચ્ચેની આ મેચ નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ત્રીજા દિવસની રમતના અંતે કેરળની આખી ટીમ ૧૨૫ ઓવરમાં ફક્ત ૩૪૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે વિદર્ભે ૩૭ રનની લીડ મેળવી હતી. વિદર્ભ પ્રથમ દાવમાં ૩૭૯ રનમાં ઓલઆઉટ થઇ ગયું હતું.

પ્રથમ ઇનિંગમાં કેરળની શરૂઆત નિરાશાજનક રહી હતી. તેણે ૧૪ રનમાં જ બે વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી આદિત્ય સરવટે અને અહમદ ઇમરાને સાથે મળીને ઇનિંગ્સને સંભાળી હતી. પ્રથમ ઇનિંગમાં સમગ્ર કેરળ ટીમ ૧૨૫ ઓવરમાં ૩૪૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કેરળની ટીમ હજુ પણ ૩૭ રન પાછળ છે. કેરળ માટે કેપ્ટન સચિન બેબીએ ૯૮ રનની શાનદાર ઇનિંગ રમી હતી. આ શાનદાર ઇનિંગ દરમિયાન સચિન બેબીએ ૨૩૫ બોલમાં ૧૦ ચોગ્ગા ફટકાર્યા હતા. સચિન બેબી ઉપરાંત આદિત્ય સરવટે ૭૯ રન ફટકાર્યા હતા. વિદર્ભ તરફથી દર્શન નાલકંડે, હર્ષ દુબે અને પાર્થ રેખાડેએ સૌથી વધુ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. તે સિવાય યશ ઠાકુરે પણ એક વિકેટ ઝડપી હતી.

અગાઉ ફાઇનલ મેચમાં કેરળના કેપ્ટન સચિન બેબીએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. વિદર્ભની શરૂઆત ખરાબ રહી હતી અને તેણે ફક્ત ૨૩ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી દાનિશ માલેવાર અને કરુણ નાયરે સાથે મળીને ઇનિંગ્સને સંભાળી હતી. પ્રથમ ઇનિંગમાં વિદર્ભની આખી ટીમ ૧૨૩.૧ ઓવરમાં ૩૭૯ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. વિદર્ભ માટે દાનિશ માલેવારે ૧૫૩ રનની શાનદાર ઇનિંગ રમી હતી. ઉપરાંત કરુણ નાયરે ૮૬ રન ફટકાર્યા હતા. કેરળ તરફથી એમડી નિધીશ અને એડન એપલે સૌથી વધુ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ■

# પ્રાગ માસ્ટર્સ ૨૦૨૫ઃ પ્રજ્ઞાનાનંદાએ ફરી મેચ રમી ડ્રો, અરવિંદે કીમરને હરાવ્યો

પ્રાગ (ચેક રિપબ્લિક)ઃ ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનાનંદાએ અહીં પ્રાગ માસ્ટર્સ ચેસ ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં તુર્કીના ગુરેલ અડિઝ સામેની મેચ ડ્રો રમીને સતત બીજી મેચમાં પોઈન્ટ શેર કર્યા હતા જ્યારે અરવિંદ ચિદમ્બરમે બ્લેક પીસ સાથે રમતા જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવ્યો હતો. પ્રથમ રાઉન્ડમાં ચેક રિપબ્લિકના ગ્રાન્ડમાસ્ટર ગુયેન થાઇ દાઇ વાન વિરુદ્ધ પોઇન્ટ શેર કરનારા અરવિંદે પીસ સાથે તેની પ્રથમ જીત હાંસલ કરી હતી.

અરવિંદ દસ ખેલાડીઓ વચ્ચે રાઉન્ડ રોબિન ધોરણે રમાતી આ ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં જીત મેળવનાર એકમાત્ર ખેલાડી હતો. બીજા રાઉન્ડની અન્ય મેચોમાં દાઈ વાને અમેરિકાના સેમ શેન્કલેન્ડ સાથે પોઈન્ટ શેર કરવાની સાથે ટોચના ક્રમાંકિત ચીનના વેઈ યીને નેધરલેન્ડના અનિશ ગિરી સાથે અને વિયેતનામના ક્વાંગ લીમ લેએ ચેક રિપબ્લિકના નવારા ડેવિડ સાથે પોઈન્ટ શેર કર્યા હતા.

હવે ટુર્નામેન્ટમાં સાત રાઉન્ડ રમવાના બાકી છે ત્યારે ભારતીય ખેલાડી અરવિંદે ૧.૫ પોઈન્ટ મેળવીને શેન્કલેન્ડ સાથે સંયુક્ત લીડ મેળવી લીધી છે. તેમના પછી ગિરી, લીમ, દાઈ વાન, ડેવિડ, કીમર અને પ્રજ્ઞાનાનંદા આવે છે. અડિઝ અને વેઈ યી તેમની બે મેચમાંથી અડધા પોઈન્ટ સાથે છેલ્લા સ્થાને છે. ■



# ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર ફેંકાયા બાદ ઈંગ્લેન્ડની ટીમમાં ઘમાસાણ, જોસ બટલરે છોડી કેપ્ટનશિપ

કરાંચીઃ આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ઈંગ્લેન્ડનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું નથી. ઈંગ્લેન્ડની ટીમ સતત બે મેચ હાર્યા બાદ સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ છે. હવે ખરાબ પ્રદર્શન બાદ કેપ્ટન જોસ બટલરે વન-ડે અને ટી-૨૦ ટીમની કેપ્ટનશિપ છોડવાનો નિર્ણય લીધો છે. બટલર ૧ માર્ચ (શનિવાર)ના રોજ દક્ષિણ આફ્રિકા સામે છેલ્લી વખત ઈંગ્લેન્ડ ટીમની કેપ્ટનશિપ કરતો જોવા મળશે. અફઘાનિસ્તાન સામે હાર્યા બાદ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયું હતું.

જોસ બટલરે શુક્રવારે કહ્યું હતું કે તે ચાલી રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી ટીમની બહાર થયા બાદ ઇંગ્લેન્ડના મર્યાદિત ઓવરોના કેપ્ટન પદેથી રાજીનામું આપશે. ૩૪ વર્ષીય શનિવાર અહીં દક્ષિણ આફ્રિકા સામેની અંતિમ ગ્રૂપ સ્ટેજની મેચમાં છેલ્લી વખત ઈંગ્લેન્ડ ટીમનું નેતૃત્વ કરશે.

બટલરે અફઘાનિસ્તાન સામેની મેચ બાદ કહ્યું હતું કે તે ટીમ મેનેજમેન્ટ અને ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ સાથે તેના ભવિષ્ય અંગે ચર્ચા કરશે. બટલરે કહ્યું હતું કે તે ભવિષ્યમાં પણ મર્યાદિત ઓવરોના ફોર્મેટમાં ઈંગ્લેન્ડ તરફથી રમવાનું ચાલુ રાખશે. તેણે આશા વ્યક્ત કરી કે કેપ્ટનશિપનો બોજ હટ્યા બાદ તે વધુ સારું પ્રદર્શન કરી શકશે.

બટલરે કહ્યું હતું કે હું ઈંગ્લેન્ડની કેપ્ટનશિપ છોડવાનો છું. મારા અને ટીમ માટે આ યોગ્ય નિર્ણય હશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જે પણ ટીમની કેપ્ટનશિપ કરશે તે આ ટીમને આગળ લઈ જશે. ટૂર્નામેન્ટમાંથી બહાર થવાનું દુઃખ અને નિરાશા છે. મારી કેપ્ટનશિપ માટે આ ટૂર્નામેન્ટ મહત્ત્વપૂર્ણ હતી, પરંતુ પરિણામ અમારા પક્ષમાં મળ્યા નહીં. મને લાગે છે કે પદ છોડવાનો આ યોગ્ય સમય છે.

નોંધનીય છે કે બટલરે જૂન ૨૦૨૨માં ઈંગ્લેન્ડની મર્યાદિત ઓવરોમાં ટીમની કેપ્ટનશિપ સંભાળી હતી. ૨૦૨૨ ટી-૨૦ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડને જીત અપાવી હતી. જોકે, તાજેતરની ટૂર્નામેન્ટમાં ટીમ સંઘર્ષ કરી રહી હતી. બટલરે ૩૬ વન-ડે મેચમાં ઈંગ્લેન્ડની કેપ્ટનશિપ કરી હતી, જેમાંથી ટીમને ૧૩માં જીત મળી હતી જ્યારે ટીમને ૨૨ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ■

# ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહેલા ટેનિસ ખેલાડી સિનરને ઝટકો

## લોરિયસ સ્પોર્ટ્સમેન ઓફ ધ યરના નોમિનેશનમાંથી હટાવ્યો

લંડનઃ વિશ્વના નંબર વન ટેનિસ ખેલાડી યાનિક સિનરનું નામ લોરિયસ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર પુરસ્કારના નોમિનેશનમાંથી હટાવી દેવામાં આવ્યું છે કારણ કે ઇટાલીના આ ખેલાડી પર ડોપિંગ ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ ત્રણ મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એકેડેમીના ચેરમેન સીન ફિટ્ઝપૈટ્રિકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી અને સિનર વચ્ચેના કરાર બાદ આ ખેલાડી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફિટ્ઝપેટ્રિકે કહ્યું હતું કે, ‘‘લોરિયસ એકેડેમીએ આ બાબતે ચર્ચા કરી અને ત્યારબાદ આ વર્ષના લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર એવોર્ડ માટે યાનિક સિનરનું નોમિનેશન પાછું ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.’’



ગયા વર્ષે નોવાક જોકોવિચે ૨૦૨૩ માટે લોરિયસ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર એવોર્ડ જીત્યો હતો અને સ્પેનિશ ફૂટબોલ સ્ટાર એટાના બોનમાટીને સર્વશ્રેષ્ઠ ખેલાડી પસંદ કરવામાં આવ્યો હતો. આ વર્ષના પુરસ્કારો માટે નોમિનેટ કરાયેલા ખેલાડીઓની જાહેરાત સોમવારે મેડ્રિડમાં કરવામાં આવશે. ■

# મહિલા આઈપીએલમાં દિલ્હી સામે ટકરાશે આરસીબી, સતત ત્રણ મેચ હારી ચૂકી છે મંધાનાની ટીમ

બેંગલુરુઃ આજે મહિલા પ્રીમિયર લીગમાં દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મેચ રમાશે. મેચ બેંગલુરુ ખાતે રમાશે. ભારતીય સમય અનુસાર સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તેના હોમ ગ્રાઉન્ડ પર સતત ત્રણ મેચમાં હાર મેળવી ચૂકી છે. શનિવારે અહીં મહિલા પ્રીમિયર લીગમાં દિલ્હી કેપિટલ્સ તરફથી પડકારનો સામનો કરવો પડશે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન આરસીબીએ વડોદરામાં રમાયેલી તેની પ્રથમ બે મેચમાં જીત મેળવી હતી, પરંતુ ત્યાર બાદ જ્યારે ટૂર્નામેન્ટનો બીજો તબક્કો એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં શરૂ થયો ત્યારે અપેક્ષાઓથી વિપરીત રહ્યો હતો. ટીમને સતત ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જેમાં યુપી વોરિયર્સ સામે સુપર ઓવરમાં મળેલી હારનો પણ સમાવેશ થાય છે. ટૂર્નામેન્ટનો ત્રીજો તબક્કો લખનઊમાં રમાશે. આરસીબીની ટીમ હાલમાં પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે અને દિલ્હી કેપિટલ્સ સામે જીત મેળવીને આત્મવિશ્વાસ મેળવવા માગશે. દિલ્હી કેપિટલ્સ માટે આ મેચમાં રમવું એક પડકાર હશે કારણ કે તેઓ શુક્રવારે મુંબઈ ઈન્ડિયન્સ સામે રમ્યા બાદ બીજા દિવસે ફરી મેદાનમાં ઊતરશે.




આરસીબીની ટીમ બેટિંગ અને બોલિંગ બંનેમાં સંઘર્ષ કરી રહી છે. તેના માટે કેપ્ટન સ્મૃતિ મંધાનાનું ફોર્મ ચિંતાનો વિષય છે, જેણે પાંચ ઇનિંગ્સમાંથી માત્ર એક જ ઇનિંગમાં સારું પ્રદર્શન કર્યું છે. તેણે દિલ્હી કેપિટલ્સ સામે ૮૧ રન કર્યા હતા. મંધાનાના ઓપનિંગ પાર્ટનર ઈંગ્લેન્ડના ડેની વ્યાટ-હોજના પ્રદર્શનમાં પણ સાતત્યનો અભાવ જોવા મળી રહ્યો છે, જ્યારે શાનદાર ફોર્મમાં રહેલી ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર એલિસ પેરી ગુજરાત જાયન્ટ્સ સામેની છેલ્લી મેચમાં જ સારા રન કરી શકી નહોતી. આરસીબી બોલિંગમાં પણ નબળી જોવા મળી રહી છે કારણ કે તેના બે મુખ્ય ઝડપી બોલર રેણુકા સિંહ અને કિમ ગાર્થ અપેક્ષા મુજબ પ્રદર્શન કરી રહ્યાં નથી.

જ્યાં સુધી દિલ્હી કેપિટલ્સનો સવાલ છે, શેફાલી વર્મા અને જેસ જોનાસેનના ફોર્મે તેમની બેટિંગ મજબૂત કરી છે. પરંતુ કેપ્ટન મેગ લેનિંગ રન કરવામાં સંઘર્ષ કરી રહી છે. જેમિમાહ રોડ્રિગ્સ અને એનાબેલ સધરલેન્ડે પણ બીટ્સ અને પીસમાં સારો દેખાવ કર્યો છે. દિલ્હી કેપિટલ્સ પાસે શિખા પાંડે, મારિઝેન કૈપ, યુવા ટિટાસ સાધુ, સધરલેન્ડ અને મિન્નુ મણિના રૂપમાં મજબૂત બોલિંગ આક્રમણ છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન - હિન્દુ**
ધાર્મિક સમાચાર આપવા જૈનાચાર Jainam24.com, 9819669108. (૧૫૩૨૪-સી)

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૪૭૨)

## ૯. લગ્ન સંબંધી

**નાગર બ્રાહ્મણ**
જેવીપીડીમાં રહેતા, અવિવાહિત યુવક, ૧૯૭૨/૫'-૭'', સુખી I. T. જોબ કરતા માટે યોગ્ય કન્યા આવકાર્ય. સંપર્ક: 9769932212 / 8452007078. (દહેજ નહીં). (૧૫૬૪૮-એ)

**મેરેજ મેનેજર**
પરફેક્ટ ઉંમરમાં પરફેક્ટ જીવનસાથી મેળવવામાં બહુ મુશ્કેલીઓ થઈ રહી છે? તો સંપર્ક કરો - 9321693211. (દહેજ નહીં). (૧૫૩૨૧/સી)

**શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ**
**જીવનસાથી પસંદગી સંમેલન ફક્ત બ્રાહ્મણો માટે**
રવિવાર તા. ૬ઠી એપ્રીલ ૨૦૨૫, ઘાટકોપરમાં યુવક-યુવતી પસંદગીની ઉમદા તક માટે
રજીસ્ટ્રેશન ફી : રૂા. ૫૦૦/-યુવક માટે યુવતી માટે નિઃશુલ્ક
યુવક - યુવતી ઉમેદવાર સહિત બે વાલી માટે-ચા-નાસ્તો, ભોજન તથા ઉમેદવારના કલર ફોટો સહિત સંપૂર્ણમાહિતી ધરાવતી બુકલેટની વ્યવસ્થા 'સમાજ' દ્વારા કરવામાં આવશે.
રજીસ્ટ્રેશનની આખરી તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૫
રજીસ્ટ્રેશન અને ફોર્મ મેળવવા સંપર્ક : ૯૧૩૭૪ ૦૭૯૫૯
સમય : સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ | સાંજે ૫.૦૦ થી ૭.૩૦
શ્રી ઘા.બ્રા. સમાજ કાર્યાલય જોષી લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
ભાવના વ્યાસ-૯૧૬૭૯ ૨૭૬૩૦ | હર્ષાબેન દવે -૯૮૭૦૧ ૮૪૫૫૧
(દહેજ નહીં) (૧૫૬૧૦-એ)

■ પાર્લામાં વેલસેટ જોબ ધરાવતી હાઈલી એજ્યુકેટેડ અનાવીલ બ્રાહ્મણ 1987 કન્યાને સમકક્ષ યુવક જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં) (બી-૧૫૬૩૧)

■ બેંગ્લોરની કંપની જોબ B.Pharm વૈષ્ણવ ભાટીઆ કન્યા 1997 ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં) (બી-૧૫૬૩૨)

■ અમેરિકા ન્યુજર્સી મુંબઈનાં અનમેરીડ યુવક - 1970 સીટીઝન યુવકને ફક્ત અમેરિકાની ગ્રીનકાર્ડ/સીટીઝન કન્યા જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં) (બી-૧૫૬૩૩)

■ ટોરેન્ટોમાં 1996 એલ.એલ.બી, આય.ટી.ને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ ટોરેન્ટોમાં 1996 પોસ્ટ ગ્રેજ્યુએટ સ્માર્ટ બ્રાહ્મણને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ ચોપાટીમાં 1980 બી.ઈ., એમ.બી.એ. બિઝનેસ ધરાવતાને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ બેંગ્લોરમાં બી. ઈ. એમ. એસ. 5'5" સ્માર્ટ બ્રાહ્મણને એજ્યુકેટેડ કન્યા - 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ એમ. કોમ 1989 ડાયવોર્સીને બિઝનેસ ધરાવતા સ્માર્ટને સંસ્કારી કન્યા આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ કેલીફોર્નીયા 1988 બી. ઈ., એમ. એસ. બ્યુટીફૂલ એક્ટિવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ આર્કીટેક 1992 5'6" બ્યુટીફૂલ ઈન્ટેલીજન્ટ એજ્યુકેટેડ યુવક આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ ચોપાટીમાં 1993, એમ. એસ. સી., સી. એફ. એ. એક્ટિવ દેખાવડીને એજ્યુકેટેડ યુવક આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૯. લગ્ન સંબંધી

■ પાર્લામાં 1979 એલ. એલ. બી. એક્ટિવ ડાયવોર્સીને વેલસેટ યુવક આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

■ બી. ઈ. કોમ્પ્યુટર 1980, બ્યુટીફૂલ એક્ટિવને એજ્યુકેટેડ વેલસેટ યુવક આવકાર્ય- 9920817551. (દહેજ નહીં.). (બી-૧૫૬૩૪)

**કપોળ યુવક**
**કેનેડિયન સિટીઝન 1989 બોર્ન / 5'5", નિર્દોષ ઈસ્યૂલેસ ડિવોર્સી CA/CFA/ MBA યુવક, પેરેન્ટ વિલેપાર્લે સ્થિત માટે સમકક્ષ પરિવારની કેનેડા સ્થિત/સ્થાયી ઈચ્છુક યુવતીના વડીલો સંપર્ક 9820127258. (દહેજ નહીં.). (એસડીબી-૨૪૮૪)**

**કુંવારા યુવક**
**વાણિયા 32, 5' 11", UK સ્થિત, હેન્ડસમ, વેલસેટ એજ્યુકેટેડ નિર્વ્યસની માટે સંસ્કારી યુવતી આવકાર્ય. 8976599383. (જ્ઞાતિબાધ નથી) (દહેજ નહીં). (૧૫૬૫૮-એ)**

**''ગુજરાતી''**
અમેરિકા સ્થિત 1986, Dr. (PhD Medical) કન્યા માટે યોગ્ય ગુજરાતી (ફ્રેશ/ કુંવારા) IIM, Dr., IIT, CA, B.Tech, Engineer) યુવકના વડીલો. સંપર્ક: 9324031686. (દહેજ નહીં). (૧૫૬૬૦-એ)

**''કંકોત્રી-50''**
અસંખ્ય વેરાયટી - વ્યાજબી પ્રિન્ટીંગ ભાવ - ડિલિવરી 6 દિવસમાં સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ - બોરીવલી - 9820000538 / 9820441711. (દહેજ નહીં). (૧૫૬૬૪-એ)

**VAISHNAV**
28 BTech IT Data Analyst at MNC Girl. Cast no bar. 8655041007. (No Dowry) (15663-A)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. ''Neela sheth'' 9833676409/7045657510 (No Dowry). (15621-A)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૬૪૨-એ)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૫૮૪)

**નારી સાડી** જોગેશ્વરી ઈસ્ટ પ્રસ્તુત
બાંધણી, ઘરચોળા, બનારસી, સેલાનું ભવ્યાતિભવ્ય સેલ
રૂા.૩૫,૦૦૦/- ના રીયલ ઈક્કત પટોળા માત્ર રૂા.૧૭,૫૦૦/- માં
રૂા.૧૫,૦૦૦/- ના રીયલ ઘરચોળા માત્ર રૂા. ૭,૫૦૦/- માં
રૂા.30,000/- ની રીયલ મીનાકારી બાંધણી માત્ર રૂા.૧૫,૦૦૦/- માં
રૂા.૨૦,૦૦૦/- ની રીયલ બનારસી બાંધણી માત્ર રૂા.૧૦,૫૦૦/- માં
રૂા.૭,૦૦૦/- ની ગજી સિલ્ક બાંધણી માત્ર રૂા.૩,૫૦૦/- માં
એવી જ રીતે અસંખ્ય વેરાયટીઝ ફાયદામાં...
ફોન કરીને આવવા નમ્ર વિનંતી
ફોન નં. 8097987978/9820207332
શોપ નં. - ૭, સેટેલાઈટ ક્લાસિક, સ્ટેશન રોડ, જોગેશ્વરી ઈસ્ટ, મુંબઈ-૬૦
(બી-૧૫૫૩૩)

**પ્રિમીયમ ડ્રાયફ્રુટ**
કાજુ, બદામ, ખારા પિસ્તા, અખરોટ, અંજીર દરેક વસ્તુ 500 ગ્રામ ફક્ત 3650/= 8169659550. (૧૫૩૨૬-એ)

**ખાખરા**
પ્યોર ઘઉંના, સાદા, મેથી, જીરા, મસાલા, 280, અમારા ખાખરા સસ્તા નથી, દરેક વેરાયટી મળશે. 8169659550. (૧૫૩૨૬-બી)

**ડ્રાયફ્રુટ જલસા**
કાજુ, બદામ, કિસમીસ, જરદાળું, ખારા પિસ્તા, દરેક વસ્તુ 250 ગ્રામ ફક્ત 855/= 8169659550. (૧૫૩૨૬-ડી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૪૭૩)

**નિઃશુલ્ક મહાબળેશ્વર**
નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે દર રવિવાર/ મંગળવાર/ગુરુવારે શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સ એપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૪૮૨)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચિરાગ**
વૈષ્ણોદેવી, સંપૂર્ણ કાશ્મીર 7 એપ્રિલ, 09 દિવસ, 12. 7303560200. (બી-૧૫૫૧૦)

**ચિરાગ હોલીડેઝ**
ચારથી ચારસો વ્યક્તિના ગ્રુપનું 21 વર્ષથી સંસ્થાઓમાં સર્વે સમાજનાં મંડળોની પ્રથમ પસંદગી, ચારધામ સ્પેશીયલ, પ્લેનમાં, હેલીકોપ્ટરમાં, 3-4 સ્ટાર હોટલમાં 6 દિવસ, 11, બે ટાઈમ પ્લેનમાં/ રાજધાની ટ્રેનમાં 12 દિવસ, 15/16 રેગ્યુલર ટ્રેનમાં, લકઝરીયસ હોટલમાં, રસોડું સ્વતંત્ર વાહનમાં, મે, જૂનમાં, ઓગસ્ટથી ઓકટોબરમાં, જુલાઈ ઓગસ્ટમાં ફલાવર ઓફ વેલી સાથે ચારધામ વગર પણ. 7303560200/ 9833009445. (બી-૧૫૫૧૧)

**મિનિમમ બે**
**પ્રવાસીઓ/ ગ્રુપને અનુકૂળ તારીખે ભૂતાન- નેપાલ- સિક્કીમ- નોર્થ ઈસ્ટ સ્ટેટ્સ- ગ્લોબલ ટૂર્સ- 9967894750. (બી-૧૫૬૩૫)**

## ૧૪. નોકરી ખાલી છે

**સાઉથ મુંબઈમાં**
**જૈન તિર્થમાં ઓફીસમાં યોગ્ય પગાર સાથે (૧) મેનેજર - અનુભવી, ધાર્મિક, વિશ્વાસુ (૨) કોમ્પ્યુટર ઓપરેટર - સારા અનુભવીની જરૂર છે. મોબાઈલ 9322234901 email: alloysteels@gmail.com (એસડીબી-૨૪૬૪)**

**અમેરીકાના ન્યુયોર્કમાં**
**ઘરકામ કરવા તથા બાળકને સાચવા બેન જોઈએ છે.**
**સારો પગાર આવા જવાની ટીકીટ રહેવા જવાનું ફ્રી**
**મહિમા:9724133911**
(બી-૧૫૫૯૪)

**કમાઓ 8-12 લાખ**
પરિપક્વ અને મેનેજરીયલ ગુણવત્તાવાળા વ્યક્તિઓ, 40-75 વર્ષ. સરકારી સંલગ્ન કંપની. સંપર્ક: 8356933068 / 8766534390. (જેપી/૪૯૭૩-બી)

■ પેકીંગના કામ માટે લેડીઝ તેમજ જેન્ટ્સ હેલ્પર જોઈએ છે. તુરંત મળો 11, ખેતાણી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, 106/7 બાઝાર વોર્ડ, સોનાપુર લેન, હિન્દુ સ્મશાનભૂમિ પાસે, કુર્લા (પશ્ચિમ) મુંબઈ 400070. (એસડીબી-૨૪૬૫)

■ જોઈએ છે રસોઈ ઘરકામ માટે 24 કલાક બહેન મલાડ 6359956119. (બી-૧૫૬૨૩)

■ ભાઈઓ, બહેનો અનલીમીટેડ કમાણી, નિવૃત્તિ પછી કમાવો, મેટ્રીક પાસ. 8169881070. (૧૫૩૨૪-એ)

■ જોઈએ છે ગ્રાફિક ડિઝાઈનર વેબસાઈટ ડેવલોપર ઓનલાઈન માર્કેટર મલાડ 6359956119. (બી-૧૫૬૨૮)

**INDIA'S LARGEST**
**Brand Hiring Insurance Advisor on Payroll Mumbai (19,000/- to 72,000/-). 9920960507. (SDB-2468)**

**SHREE JAIN UDYOG GRUHA**
**Urgently Required Delivery Man and also for Packing of Food items.**
**We need a Computer & A/C expert for hostel office work.**
**We also need a full-time ladies' hostel metran.**
Contact: **9321789926 / 022-22425342**
Email Resume at shreejainudyoggruha@yahoo.com
Address: 109/117, C.P. Tank Road, Mumbai - 400 004.
(B-15624)

**OFFICE ASSISTANT**
Required (Male) Part Time, 2-5 years experience - Excel / Word. 8169349803 / office.alufinns@gmail.com (JP/4973-E)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી - (વેસ્ટ)**
કબજો ટૂંક સમયમાં ૧ બી.એચ.કે. માસ્ટર બેડરૂમ સાથે. શાંતિલાલ મોદી રોડ નંબર-૨, ૯૯ લાખ પ્લસ ગવરમેન્ટ ટેક્સ, મહારેરા નં. - P51800052812 સેલ્સ ઓફિસ - 9702007481 - 9702007482 - 9702002095. (બી-૧૫૫૮૫)

**પ્રિન્સેસ સ્ટ્રીટ**
1 બેડરૂમ 483 રેરા કારપેટ / 2 બેડરૂમ 666 / 696 / 745 રેરા કારપેટ, બંધાતામાં ટૂંક સમયમાં કબજો. સંપર્ક 9821030822. (૧૫૬૨૯-એફ)

**ખાર (વેસ્ટ)**
તદ્દન નવા બિલ્ડીંગમાં ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કારપેટ, ૫ બેડરૂમ ૨૩૦૦' કારપેટ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી માટે, જીમ્નેશીયમ સાથે, તુરંત વેચવાના. ફોનઃ ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૫૧૯)

## ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**
2 બેડરૂમ 580 કારપેટ રેડી પઝેશન હરેશ 9821030822. (૧૫૬૨૯-ઈ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૫૦૫-એ)

**શાંતાક્રુઝ વેસ્ટ**
લકઝરીયસ ૩ બેડ જોડી/ સિંગલ હાયર ફ્લોર, એમિનીટીઝ સાથે વેચાણથી 7045622403. (બી-૧૫૫૮૯)

**માટુંગા (સે.રે), લક્ઝુરીયસ ટાવરમાં એસી લોબી, ફીટનેસ સેન્ટર સાથે તમામ મોર્ડન એમેનીટીઝ**
**૧ બેડરૂમ હોલ કીચનના ઓનરશીપ, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નીશ્ડ ફ્લેટ (એટેચ ટોઈલેટ ઉપરાંત પાવડર ટોઈલેટ) – પઝેશન ટુંક સમયમાં**
**સંપર્ક હરેશ ગાલા : 98198 22449**
(બી-૧૫૫૯૫)

**ઘાટકોપર વેસ્ટ વેચાણથી**
૫૨૦ કારપેટ, ૨ બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, ગ્રાઉન્ડ ફ્લોર, ૨ વોશરૂમ, પાર્કિંગ સાથે જોલી જીમખાના પાસે. 9987335773. (૧૫૬૩૪-એ)

**બોરીવલી ઈસ્ટ**
**દૌલત નગર, સ્ટેશન પાસે, મેન રોડ, 1 બેડરૂમ 446' ફર્નીશ્ડ ફ્લેટ વેચાણથી, બેસ્ટ વૅન્ટીલૅટીન. 9879640477. (૧૫૬૩૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, રેપ્યુટેડ બિલ્ડરનાં બંધાતા આલીશાન ટાવરમાં, 2, 3, 4 બેડરૂમ, હોલ, કિચન ફ્લેટો / જોડી, એમેનીટીશ સાથે, લાઈફટાઈમ ઓપન વ્યુ, જુગ્નું શાહ - HOMEALONE PROPERTY 9833352224. (૧૫૬૪૪-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**૧, ૨, ૩, ૪ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો ભાડે/વેચાણથી લેવા-વેચવા રાજ એસ્ટેટ - 9821051136, 8591132359. (૧૫૬૪૪-સી)**

**સાઉથ મુંબઈ**
2-3-4 બેડરૂમના આકર્ષક ફ્લેટો - બંધાતા ટાવરમાં વર્લી - પ્રભાદેવી - ગામદેવી - તારદેવ - ભાયખલા - વડાલા - લોઅરપરેલ - આધુનિક સુવિધા - પ્રતિષ્ઠિત બિલ્ડર્સ - આકર્ષક શરતે લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૫૫૯૬/સી)

**ઘાટકોપર (ઈસ્ટ) પંતનગર**
**શુભમ**
**૨/૩ બેડરૂમ, હોલ કિચનનાં ફર્નિશ્ડ ફ્લેટો /ઓફિસો રેડી પઝેશન.**
**કૌશલ કાંતિલાલ મહેતા 9323871933**
(૧૫૬૬૧-ડી)

**નાનાચોક**
3 બેડરૂમ હાયર ફ્લોરનો ફ્લેટ - સીવ્યુ - આધુનિક સુવિધા - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૫૯૬/ડી)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ 2 બેડરૂમનો હાયર ફ્લોરનો ફ્લેટ - દેરાસર નજીક - પાર્કિંગ સુવિધા - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૫૯૬/ઈ)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમનો ફ્લેટ - નાની સુંદર સોસાયટી - શાંત વાતાવરણ - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૫૯૬/એફ)

**નેપયન્સી**
શાંતિનગર 2 બેડરૂમનો ફ્લેટ - દેરાસર નજીક લેવા. ચેતન શેઠ 9820062638. (૧૫૫૯૬/જી)

**તારદેવ**
2 બેડરૂમનો સુંદર ફ્લેટ - આધુનિક સુવિધા સાથે - પાર્કિંગ - પ્રતિષ્ઠિત સોસાયટી - લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૫૫૯૬/એચ)

**સાઉથ મુંબઈ**
1-2-3-4 બેડરૂમના ફ્લેટો વોર્ડન, પેડર, અલ્ટ્રામાઉન્ટ, વાલ્કેશ્વર, નેપયન્સી, તારદેવ, વર્લી, પ્રભાદેવી - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૫૯૬/આઈ)

**ચેમ્બુર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી - વેચાણથી લેવા-આપવા વર્ધમાન-પ્રોપર્ટીઝ - ૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૫૫૯૧)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
એસ. વી. રોડ - ૩ બેડરૂમનો ટેરેસ ફ્લેટ + ક્લોઝડ ગેરેજ - વેચાણથી 3,65,000,00/- ફ્લેટો લેવા / વેચવા / ભાડેથી. સંપર્કઃ- ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪ / ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૫૫૯૧)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/ મેટ્રોથી 2 મિનિટે, રેડી ટાવરમાં હાયરફ્લોરના, 3 બેડરૂમના ફ્લેટો 3,45,00,000/- ઓલ ઇન્ક્લુજીવ (2 પાર્કિંગ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૫૬)**

## ૧૭. જગ્યા આપવી છે

**''વિરાર''**
સચોટ માર્ગદર્શન, વ્યવહારમાં પારદર્શિતા, પ્રોપર્ટી લેવા, વેચવા - Rupesh Shah 9323480190. (૧૫૬૧૪-એ)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**દાદર (વેસ્ટ)**
54 માળના બંધાતા ટાવરમાં 2 BHK - 818' કાર્પેટ, જોડી શક્ય, 3.50 Cr. થી શરૂ. દેરાસર, મંદિર નજીક. 9819122491/ 9920244534. (જેપી-૪૯૭૨-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ફ્લેટ, ઓફિસ, દુકાન/ ભાડે/ વેચાણથી લેવા- વેચવા રાજેશભાઈ સાવલા- 9892329269. (૧૫૬૨૬-એ)**

**બોરીવલીમાં - વલસાડમાં -**
સામખીયારીમાં મકાન - બંગલા - ફ્લેટો લેવા / આપવા મળો 9022470425. દામજીભાઈ ગડા. (૧૫૬૧૮-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
**લીવલાયસંસથી નવા બિલ્ડિંગમાં 3 બેડરૂમ્સના ૪ ફ્લેટ જૈન દેરાસર પાસે આપવાના છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૫૬૫૦-એ)**

**જૂહુ**
**3 બેડરૂમ 2000' કાર્પેટ Community બિલ્ડિંગ સ્વિમિંગપૂલ, જીમ, ગાર્ડન, બેન્કવેટ સાથે વેચાણથી. મી. દેસાઈ - 8591072299, 7738934973. (એસડીબી-૨૪૪૧)**

**જૂહુ ગુલમોહર રોડ**
**4 બેડરૂમ 2370' કાર્પેટ 10.5' સીલીંગ હાઈટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ એમેનીટીઝ સાથે.- મી. દેસાઈ - 9821096320, 7738934973. (એસડીબી-૨૪૪૨)**

**જૂહુ જેવીપીડી**
**પ્રીમિયમ ફુલ્લી ફર્નિશ્ડ ડુપ્લેક્સ ફ્લેટ 4000' કાર્પેટ 4 પાર્કિંગ સાથે વેચાણથી. - મી. દેસાઈ - 9821096320, 7738934973. (એસડીબી-૨૪૪૩)**

**જૂહુ**
**મલ્ટીપલ પ્લોટ્સ 500 સ્કે. યાર્ડથી 1500 સ્કે. યાર્ડથી વેચાણથી મળશે. સંયુક્ત સાહસ પણ ચાલશે. - મી. દેસાઈ - 9821096320. (એસડીબી-૨૪૪૪)**

**જૂહુ ગુલમોહર રોડ**
**મલ્ટીપલ ટોપ ક્લાસ બિલ્ડરના પ્રોજેક્ટમાં 3, 4, 5 બેડરૂમના ફ્લેટો - પેન્ટ હાઉસ વ્યાજબી ભાવે લેવા. - મી. દેસાઈ - 7738934973, 8591072299. (એસડીબી-૨૪૪૫)**

**મલાડ (વેસ્ટ)**
**માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૪૩૯)**

■ પાર્લા (વેસ્ટ)માં વેચાણથી. ત્રણ બેડરૂમ, બે બેડરૂમ, સિંગલ રૂમ (૨૨૦ કારપેટ) તથા દુકાનો ભાડેથી ૨૫૦, ૪૦૦, ઓફિસો ૧૧૦૦, ૭૨૦. સંપર્ક: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૫૯૩/બી)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૫૩૪)

**માટુંગા-કિંગ્સ સર્કલ**
2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડીંગ - O.C. સાથે, ઈન્ડીન જીમખાનાની નજીક, 12મો માળ, 770 sq.ft., પાર્કિંગ, 3.40 કરોડ. સંપર્ક 9374543885. (૧૫૬૩૭-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
2 BHK ફર્નિશ્ડ, સાઈનગર એમ.જી.રોડ, 824' યુઝેબલ કાર્પેટ, 1.70 Cr. નેગોશિએબલ. બ્રોકર આવકાર્ય સંપર્ક - 7666263383, 9323737062. (જેપી - ૪૯૭૫-એ)

**વિલેપાર્લા (ઈસ્ટ)**
**3 બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની હવા ઉજાસવાળો ૧૧૫૦ ફ્લેટ 3.50 કરોડ 2 પાર્કિંગ 9619018233. આશાબેન (૨૫૭)**

**બોરીવલી (વેસ્ટ)**
**ચંદાવરકર રોડ, જૈન દેરાસરની બાજુમાં, 3 બેડ તથા જોડી, ૧૦૫૩' + ૧૦૩૯' કારપેટ, હાયરફ્લોર, હાઈરાઈઝ ટાવરમાં, રેમ્પ અને સરફેસ પાર્કિંગ. ટૂંક સમયમાં પઝેશન. ભાનુ પ્રોપર્ટીઝ - 9930219031. (૧૫૬૫૪-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા સેન્ટ્રલ**
**4 બેડ, ૨૪૦૦', દેવધર રોડ, નવા બંધાતા ટાવરમાં રેમ્પ, સરફેસ પાર્કિંગ, સ્વીમીંગપુલ, કલબ હાઉસ, જીમ વગેરે એમેનીટીસ સાથે. હાયર ફ્લોર ઓપ્શન ઉપલબ્ધ લેવા ભાનુ પ્રોપર્ટીઝ- 9930219031. (૧૫૬૫૪/બી)**

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૨૫)

**ગોરેગાવ વેસ્ટ**
કલ્પતરુ રેડિયેન્સ, બ્રાન્ડ ન્યૂ ફ્લેટ, ૨ બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ પૂલ, જીમ, બધુજ કોમ્પ્લેક્સમાં જ. મેટ્રો, સ્ટેશન, સ્કૂલ, માર્કેટ નજીક. ઓસી સાથે રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૨૬)

**તારદેવ**
3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કિંગ - 6,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૫-એ)

**વર્લી**
3 બેડરૂમ - 1120' - પાર્કિંગ - સી.ફેસીંગ 5,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૫-એ)

**ગામદેવી**
3 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કિંગ - 5,00,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૫-એ)

**ગ્રાન્ટરોડ**
3 બેડરૂમ - 1250' - કાર્પેટ- વેલે પાર્કિંગ - 4,75,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૫-બી)

**નાનાચોક**
2 બેડરૂમ- 900' - કાર્પેટ - પાર્કીંગ - ફરનીસ્ટ- 6,00,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૫૩૨૫-બી)

**ગ્રાન્ટરોડ**
1 બેડરૂમ- 400' - કાર્પેટ - ફરનીસ્ટ - 1,50,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૫૩૨૫-બી)

**ઘાટકોપર ઈસ્ટ**
**60ft. રોડ**
**4 BHK પેન્ટહાઉસ**
• 1610 કારપેટ • પ્રાયવેટ ટેરેસ
• 15th ફ્લોર • ઈન્ટરનલ લિફ્ટ
• 13 ft. હાઈટ • ઓપન વ્યુ
• રેડી પઝેશન
99201 29866
98210 81575
PRAKASH KAMDAR ESTATE CONSULTANT
Maha Rera No. A51800036615 maharera.mahaonline.gov.in
(એસડીબી-૨૪૮૫)

**ચૌપાટી**
4 બેડરૂમ- 1800' - કાર્પેટ - પાર્કિંગ - 9,50,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૫૩૨૫-સી)

**ગામદેવી**
4 બેડરૂમ- 1550' - પાર્કિંગ- સી.વ્યુ. ફરનીસ્ટ 12,75,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૨૫-સી)

**પેડર**
3 બેડરૂમ- 1250' - કાર્પેટ - ગેરેજ- પાર્કિંગ- 8,50,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૫૩૨૫-સી)

**ગામદેવી**
2 બેડરૂમ- 825' કાર્પેટ- પાર્કીંગ- 3,50,00000/= શાહ- 9820068382. (૧૫૩૨૫-ડી)

**વાલ્કેશ્વર**
3 બેડરૂમ- 900' કાર્પેટ- પાર્કીંગ- 5,55,00000/= નેગોશીએબલઃ શાહ- 9820068382. (૧૫૩૨૫-ડી)

**પેડર**
3 બેડરૂમ- 1100' કાર્પેટ- પાર્કીંગ- 7,25,00000/= નેગોશીએબલઃ શાહ- 9820068382. (૧૫૩૨૫-ડી)

**વાલ્કેશ્વર**
રીઝ રોડ- 3+3 બેડરૂમની જોડી. 3600' સી. ફેસીંગ 3, પાર્કીંગ. શાહ- 9820068382. (૧૫૩૨૫-ઈ)

**નેપેન્સી**
4 બેડરૂમ- ડુપ્લેક્ષ- 3, પાર્કીંગ. સી. ફેસીંગ- 3500' કાર્પેટ શાહ- 9820068382. (૧૫૩૨૫-ઈ)

**મલબાર હીલ**
6 બેડરૂમ- 3500', કાર્પેટ- 2 ગેરેજ- પાર્કીંગ. સી. ફેસીંગ ફરનીસ્ટ શાહ- 9820068382. (૧૫૩૨૫-ઈ)

**બોરીવલી (વેસ્ટ)**
ચીકુવાડી 3 બેડરૂમ, 1600' કાર્પેટ, 2 કવ્હર્ડ પાર્કિંગ, ફુલ્લી ફર્નીશ્ડ, 5.30 cr નેગોશીયેબલ. એજન્ટ- 9819984363. (૧૫૩૨૬-ઈ)

**સિક્કાનગર**
અપના બજાર પાસે ૩ બેડરૂમના લકઝરી બ્લોક, પાર્કિંગ સાથે ઓનરશીપ/ ૧ બેડરૂમ ૪૨૫/ ૫૨૫ + પાર્કિંગ રેડી કબજો, 9820034317. (બી-૧૫૬૩૭)

**મલાડ વેસ્ટ**
3 બેડરૂમ, 1050' કાર્પેટ એમીનીટીઝ+ બાલ્કનીવાળો ફ્લેટ, માર્વે રોડ જૈન દેરાસરની બાજુમાં, હાયર બજેટ, ન્યુ ચાંગોદ પ્રોપર્ટી ''ભાવેશ''- 9833421283/ 9769385284. (બી-૧૫૬૩૬)

## ૧૭. જગ્યા આપવી છે

**વાલકેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શીયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૪૮૩)

**અંધેરી ઈસ્ટ**
વિશાલહોલ પાસે ૨ બેડરૂમ 725 કાર્પેટ સ્ટેશન નજીક નવા બિલ્ડીંગમાં 2 બેડરૂમ 720 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627 - 7045660627. (એસડીબી-૨૪૮૬)

**સાંતાક્રુઝ વેસ્ટ**
ફિરોજશા રોડ આઉટરાઈટથી કલ્પતરૂ ઈમ્પેરિયા 3 બેડરૂમ 1069 કાર્પેટ + 2 પાર્કિંગ ''રીમા એસ્ટેટ'' 9820000627 - 7045660627. (એસડીબી-૨૪૮૭)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. પંતનગર, શુભમમાં, ૨/૩ બેડરૂમ, હોલ, કિચન, OC પાર્કિંગ સાથે, રેડી પઝેશન. કૌશલ કાંતિલાલ મહેતા- 9323871933. (૧૫૬૬૨-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. નાયડું કોલોની, પંતનગર, આરાધ્યા નાઈન, ૨ BHK - 604' કારપેટ, હાયર ફ્લોર, વાસ્તુ પ્રમાણે, ફુલ્લી ફર્નીશ્ડ, ૧ કાર પાર્કિંગ- 9920232777. (૧૫૬૬૧-એ)

**"68,00,000 / 73,00,000"**
''દહિસરમાં 1 બેડરૂમ તથા ભાડેથી- 24,000 / 20,000 / 15,000''. હાર્દિકભાઈ'' - 7021281534. (૧૫૬૫૯-એ)

**''કાંદિવલી- બોરીવલી''**
**''(વેસ્ટમાં) 1/ 2/ 3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના/ ભાડેથી'':- 7710979702 / 9930626313. (૧૫૬૫૯-બી)**

**પેડર રોડ**
જશલોક સામે લીવલાયસન્સ, ૧ BHK ફર્નિશ્ડ, ભાડુ ૮૦,૦૦૦/=, કોલાબા ટેલીફોન ભવન સામે, અનફર્નિશ્ડ ૮૦,૦૦૦/=, તુરંત કબજો 9820296693. કટારિયા એજન્ટ (૧૫૬૫૬-એ)

**જુહુ**
મોડલ ટાઉન સોસાયટીમાં લેવીશ ૪ બેડરૂમ ભાડેથી અને ડી.એલ.એચ. રીજેન્સી બિલ્ડિંગમાં ૩ બેડરૂમ ભાડેથી મળશે. સંપર્ક: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૫૭-એ)

**''અંધેરી (વેસ્ટમાં)''**
**''રેલ્વે સ્ટેશન/મેટ્રો સ્ટેશનથી 5 મિનિટ વોકેબલ છતાં શાંત રમણીય વાતાવરણ- વાસ્તુશાસ્ત્ર અનુરૂપ અક્ષય ગીરિકુંજ ટાવરમાં 3 બેડરૂમ-1100' કાર્પેટ-ગાર્ડન વેસ્ટ ફેસિંગ- 2 પાર્કિંગ સહિત (4.50 Cr. Negotiable), ગુજરાતી તથા મારવાડી સોસાયટીમાં વેચવાનો.'' "KRESKO REALTY CONSULTANT'' - 9967728573. (૧૫૬૫૯-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. ગારોડિયા નગર, ૨ બેડરૂમ, હોલ, કિચન કોર્નર, 750', ફુલ્લી ફર્નીશ્ડ, ૧લે માળે, ગારોડિયા સ્કૂલ પાસે. લલિત મહેતા - 9323191622, 9819098468. (૧૫૬૬૧-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી વલ્લભબાગ ક્રોસ લેન, નવું મકાન, OC સાથે, રેડી, 2 બેડરૂમ, હોલ, કિચન- 610' હાયર ફ્લોર, ફુલ હવાઉજાસ- 1.71CR. લલિત મહેતા - 9323191622, 9819098468. (૧૫૬૬૧-સી)

**શ્રી વિમલ એસ્ટેટ**
**મુલુંડ (વેસ્ટ) દેવીદયાલ રોડ, ગાર્ડન નજીક, 2 BHK વેચાણથી 620' કારપેટ (બધુંસહિત 1.40) 81040 09694, 98198 64456. (એસડીબી-૧૫૬૬૫-એ)**

**TARDEO, BIG LAUNCH**
**Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn, Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

**KANDIVALI EAST**
**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

**GHATKOPAR EAST**
**NEELSIDHI JAYBANDHU ON 90 FEET ROAD**
**3 BHK LUXURY FLATS**
**₹ 3.19 CR*. ONWARDS**
**READY POSSESSION**
**OC RECEIVED**
MahaRERA Registration No.: P51800045951, available on https://maharera.mahaonline.gov.in
98334 69305
(B-15638)

**CHURCHGATE**
2+2 Bed 1 Garage. 1550 Carpet D Road. Reasonable Price Ashok Shah 9821036552. (15629-C)

**2 BHK FLAT ON 3RD FLOOR in Juhu Tara, Kishore Kumar Lane for Rent, Rs. 80000 Negotiable, No Lift. Contact - 9869960115 / 9920022074. (B-15590)**

(જુઓ પાનું ૧૨) ▶▶

# વડા પ્રધાન મોદી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે, આજે રાતે જામનગરમાં આગમનઃ સોમવારે સોમનાથ દાદાનાં કરશે દર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતી કાલ તા. ૧ માર્ચથી ત્રણ દિવસના સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે અને વહીવટી તંત્ર તૈયારીમાં લાગ્યું છે. મળતી માહિતી પ્રમાણે આવતી કાલે શનિવારે મોડી રાત્રે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જામનગર ખાતે આવી પહોંચશે અને ત્યાં સર્કિટ હાઉસ ખાતે રાત્રીરોકાણ કરશે અને ત્યાર બાદ રવિવારની વહેલી સવારે રિલાયન્સ ખાતે વનતારાની મુલાકાત લેશે અને ત્યાં બપોરે ભોજન લીધાં બાદ તેઓ સીધા જ સાસણ જવા માટે રવાના થશે અને ત્યાં સિંહદર્શન કરશે તેમ જ રાત્રીરોકાણ પણ સાસણ ખાતે જ કરશે. સોમવારે વહેલી સવારે સોમનાથ જવા માટે રવાના થશે.

સોમનાથ ખાતે દર્શન અને પૂજા-અર્ચના કર્યા બાદ સોમનાથ ટ્રસ્ટની બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમ જ ગૃહ પ્રધાન અમિત શાહ સહિતના નેતાઓ પણ હાજર રહેશે. ત્યાર બાદ બપોરે સોમનાથ ખાતે ભોજન લીધાં બાદ તેઓ સીધા જ રાજકોટ હિરાસર ઇન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે પહોંચ્યા બાદ ૨:૩૦ કલાકે દિલ્હી જવા માટે રવાના થશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સૌરાષ્ટ્રમાં ત્રણ દિવસના કાર્યક્રમને પગલે સૌરાષ્ટ્રભરનાં અલગ-અલગ સ્થળોએ પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. તેમ જ તંત્ર દ્વારા મોટા ભાગની કામગીરી પણ પૂર્ણ કરી લેવામાં આવી છે.

આગામી ૧ માર્ચ ૨૦૨૫ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી જામનગરની મુલાકાતે છે. વડા પ્રધાન સર્કિટ હાઉસ ખાતે રાત્રીરોકાણ કરનાર છે. જેના પગલે સુરક્ષાના અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર દ્વારા જામનગર જિલ્લાના ઍરફોર્સ સ્ટેશન, પ્રદર્શન ગ્રાઉન્ડ, સાત રસ્તા, જામનગર ઍરપૉર્ટથી લાલ બંગલા સંકુલ સુધીના તથા મહાનુભાવોના આવવા-જવાના કોન્વોય રૂટ અને જામનગર (શહેર)થી લાલપુર તાલુકાના મેઘપર (પડાણા) સુધીના જામનગર ખંભાળિયા હાઇવેના રસ્તાની આજુ-બાજુના વિસ્તારોને નો ડ્રોન ફ્લાય ઝોન જાહેર કરેલ છે.

આ વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ ઍરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર, પેરા ગ્લાઇડર, પેરા મોટર તેમ જ હોટ ઍર બલૂન તથા પેરા જમ્પિંગ ચલાવવા કે કરવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પોલીસ વિભાગ અને સુરક્ષાબળોનાં ઉપરોક્ત સંસાધનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ હુકમ ૨૮ ફેબ્રુઆરીથી ૨ માર્ચ ૨૦૨૫ના રાત્રે ૧૧ વાગ્યા સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ તળે શિક્ષાપાત્ર થશે. ■

# સંવેદનશીલ ન્યાય પ્રણાલી પર આધારિત વિકસિત ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ બનીએઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિના હસ્તે વિવિધ અભ્યાસક્રમોના કુલ ૧,૫૬૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. ૧૨ વિદ્યાર્થીઓને ડૉક્ટરેટ ઑફ ફિલોસોફી, એક વિદ્યાર્થીને ડૉક્ટરેટ ઑફ લૉની તેમ જ અન્ય વિદ્યાર્થીઓને ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમાની ડિગ્રી એનાયત કરાઈ હતી. તેજસ્વી વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક પણ એનાયત કરાયા હતા.

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, સંવેદનશીલ ન્યાય પ્રણાલી પર આધારિત વિકસિત ભારતના નિર્માણ માટે આપણે સૌ પ્રતિબદ્ધ બનીએ. આજે વિશ્વભરમાં ફોરેન્સિક સાયન્સનું મહત્ત્વ વધી રહ્યું છે. દુનિયાના શ્રેષ્ઠ એવા આ વિશ્વવિદ્યાલયમાંથી આજે ૧૫ દેશોના લગભગ ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ પણ પદવી પ્રાપ્ત કરી છે. આ યુનિવર્સિટીમાં સિવિલ સર્વિસીસ, ઇન્ડિયન પોલીસ સર્વિસ, ફાઈનાન્સ, બૅન્કિંગ, ન્યાયપાલિકા સહિત મહત્ત્વનાં ક્ષેત્રોના ૩૦,૦૦૦ જેટલા ઑફિસર્સને પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે.

અપરાધીઓનું નિયંત્રણ તેમ જ છેવાડાના નાગરિકોને ઝડપી અને સુલભ ન્યાય મળે તે માટે ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની ભૂમિકા મહત્ત્વની છે. દેશમાં ફોરેન્સિક સાયન્સીસ આધારિત ઇકોસીસ્ટમ સુદૃઢ કરવા મિશન મોડ પર કાર્ય થઈ રહ્યુ છે. આ માટે ગૃહ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીને રાષ્ટ્રપતિએ અભિનંદન પાઠવ્યાં હતાં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિજ્ઞાન અને ટેક્નોલોજીના માધ્યમથી ઝડપી અને સુલભ ન્યાય પ્રક્રિયા માટે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો સમૂચિત ઉપયોગ કરવા અનુગ્રહ કર્યો હતો. નિષ્પક્ષ અને ત્વરિત ન્યાય આપનું લક્ષ્ય હોવું જોઈએ.

રાષ્ટ્રપતિએ ન્યાય પ્રક્રિયામાં વિલંબનાં અનેક કારણોમાં વિશ્લેષણ અને પરીક્ષણ ઝડપથી નહીં થવાનું એક કારણ મહત્ત્વનું ગણાવ્યું હતું. નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના માધ્યમથી આ પ્રક્રિયા ઝડપી બનશે. તેમણે અપરાધીઓની નવી-નવી તકનીક સામે વધુ ક્ષમતા સાથે સજ્જ થવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવી સજ્જતાથી જ અપરાધીઓ અપરાધ કરતાં ડરશે. એટલું જ નહીં, ન્યાયપ્રક્રિયા પણ વધુ ઝડપી બનશે. ■

# ભારતના ૧૧૫ રાષ્ટ્રીય વેટલૅન્ડ્સમાંથી આઠ અને ૮૫ રામસર સાઇટમાંથી ચાર ગુજરાત પાસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વન્યજીવનની સાથેસાથે ગુજરાત વિવિધ વેટલૅન્ડ્સ સ્વરૂપે સમગ્ર દેશમાં અમૂલ્ય કુદરતી વારસો ધરાવે છે. કુદરતી સંસાધનોના સંવર્ધનના પરિણામે દેશના તમામ વેટલૅન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાતનો છે જે અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ છે.ગુજરાતના વેટલૅન્ડ્સ ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે. જે ગુજરાતના ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકાનો સમાવેશ કરે છે.

સ્પેસ એપ્લિકેશન સેન્ટર ૨૦૨૧ દ્વારા ભારતીય વેટલેન્ડ્સના અવકાશ આધારિત અવલોકન મુજબ, ગુજરાતમાં કુલ ૧૭,૬૧૩ વેટલૅન્ડ્સ છે, જે કુલ ૩,૪૯૯,૪૨૯ હેક્ટર વિસ્તારને આવરી લે છે. તેમાં મુખ્યત્વે અંતરિયાળ-કુદરતી વેટલૅન્ડ્સ, અંતરિયાળ-માનવ નિર્મિત વેટલૅન્ડ્સ, દરિયાકાંઠાના માનવ નિર્મિત વેટલૅન્ડ્સ ઉપરાંત દરિયાકાંઠાના કુદરતી વેટલૅન્ડ્સનો સમાવેશ થાય છે. ગુજરાતમાં મહત્તમ ૬૭ ટકા વિસ્તાર ખાડીઓનો, ત્યાર બાદ ૪૬.૮ ટકા વિસ્તાર કળણો, ૯૧.૬ ટકા સોલ્ટ માર્શ અને ૭૫.૫ ટકા વિસ્તાર મીઠાના અગરો ધરાવે છે.

ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં તા. ૨જી ફેબ્રુઆરીએ ‘વર્લ્ડ વેટલૅન્ડ ડે’ ઊજવવામાં આવે છે. આ વર્ષે ૨૦૨૫માં ‘વિશ્વ જળ પ્લાવિત દિવસ’ની વિષયવસ્તુ ‘પ્રોટેક્ટિંગ વેટલૅન્ડ ફોર અવર કૉમન ફ્યુચર’ એટલે કે ‘આપણા સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું રક્ષણ’ નક્કી કરવામાં આવ્યું છે.

ભારતમાં કુલ ૧૧૫ રાષ્ટ્રીય મહત્ત્વની વેટલૅન્ડ્સ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર, થોળ તળાવ, કચ્છનું નાનું રણ, કચ્છનું મોટું રણ, નાની કકરાડ, વઢવાણા, ખીજડિયા અને પરીએજ સહિત કુલ ૮ રાષ્ટ્રીય મહત્ત્વની વેટલૅન્ડ ગુજરાતમાં આવેલી છે. ગુજરાતમાં ૧૯ વેટલૅન્ડ્સ છે જે મહત્ત્વપૂર્ણ પક્ષી અને જૈવવિવિધતા વિસ્તારો તરીકે ઓળખાય છે. ભારતની કુલ ૮૫ રામસર સાઇટ્સમાંથી ચાર રામસર સાઇટ્સ ગુજરાતમાં આવેલી છે. જેમાં, નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ તળાવ વન્યજીવ અભયારણ્ય, ખીજડિયા વન્યજીવ અભયારણ્ય અને વઢવાણા વેટલૅન્ડનો સમાવેશ થાય છે.

દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી ઢંઢ, કન્ઝર્વેશન રિઝર્વ, કચ્છનું નાનું રણ-ઘૂડખર અભયારણ્ય, કચ્છનું મોટું રણ - કચ્છ રણ અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલૅન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે. પોરબંદર જિલ્લામાં ગોસાબારા-મોકર સાગર, બરડાસાગર, અમીપુર ડેમ, ઝવેર-કુછડી વેટલૅન્ડ, મેઢા ક્રીક, સુરેન્દ્રનગર જિલ્લામાં નવા તળાવ/સાવડા, ભાસ્કરપુરા વેટલૅન્ડ, વડલા વેટલૅન્ડ, ભાવનગર જિલ્લામાં કુંભારવાડા, મીઠાની તપેલીઓ અને આંબલા બંધારા, ખેડા જિલ્લામાં નારદા અને પરીએજ વેટલૅન્ડ, પાટણ જિલ્લામાં સિંધડા, છણોસરા અને ગરામડી વેટલૅન્ડ, કચ્છના જખૌ બંધારા તેમ જ દેવભૂમિ જિલ્લામાં ચરકલા વેટલૅન્ડ આવેલો છે. ■

# સેવાસેતુ હેઠળ રાજ્યના 3.07 કરોડ નાગરિકોની સમસ્યાઓનું સ્થળ પર નિરાકરણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહમાં સેવાસેતુ કાર્યક્રમ બાબતે ચર્ચા થઈ હતી. રાજ્યમાં હાલ સેવાસેતુનો ૧૦મો તબક્કો ચાલી રહ્યો છે. જે અંતર્ગત અત્યાર સુધીના ૧૦ તબક્કામાં રાજ્યના આશરે ૩.૦૭ કરોડથી વધારે નાગરિકોએ તત્કાલ સ્થળ ઉપર સેવાનો લાભ મેળવ્યો છે.

આ અંગે રાજ્યમાં સેવાસેતુ કાર્યક્રમ અંગેની વિગતો આપતાં કૅબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનું સ્થળ પર નિરાકરણ થઈ શકે તે માટે વર્ષ ૨૦૧૬થી ‘સેવા સેતુ’ કાર્યક્રમ યોજવામાં આવે છે. અત્યાર સુધીના દસ તબક્કામાં કુલ ૩,૦૭,૬૩,૯૫૩ અરજીઓ મળી છે. જે પૈકી કુલ ૩,૦૭,૩૦,૬૫૯ એટલે કે ૯૯.૮૯ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં વિવિધ ૫૫ જેટલી સેવાઓને આવરી લેવામાં આવી છે. જેમાં આવકના દાખલા, રાશન કાર્ડ, આધાર કાર્ડ, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વિધવા સહાય યોજના, વૃદ્ધ નિરાધાર સહાય યોજના, લર્નિંગ લાઈસન્સ, સાતબાર/આઠ-અનાં પ્રમાણપત્રો, બસ કન્સેસન પાસ, નવું બૅન્ક એકાઉન્ટ ખોલાવવું, દિવ્યાંગતા પ્રમાણપત્ર, પશુઓની ગાયનેકોલોજિકલ સારવાર, પી.એમ.જે.એ.વાયમાં અરજી, લગ્ન નોંધણી પ્રમાણપત્ર અને સુકન્યા સમૃદ્ધિ યોજના સહિતની વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે. ■

# પ્રમાણીકરણની મંજૂરી પ્રક્રિયાને સરળ બનાવવા સરકારે ‘આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ’ શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઇલેક્ટ્રૉનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે આધાર પ્રમાણભૂતતા વિનંતીઓ માટે મંજૂરી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ લોન્ચ કર્યું છે. આ આધારને વધારે લોકોને અનુકૂળ બનાવવા, જીવન જીવવાની સરળતાને સક્ષમ બનાવવા અને લોકો માટે સેવાઓની વધુ સારી સુલભતાને સક્ષમ બનાવવાના પ્રયાસ સાથે સુસંગત છે.

ઑનલાઈન પ્લૅટફૉર્મ સુશાસન સુધારા નિયમો, ૨૦૨૫ માટે આધાર પ્રમાણીકરણને અનુસરીને અસરકારક બન્યું છે. જે જાન્યુઆરી ૨૦૨૫ના અંતમાં આધાર અધિનિયમ, ૨૦૧૬ હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા.

નિર્ણય લેવાની પ્રક્રિયામાં પારદર્શિતા અને સમાવેશકતા સુધારવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આધારને વિશ્વમાં સૌથી વિશ્વસનીય ડિજિટલ આઈડી માનવામાં આવે છે.

છેલ્લા એક દાયકામાં એક અબજથી વધુ ભારતીયોએ ૧૦૦ અબજથી વધારે વખત આધારનો ઉપયોગ કરીને આધાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આ સુધારામાં દર્શાવ્યા મુજબ આધાર પ્રમાણભૂતતાના અવકાશના વિસ્તરણથી જીવનની સરળતામાં વધારો થશે અને તેમની પસંદગીની નવી સેવાઓની સુવિધામાં મુશ્કેલી વિના પ્રવેશની સુવિધા મળશે. ઇલેક્ટ્રૉનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના સચિવ શ્રી કૃષ્ણને જણાવ્યું હતું કે, આ પ્લૅટફૉર્મ લોન્ચ થવાથી અને તેની આસપાસની અન્ય પ્રક્રિયાઓ અને વ્યવસ્થાઓમાં સતત સુધારા સાથે અમે સુશાસન અને જીવન જીવવાની સરળતાના ક્ષેત્રમાં વધુ ઉપયોગના કિસ્સાઓ ઉમેરવાની પ્રક્રિયા ઝડપી બનાવવાની આશા રાખીએ છીએ. ■

# ગુજરાતમાં હાઈવે પર આવેલી ૧૮૩ જેટલી હોટલો પર તોલમાપ તંત્રના દરોડાઃ ૪.૬૩ લાખ દંડ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર રાજ્યમાં નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા સામૂહિક ઝુંબેશરૂપે શુક્રવારે રાજ્યના અલગ-અલગ હાઇવે પર આવેલી હોટલોની આકસ્મિક ચકાસણી હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન તોલમાપ તંત્રના અધિકારીઓ દ્વારા રાજ્યના હાઇવે પર આવેલી હોટલો ખાતે કાયદાનો ભંગ કરતી કુલ ૧૮૩ જેટલી હોટલો સામે કાયદેસરની કાર્યવાહી કરીને કુલ રૂા. ૪,૬૩,૦૦૦/- જેટલો દંડ કરવામાં આવ્યો હતો.

આ દરોડામાં તપાસણી દરમિયાન હોટલોમાં પેકેજ ચીજ વસ્તુ અને ઠંડાં પીણાંમાં એમ.આર.પી.થી વધુ ભાવ લેવા, જથ્થામાં ઓછું આપવું, વજનકાંટો ન રાખવો, મેનુ કાર્ડમાં ખાદ્ય પદાર્થનો જથ્થો ન દર્શાવવો તેમ જ હોટલમાં વપરાતા ઇલેક્ટ્રૉનિક વજનકાંટા ચકાસણી મુદ્રાંકન ન કરાવવા જેવી ગેરરીતિઓ પ્રકાશમાં આવી હતી. હાઇવે હોટલો પર બહોળા પ્રમાણમાં પોતાની મુસાફરી દરમિયાન ગ્રાહકો ખાદ્ય અને અન્ય ચીજવસ્તુઓની ઉતાવળે ખરીદી કરતા હોય છે.

ઘણી વખત તેમની પાસેથી વધુ ભાવ લઈને અથવા ઘણી વખત ચીજવસ્તુના વજન/માપમાં પણ છેતરવામાં આવતા હોય છે. આવા બનાવો ન બને અને ગ્રાહકો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય અને છેતરાતાં અટકે તેવા ગ્રાહક સુરક્ષાના વિશાળ હેતુથી કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યની હાઇવે હોટલો પર તંત્રના કાયદાની જોગવાઈઓનું પાલન થાય તે માટે આ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં અમૃત મિશન પ્રોજેક્ટ હેઠળ ૧૭,૭૧૭ કરોડનાં કુલ ૯૨૨ કામો હાથ ધરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળમાં ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપતાં કૅબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ‘અમૃત ૨.૦ મિશન’ ૧ ઓક્ટોબર ૨૦૨૧માં વડા પ્રધાન મોદીના હસ્તે શરૂ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગુજરાતમાં રૂા. ૧૭,૭૧૭ કરોડની રકમનાં કુલ ૯૨૨ કામો હાથ ધરવામાં આવ્યાં છે.

કૅબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, સુરત શહેરમાં ‘અમૃત ૨.૦ મિશન’ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કુલ રૂા. ૪૦૦૬.૭૫ કરોડની રકમનાં ૨૭ કામો હાથ ધરવામાં આવ્યાં છે. જે પૈકી રૂા. ૩૪૩.૯૧ કરોડની રકમનું ૦૧ કામ ડી.પી.આર. મંજૂરીના તેમ જ રૂા. ૨૬૧૩.૫૦ કરોડની રકમનાં ૦૪ કામો માટે ટેન્ડર મંજૂરીના તબક્કે છે. ઉપરાંત રૂા. ૧૦૨૪.૦૮ કરોડની રકમનાં ૧૯ કામો પ્રગતિ હેઠળ છે તથા રૂા. ૨૫.૨૬ કરોડની રકમના ૦૩ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.

તેમણે વધુમાં કહ્યું કે, ‘અમૃત ૨.૦ યોજના’ હેઠળ સુરત શહેરમાં પાણી પુરવઠા, ગટર વ્યવસ્થાપન, બાગ-બગીચા અને તળાવોનાં નવીનીકરણનાં કુલ ૨૭ કામો કરવામાં આવ્યાં છે. જેમાં પાણી પુરવઠાનાં રૂા. ૯૯૬ કરોડનાં ૮ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના રૂા. ૨૯૮૬ કરોડનાં ૧૩ કામો, તળાવ નવીનીકરણના રૂા. ૨૪ કરોડનાં ૫ કામો તેમ જ બાગ-બગીચાનું રૂા. એક કરોડનું એક કામ હાથ ધરવામાં આવ્યાં છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા છેલ્લા બે વર્ષમાં રૂા. ૪૧૫.૨૩ કરોડનાં કુલ ૩૨ કામો હાથ ધરવામાં આવ્યાં છે. જે પૈકી રૂા.૧૭૧.૮૯ કરોડનાં કુલ ૧૯ કામો પૂર્ણ થયાં છે અને રૂા. ૨૪૩.૩૪ કરોડની રકમનાં ૧૩ કામો પ્રગતિ હેઠળ છે. જેમાં પાણી પુરવઠાનાં રૂા. ૧૪૧ કરોડનાં ૧૧ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનનાં રૂા. ૨૪૩ કરોડનાં ૧૭ કામો, તળાવ નવીનીકરણનાં રૂા. ૩૧ કરોડનાં ૪ કામો એમ રૂા. ૪૧૫ કરોડનાં કુલ ૩૨ કામ હાથ ધરવામાં આવ્યાં છે. ■

# અંબાજી મંદિરથી ગબ્બર ટેકરી સુધીના વિસ્તારને ₹ ૧૨૦૦ કરોડના ખર્ચે ડેવલોપ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંબાજી મંદિરથી ગબ્બર ટેકરી સુધીના વિસ્તારનું અંદાજિત રૂા.૧૨૦૦ કરોડના ખર્ચે ડેવલોપમેન્ટ કરવામાં આવનાર હોવાનું વિધાનસભામાં કૅબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અંબાજી અને આસપાસના યાત્રાધામના વિકાસ માટે અત્યાર સુધીમાં બે ટીપી સ્કીમ અમલી કરાઈ છે. અંબાજી મંદિર અને તેની આજુબાજુના વિસ્તારની આશરે ૬.૦૭ હેક્ટરની નગર રચના યોજના નં. ૧ (અંબાજી) વર્ષ -૧૯૮૩થી અમલી છે. નગર રચના યોજના નં. ૧ (અંબાજી)માં મૂળખંડોની કિંમતની સામે ફાળવવામાં આવેલા અંતિમખંડોની કિંમતમાં આવતા તફાવત વળતર તરીકે આપવામાં આવ્યા છે. અંબાજી માતા મંદિરથી ગબ્બર ટેકરી સુધીના વિસ્તારના અંદાજિત ૧૧૯૧ કરોડના પ્રોજેક્ટથી વિસ્તૃત વિકાસ કરવામાં આવનાર છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે બનાવેલ વિકાસ યોજના આધ્યાત્મિકતાને આધુનિક માળખાંગત સુવિધાઓ સાથે જોડશે અને આસપાસના પર્યાવરણનું રક્ષણ પણ કરાશે.

ગબ્બર ટેકરી પરના જ્યોત અને મંદિરના વિશા યંત્ર વચ્ચે એક સરળ જોડાણ બનશે. ચાચર ચોક અને ગબ્બર મંદિરના વિકાસ અર્થે કલાત્મક શિલ્પ અને ઇન્ટરેક્ટિવ ડિસ્પ્લેથી સમૃદ્ધ સ્થાનિક સંસ્કૃતિ અને ઇતિહાસને પ્રતિબિંબિત કરાશે. તેની સાથોસાથ, સાંસ્કૃતિક અને સામુદાયિક કાર્યક્રમો માટે સુવિધાઓ આપવામાં આવશે. મંદિર પરિસરથી ગબ્બર ટેકરી સુધી પગપાળા જનાર યાત્રાળુઓની સલામતી અને સુવિધા સુનિશ્ચિત કરવા માટે અને તેમને આરામ કરવા માટેનાં સ્થળો સ્પષ્ટ સાઇનબોર્ડ સાથે પર્યાવરણને અનુકૂળ વોકવે બનાવવામાં આવશે.

ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું. સતી સરોવર અને સતી ઘાટને લૅન્ડસ્કેપ બગીચાઓથી અને ધાર્મિક વિધિઓ માટે પર્યાવરણને અનુકૂળ વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી માત્ર ગુજરાત પર્યટન જ નહીં, પણ આવનારી પેઢીઓ માટે આધ્યાત્મિક સ્થળ તરીકે અંબાજીનું મહત્ત્વ પણ વધશે. ■

# અમદાવાદ મનપાએ ગુલબાઈ ટેકરાથી પાંજરાપોળ તરફના રોડ ઉપરનાં દબાણો હટાવાયાં, ઝૂંપડાં અને મકાનો કર્યાં ધ્વસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ગોમતીપુર બાદ હવે પશ્ચિમ વિસ્તારમાં નવરંગપુરાના ગુલબાઈ ટેકરા તરફ જવાનો રોડ ખુલ્લો કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમો દ્વારા પોલીસ બંદોબસ્ત વચ્ચે ગુલબાઈ ટેકરા ચાર રસ્તાથી પાંજરાપોળ તરફ જવાના રોડ પરનાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ રૂટ પોલીસ દ્વારા બંધ કરવામાં આવ્યો છે.

મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરમાં જે વિસ્તારમાં રોડ ઉપર દબાણ કરવામાં આવ્યું છે ત્યાં દબાણ દૂર કરવા અંગેની કાર્યવાહી શરૂ કરાઈ છે. નવરંગપુરા વિસ્તારમાં ગુલબાઈ ટેકરાથી પાંજરાપોળ તરફ જવાના રોડ પર દબાણ કરાયાં હતાં. તે દબાણોને પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી કામગીરી કરવામાં આવી રહી છે. રોડ ઉપર નાનાં-મોટાં કાચાં ઝૂંપડાં, મકાન તેમ જ જૂનો માલસામાન મૂકી રાખવામાં આવતો હતો. પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની તમામ ટીમો દ્વારા બેથી વધુ જેસીબી અને ૧૦ જેટલાં નાનાં-મોટાં વાહનો સાથે દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૧૦૦ મીટરના અંદાજે ૨૪ મીટર જેટલા પહોળા રોડ પર અડધો રોડ દબાણના કારણે રોકાઈ ગયો હતો. તાડપત્રીથી બાંધેલાં ઝૂંપડાં અને અન્ય દબાણના કારણે ત્યાંથી વાહનો પસાર થવામાં નડતર થતી હતી. જેથી આ રોડ પરથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જોકે આ દબાણો દૂર કર્યા બાદ ફરી દબાણ ન થાય તેનું આયોજન મનપા દ્વારા કરવામાં આવે તેવી ચર્ચા છે. ■

# ગુજરાતમાં આરટીઈમાં ધો.૧માં બાળકોને પ્રવેશ માટે ફૉર્મ ભરાવાનું શરૂઃ ૧૨ માર્ચ સુધી ઑનલાઇન ફૉર્મ ભરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ખાનગી સ્કૂલોમાં ૨૫ ટકા બેઠક ઉપર ગરીબ અને જરૂરિયાતવાળાં બાળકોને ધોરણ ૧માં મફત પ્રવેશ માટે આરટીઈ (રાઇટ ટુ એજ્યુકેશન) હેઠળ પ્રવેશ માટે ઑનલાઈન ફૉર્મ ભરવાનું ૨૮ ફેબ્રુઆરીના શુક્રવારથી શરૂ થયું હતું. ૧૨ માર્ચ સુધી વાલીઓ ઑનલાઇન ફૉર્મ ભરી શકશે. આરટીઇ હેઠળ એડમિશન મેળવી વિદ્યાર્થીઓ ધોરણ ૧થી ૮ સુધી ખાનગી સ્કૂલોમાં ફ્રી એજ્યુકેશન મેળવી શકશે, જેનો ખર્ચ સરકાર ઉઠાવશે.

ગુજરાતનાં ૪૦ શહેર-જિલ્લાની ખાનગી સ્કૂલોની ૯૩,૫૨૭ સીટ પર ધો. ૧માં બાળકોને પ્રવેશ મળશે. આર્થિક નબળા-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ ધો. ૮ સુધી ફ્રી એજ્યુકેશન મેળવી શકશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧.૨૦ લાખ તો શહેરી વિસ્તારમાં આવક મર્યાદા રૂા. ૧.૫૦ લાખ રાખવામાં આવેલી છે. જેમાં અલગ-અલગ ૧૩ કેટેગરીમાં અગ્રતા આપવામાં આવશે. આરટીઈમાં ગુજરાતમાં ૯૩,૫૨૭ સીટ પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રથમ રાઉન્ડની સીટ ફાળવણી યાદી ૨૭ માર્ચે જાહેર કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં ૧૪,૭૭૮ અને જિલ્લામાં ૨,૨૬૨ બેઠક પર પ્રવેશ આપવામાં આવશે. સુરત શહેરમાં ૯૯૪ સ્કૂલોમાં ૧૫,૨૨૯ બેઠકો અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૮૮ સ્કૂલમાં ૩,૯૧૩ બેઠકો ઉપલબ્ધ રહેશે. વડોદરામાં આરટીઈ હેઠળ કુલ ૩૩૩ સ્કૂલમાં ૪,૮૦૦ બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે. ગત વર્ષ કરતાં ૧૫૦૦ બેઠકોનો વધારો થયો છે. રાજકોટ શહેર અને જિલ્લામાં વર્ષ ૨૦૨૫માં ૯૨૧ ખાનગી સ્કૂલમાં ૬,૬૪૦ વિદ્યાર્થી એડમિશન મેળવી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩-૨૪થી ગુજરાત સરકાર દ્વારા એવો નિયમ ગણવામાં આવ્યો હતો કે જે બાળકોને ૧ જૂનના રોજ ૬ વર્ષ પૂર્ણ થઈ ગયાં હોય તેઓને જ ધોરણ ૧માં પ્રવેશ આપવો. જેની અસર વર્ષ ૨૦૨૪-૨૫ના એડમિશનમાં જોવા મળી હતી. રાજ્યમાં ધોરણ-૧માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો હતો અને તેથી તેની અસર સ્વરૂપે રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી હતી. કારણ કે, ૬ વર્ષ પૂર્ણ ન થયાં હોય તેઓને બાલવાટિકામાં પ્રવેશની જાહેરાત કરવામાં આવી હતી. ■

# અમદાવાદ મ્યુનિ.ના ગુલ્લીબાજ કર્મચારીઓ પર તવાઈઃ કમિશનર અને ડેપ્યુટી કમિશનરને પણ ઑફિસમાં હાજર રહેવા તાકીદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની લાલિયાવાડી પર લગામ લગાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કર્મચારીઓ ઑફિસમાં હાજર જ નહીં રહેતા હોવાની વ્યાપક ફરિયાદો ઊઠતાં સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે કમિટીની બેઠકમાં કમિશનર બંછાનિધિ પાણીની હાજરીમાં સૂચના અપાઈ હતી કે, અધિકારીઓએ સવારે ફિલ્ડ રાઉન્ડ બાદ તેઓની નિયત ઑફિસમાં બેસવાનું રહેશે. સવારે ફિલ્ડ રાઉન્ડ બાદ બપોરના ૧૧થી ૧ અને સાંજે ચાર થી છ કલાક સમયમાં સામાન્ય જનતા સાથે મુલાકાત કરવી પડશે. સામાન્ય જનતાને રહેલા પ્રશ્નો પણ સાંભળવાના રહેશે. કમિશનર અને ડેપ્યુટી કમિશનર સહિત તમામ અધિકારીઓને સૂચનાનું પાલન કરવા આદેશ આપવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ અનેક ફરિયાદ મળી હતી કે સાંજ સમયે અધિકારીઓ તેમની ઑફિસમાં બેસતા નથી, અધિકારીઓ બપોર બાદ કામગીરી કરવામાં ક્યાંક ગુલ્લી મારી રહ્યા હતા. વર્ગ ત્રણ અને ચારના કર્મચારીઓ માટે હાજરી ફરજિયાત છે, પણ રાજ્ય સરકારમાંથી આવેલા આઈએએસ અધિકારીઓ જેઓ ડેપ્યુટી કમિશનર તરીકે કામ કરે છે તેઓ માટે કોઈ સમયમર્યાદા નક્કી કરાઈ નથી.

ડેપ્યુટી કમિશનર પણ બપોર બાદ ઑફિસમાંથી ગુલ્લી મારતા હોવાની ફરિયાદ સતત મળતી હતી. તેમ જ બપોર બાદ સામાન્ય જનતાને મળવાનો સમય જ આપતા ન હતા. તેમ જ અન્ય અધિકારીઓ પણ ફિલ્ડ પર રાઉન્ડમાં ગયા છે તેમ કહી ઘર તરફ નીકળી જતા હતા જેઓ રોકવા માટે અને સમયસર ઑફિસમાં હાજર રહી જનતાના પ્રશ્નો સાંભળે તેવી તાકીદ કરાઈ હતી. ■

## ૧૭. જગ્યા આપવી છે

**SOUTH MUMBAI - LOWER PAREL**

5500 sq. ft. Independent Structure 3200 sq. ft. Worli Shah & Nahar 2500 sq. ft. Sunmill Compound 895 sq. ft. Marathon Innova 1100 sq.ft. Aurus, Worli All on Rent & many other options for Rent - Sale. Brokers welcome, From Colaba to Worli, Prabhadevi. Residential Flats 1/2/3/4 BHK Purchase / Sale / Rent. Ashok Turakhia 9820777676 White Housing Realtors 34, Panchratna Ground Floor, Opera House, Mumbai - 400004. (B-15630)

**VAKOLA, SANTACRUZ EAST**
PRIME LOCATION - Flat For Sale
- New Tower
- 3 BHK
- 1155' usable carpet
- Parking

Immediate Possession with O.C.
For Details Contact 11.00 am onwards: - 9821019093
(15623-A)

AVAILABLE FOR SALE 1 BHK at Saibaba Nagar Borivali West Socy. going to Redevelopment Call: 9821298226 / +91 93244 59829 / 8169693599. (B-15627)

## ૧૮. જગ્યા જોઈએ છે

**REQUIRED**

Marinedrive F. G. Road 2200 to 4000 sqft Genuine Buyer. Jodi Flat will do. Ashok Shah 9821036552. (15629-A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવાઃ 8780264376. (૧૫૬૧૮-બી)**

**અંધેરી (ઈસ્ટ)**

એમઆઈડીસી, સ્વતંત્ર બિલ્ડીંગ, ફેક્ટરી યુનિટ, ૧૦૦૦' ૨૦૦૦', ૨૫૦૦', ૫૨૦૦', ૮૪૦૦' ગ્રાઉન્ડ/ ફર્સ્ટ ફ્લોર, જ્વેલરી, લોજીસ્ટીક, કુરીયર, મેન્યુફેક્ચરીંગ માટે ભાડા/ વેચાણથી. ૯૮૨૦૦૨૮૦૦૪. (૧૫૬૫૫-એ)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૨૪૬૨)

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

INDEPENDENT FACTORY / Godowns / Offices: 4500 to 80,000 ft at Dahisar to Andheri, Kandivali, Charkop, Goregaon - Andheri, Vasai - Kaman. Sale / Lease. Milan Kamdar 9820017603. (KP-2528-A)

## ૨૦. ધંધાદારી જગ્યા

**જૂહુ ઓફિસ**

**પ્રીમિયમ કોમર્શિયલ ગ્લાસ ફેકેડ બિલ્ડિંગ હાયર ફ્લોર 2000' થી 4000' કાર્પેટ પ્રીમિયમ પ્રોજેક્ટમાં વેચાણથી. - મી. દેસાઈ - 9821096320, 8591072299. (એસડીબી-૨૪૪૦)**

**શોરૂમ**

બોરીવલી વેસ્ટ, સ્ટેશનની બાજુમાં, પ્રાઈમ લોકેશન, જ્વેલર્સ માટે ઉત્તમ, 465', 12' ફ્રન્ટ, દરેક ધંધાને માટે સર્વોત્તમ, ભાડું 3.25 લાખ 8169659550. (૧૫૩૨૬-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી/ભાડેથી. પંતનગર, શુભમમાં, ઓફિસો-225', 365', 440', કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૫૬૬૨-બી)

**''શોરૂમ કિંગ''**

કાલાઘોડા 300'+300', ગ્રાન્ટરોડ ઈસ્ટ 4000', ચર્નીરોડ હિન્દુજા કોલેજ પાસે 225' જૂના ભાડાની દુકાન (ભાડેથી આપવાની પરમીશન સાથે-ભાડુઆત તૈયાર) વેચાણથી. વી.પી. રોડ 3000', સી. પી. ટેન્ક સર્કલ પહેલે માળે 240' ઓફિસ/ગોડાઉન, અંધેરી ઈસ્ટ 400'- અંધેરી વેસ્ટ 250'-1000', મનીષ માર્કેટ 440' દુકાનો ભાડે/વેચાણથી મળશે. લીતિગેશન સોલ્વ કરીશું. બેંક ઓક્શનની, પ્રીલીસ્ડ પ્રોપર્ટીઓ મળશે. અશોક સાવલા- 9819550709/8169584913. (૧૫૬૬૩-બી)

## ૨૦. ધંધાદારી જગ્યા

■ ઝવેરી બજારમાં ઓનરશીપથી વેચાણ માટે તૈયાર ઓફિસ ઓમ ગોલ્ડન સોસાયટી 37 શેખ મેમણ સ્ટ્રીટ પર 231 sq ft રેજિસ્ટર્ડ સોસાયટી, તાત્કાલિક કબજો. હવા ઉજાસવાળી, સોના, હીરા દાગીના કારખાના માટે અનુકૂળ એસી ઈલેક્ટ્રિસિટી પાણીની વ્યવસ્થા સાથે 14 ફૂટની 2 મોટી કાચની બારી શેખ મેમણ સ્ટ્રીટ ફેસિંગ સંપર્કઃ હરકિશન ઝવેરી 9821401638/ 9223242268. (બી-૧૫૬૦૯)

**VILE PARLE (EAST)**

Rambhau Barve Marg, Basement of 1100 sq. ft. & above it Office of 450 sq.ft. on Ground Floor with 2 Parkings Sale 3.75 Cr. OC received. 9320075559. (15633-A)

**SEWRI**

**Rental 1) Warehouse Gala / Offices 770 to 15000 2) Offices 5000 to 15,000 Square Feet Vaishnavi- 9867447391. (15620-A)**

**SNACKS MANUFACTURING**

Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC,Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2479)

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2474)

REQUIRE 6000 FT OFFICE in Premium Commercial Complex - Bandra to Goregaon, Long Lease (5+5 yrs). Contact: Milan Kamdar 9820017603. (KP-2529-A)

**ANDHERI WEST**

**Commercial Premises at Parul Society, Off Veera Desai Road, 100 ft Frontage, 2500 sq. ft. Carpet for Outright. Call: 8828869998. (B-15629)**

## ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા 3500/=માં PRERECORDED**

(Live 7000/=માં) કાંદિવલીમાં, બીજે ટ્રાન્સપોર્ટેશનના અલગ. લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, સાંજી, ANNIVERSARY, KARAOKE DJ બજેટથી. ''મનસુખભાઈ'': 9326801860/ 8169552801. (૧૫૬૨૮-સી)

**પ્રતીક મહેતા**

સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૬૫૩-બી)

**''હર્ષ શાહ''..**

"live".. લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૫૪૯)

## ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

**ઈગતપૂરીમાં રોકાણ માટે સુવર્ણ તક**
ટૂંક સમયમાં થાણે સેક્શન થી ઈગતપૂરી સમૃદ્ધિ મહામાર્ગ શરૂ થશે. બંગલો પ્લોટ, એગ્રીકલચર લેન્ડ, 3*, ૫* હૉટેલ અને રેસ્ટોરન્ટ માટે NA પ્લોટ, ખરીદી અને વેચાણ માટે સંપર્ક
પરેશ શાહ: 9371007005
સમયઃ ૯.૦૦ થી ૬.૦૦
pshah.itc@gmail.com
(બી-૧૫૫૭૦)

**રાજકોટમાં જોઈએ**

**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

## ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૬૦૬-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/26822572. (બી-૧૫૫૬૦)

WANTED A BUILDING WITH Landlordship in Mumbai - 19/16/28 and Wadala or Jointventure - Society Redevelopment Please Call only 9821559743. (B-15593)

## ૩૩. ધંધાદારી

**HOME LOAN - MORTGAGE LOAN**

From 5 Cr. to 50 Cr. - To Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be solved. Jalaram Finance 9820441711. (15653-A)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/-, 3 બેડરૂમ 7,000/-, કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ, પ્લાનીંગ અને રીનોવેશન પ્રોફેશનલ ટીમ દ્વારા Helpline - 8989282877. (૧૫૩૨૪/બી).

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

## ૪૬. વોટર પ્રુફિંગ

**બિલ્ડિંગ રીપેરીંગ**

**વોટર પ્રુફીંગ સ્પેશીયાલીસ્ટ વીથ પેઇન્ટીંગ ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ સંપર્કઃ- 9987414990/ 9324558334. (૧૫૬૨૮-એ)**

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. -7021222104, - 8450941119. (બી-૧૫૬૨૨)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)


# ભાયખલા ટાવરના ૪૨ માળે આગઃ ૫૦ રહેવાસીઓને બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલા (પૂર્વ)માં ન્યુ ગ્રેડ ઈસ્ટા મિલ પાસે આવેલી ૫૭ માળની બહુમાળીય રહેણાંક ઈમારતના ૪૨ માળ પર સવારના અચાનક આગ ફાટી નીકળી હતી. આગને પગલે ઈમારતમાં ફસાઈ ગયેલા ૫૦થી વધુ રહેવાસીઓને સુરક્ષિત રીતે બચાવવામાં ફાયરબ્રિગેડને સફળતા મળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ભાયખલા પૂર્વમાં બાબાસાહેબ આંબેડકર રોડ પર આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૫૭ માળની સેલસેટે નામની ટ્વિન બિલ્ડિંગ આવેલી છે. બિલ્ડિંગના ૪૨માં માળા પર આવેલા ૨,૫૦૦ સ્કવેર ફૂટના ફ્લેટમાં સવારના ૧૦.૪૫ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડના પાંચ ફાયર એન્જિન, ત્રણ વોટર જેટી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગ ઝડપથી ફેલાઈ જતા ધુમાડાને કારણે ઉપરના માળા પર ૫૦થી વધુ રહેવાસીઓ ફસાઈ ગયા હતા.

આગ ભીષણ હતી અને દૂર દૂર સુધી તેના ધુમાડા દેખાઈ રહ્યા હતા. ફાયરબ્રિગેડની લગભગ અઢી કલાકની જહેમત બાદ એટલે કે ૧.૧૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે મોડે સુધી કૂલિંગ ઓપરેશન ચાલુ હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■




# ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બૅંક કૌભાંડઃ આરોપીને ભગાડવામાં મદદ કરનાર દીકરાની ધરપકડ

મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ગુરુવારે રાતના એક વેપારીના ૩૩ વર્ષના પુત્રની ધરપકડ કરી હતી. ગુનામાં સંડોવાયેલા વેપારી ઉન્નનાથન અરુણાચલમ ઉર્ફે અરુણભાઇને ભગાડવામાં મદદ કરવાનો પુત્ર મનોહર અરુણાચલમ પર આરોપ છે. મનોહરની ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા હવે ચાર થઇ છે. મનોહરને મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને ૪ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર અને અકાઉન્ટ્સ હેડ હિતેશ મહેતા પર લાઇ ડિટેક્ટર ટેસ્ટ કરાવવા માટે પોલીસે શુક્રવારે કોર્ટમાં અરજી કરી હતી. પોલીસે આ કેસમાં બૅંકના ભૂતપૂર્વ ચેરમેન હિરેન ભાનુ અને તેની પત્ની વાઇસ-ચેરમેનના નામ પણ એફઆઇઆરમાં ઉમેર્યાં છે. પોલીસના કહેવા મુજબ હિતેશ મહેતાએ પચાસ કરોડ રૂપિયા ઉન્નનાથનને આપ્યા હતા, જેનો સોલર પૅનલનો વ્યવસાય છે. ઉન્નનાથને નફો મેળવવા માટે પચાસ કરોડ રૂપિયામાંથી ૩૩ કરોડ રૂપિયા બે ખાનગી ટ્રસ્ટમાં ડિપોઝિટ કર્યા હતા. ઉન્નનાથનની પોલીસ શોધ ચલાવી રહી છે અને તેની વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર પણ જારી કરાયું છે. ઉન્નનાથનના પુત્ર મનોહર અરુણાચલમ પર ૨૦૧૯માં હિતેશ મહેતા પાસેથી પંદર કરોડ રૂપિયા સ્વીકાર્યાનો આરોપ છે. તેણે કથિત રીતે પિતાને ભગાડવામાં મદદ કરવા અને પોલીસના રડારથી દૂર રહેવા માટે અન્ય એક વ્યક્તિનો સંપર્ક સાધ્યો હતો.

૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત સામે આવ્યા બાદ બૅંકના એક્ટિંગ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દેવર્ષી ઘોષે દાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો અને બાદમાં કેસની તપાસ આર્થિક ગુના શાખાને સોંપાઇ હતી. પોલીસે આ કેસમાં હિતેશ મહેતા, કાંદિવલીના ડેવલપર ધર્મેશ પૌન તથા ભૂતપૂર્વ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અભિમન્યુ પૌનની ધરપકડ કરી હતી. હિતેશ મહેતા અને ધર્મેશ પૌનને ગુરુવારે કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેમને અદાલતી કસ્ટડી ફટકારવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી હિતેશ મહેતા જનરલ મેનેજરને નાતે બૅંકની પ્રભાદેવી અને ગોરેગામ બ્રાન્ચનો કસ્ટોડિયન હોવાથી તેને બૅંકની સેફમાં જવાની પરવાનગી હતી. બૅંકના બે કર્મચારીના આ અંગે નિવેદન નોંધાયાં હતાં, જેમાં તેમણે હિતેશ દ્વારા મોકલવામાં આવતાં લોકોને રોકડ કઇ રીતે આપવામાં આવતી હતી, તેની વિગતો જણાવી હતી. ■

# ડેવલપરના રૂપિયા લઈને રફુચક્કર થયેલો ડ્રાઈવર પકડાયો

મુંબઈઃ બાંદ્રાના ડેવલપરની પચીસ લાખ રૂપિયાની રોકડ લઇને રફુચક્કર થયેલા ડ્રાઇવરને ખેરવાડી પોલીસે ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. ડ્રાઇવરની ઓળખ ગુરુદેવ પાટીલ (૪૬) તરીકે થઇ હોઇ તેની પાસેથી ૯૫ ટકા રોકડ હસ્તગત કરવામાં આવી હતી. આરોપી વિરુદ્ધ અગાઉ પણ ત્રણ ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું.

બાંદ્રા પશ્ચિમમાં રહેતા ડેવલપર નાવેદ મહંમદ સિદ્દિકી પાસે પાટીલ ડ્રાઇવર તરીકે કામ કરતો હતો. ૨૧ ફેબ્રુઆરીના રોજ નાવેદ સિદ્દિકીએ પાટીલને પચીસ લાખની રોકડ ભરેલી બેગ વિશ્વાસપૂર્વક સોંપી હતી. આ રકમ મળતાં પાટીલની નિયત ફરી ગઇ હતી અને તે રોકડ સાથે રફુચક્ક થઇ ગયો હતો. આથી નાવેદે ખેરવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ખેરવાડી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર કવિદાસ જાંભળેના માર્ગદર્શન હેઠળ તપાસ માટે ટીમ તૈયાર કરવામાં આવી હતી. આરોપીએ તેનો મોબાઇલ માનખુર્દમાં બંધ કરી દીધો હતો. ધારાવી ખાતે તેની વિરુદ્ધ ગુના દાખલ હોવાથી ડોઝિયરમાંથી તેનો જૂનો નંબર મળ્યો હતો. આ નંબર તે વારંવાર બંધ કરતો હતો. બે દિવસ તે પનવેલ, તળેગાંવ, કલ્યાણ, આંબિવલી એમ જગ્યા બદલતો રહેતો હતો.

આખરે ૨૫ ફેબ્રુઆરીએ રાતના આરોપી ટ્રેન દ્વારા થાણે સ્ટેશન પર આવી રહ્યો હોવાની માહિતી મળતાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. આરોપી થાણે સ્ટેશન પર ઊતરતાં તેને તાબામાં લેવાયો હતો. પોલીસે આરોપીની પૂછપરછ બાદ બદલાપુરથી ૨૩.૭૨ લાખની રોકડ જપ્ત કરી હતી.■

# ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે શનિ અને રવિવારે ૧૩ કલાકનો બ્લોક

મુંબઈઃ બ્રિજ નંબર ૫ના રિ-ગર્ડરિંગનું કામ પૂર્ણ કરવા માટે, ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર શનિવાર/ રવિવાર એટલે કે ૦૧/૦૨ માર્ચ, ૨૦૨૫ના રોજ ૨૨:૦૦ કલાકથી ૧૧:૦૦ કલાક સુધી ૧૩ કલાકનો મેજર બ્લોક લેવામાં આવશે.

પશ્ચિમ રેલવેદ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ બ્લોક દરમિયાન, અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પરની તમામ ટ્રેનોને ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનો વચ્ચે ધીમી લાઇન પર ચલાવવામાં આવશે. આના કારણે, બ્લોક દરમિયાન કેટલીક ઉપનગરીય ટ્રેનો રદ રહેશે અને ચર્ચગેટની કેટલીક ટ્રેનો બાંદ્રા/દાદર સ્ટેશન પર ટૂંકાવવામાં આવશે. ■

# અલિબાગ નજીક માછીમારોની બોટમાં આગઃ ૧૮ જણને બચાવી લેવાયા

મુંબઈઃ રાયગડ જિલ્લાના અલિબાગ નજીક માછીમારોની નૌકા (ટ્રોલર)માં આગ લાગી હતી. આ ઘટના બાદ નૌકામાં સવાર ઓછામાં ઓછા ૧૮ માછીમારને બચાવી લેવામાં આવ્યો હોવાનું પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. ભારતીય કોસ્ટ ગાર્ડે (આઇસીજી)એ જણાવ્યું હતું કે ૧૪ માછીમારને દાઝી જવાને કારણે સારવાર આપવામાં આવી હતી. અલિબાગના આક્ષી તટ વિસ્તારથી સાત નોટિકલ માઇલ્સ દૂર આવેલી માછીમારોની નૌકામાં વહેલી સવારે ચાર વાગ્યે આગ લાગી હતી. રાકેશ ગાનના માલિકીની આ નૌકા તરફથી એલર્ટ મળ્યા બાદ કોસ્ટગાર્ડ, નૌકાદળ અને રાયગડ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવકાર્ય શરૂ કર્યું હતું.

ઓછામાં ઓછા ૧૮ માછીમારને બચાવી લેવાયા હતા અને સુરક્ષિત દરિયા કિનારે લઇ આવવામાં આવ્યા હતા.

પોલીસને શંકા છે કે નૌકાના એન્જિનમાંથી તેલ ગળતરને કારણે સાઇલેન્સરમાં તેલ ગયું હતું અને તેને કારણે આગ લાગી હતી. માછીમારી માટે આ બોટ છેલ્લા ૧૪ દિવસથી દરિયામાં હતી.



ઈન્ડિયન કોસ્ટ ગાર્ડે એક નિવદેનમાં જણાવ્યું હતું કે સવારે ૬.૩૦ કલાકે એકવીરા માઉલી નામની બોટમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. તેથી તાત્કાલિક ત્યાં ટીમ રવાના કરાઇ હતી અને બચાવકાર્ય શરૂ કરાયું હતું. ■

# એક્વા મેટ્રો લાઈનની કફ પરેડ સુધીની ટ્રાયલ સફળ

## મેટ્રો-૩નું જુલાઈ મહિનામાં લોકાર્પણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની પહેલી અંડરગ્રાઉન્ડ મેટ્રો 'એક્વા લાઈન' માટે શુક્રવારનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો. મેટ્રો-૩ની ટ્રેને કફ પરેડ તેના અંતિમ સ્ટેશન સુધીની ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂરી કરી હતી. મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશન (એમએમઆરસી)ના દાવા મુજબ ૩૩.૫ કિલોમીટર લાંબી સંપૂર્ણ એક્વા લાઈન મુંબઈગરાની સેવામાં જુલાઈ ૨૦૨૫ સુધી દાખલ થઈ જશે.

એમએમઆરસીના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની ભીડેને જણાવ્યા મુજબ જુલાઈ ૨૦૨૫ કફ પરેડ સુધી મેટ્રો લાઈન દોડતી થઈ જશે શુક્રવારે સફળતાપૂર્વક ટ્રાયલ પૂરી થઈ છે. ધારાવીથી આચાર્ય અત્રે ચોક આ તબક્કામાં ટ્રાયલ ચાલી રહી છે. શુક્રવારે કફ પરેડ સુધીની ટ્રાયલ સફળ થવાને કારણે હવે ૧૦.૯૯ કિલોમીટર લંબાઈની બીજા તબક્કાની બી (આચાર્ય અત્રે ચોકથી કફ પરેડ) લાઈન બહુ જલદી ચાલુ કરી શકાશે. એક વખત મેટ્રો-૩ પૂર્ણ ક્ષમતાએ ચાલુ થયા બાદ પશ્ચિમ ઉપનગર, બીકેસી અને દક્ષિણ મુંબઈનો પ્રવાસ ઝડપી અને પર્યાવરણ અનુરૂપ થઈ રહેશે.

એક્વા લાઈનમાં કુલ ૩૩.૫ કિલોમીટર લંબાઈના રૂટ પર પહેલા તબક્કામાં ૧૨.૬૯ કિલોમીટરની (આરે-જોગેશ્વરી વિક્રોલી લિંક રોડથી બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ-બીકેસી) સાત ઓક્ટોબર, ૨૦૨૪થી પ્રવાસીઓ માટે ચાલુ કરવામાં આવી હતી, ત્યારબાદ બીજા તબક્કામાં ટૂ-એ ૯.૭૭ કિલોમીટરનો ધારાવીથી આચાર્ય અત્રે ચોક ભાગનું ભાગ ઝડપથી પૂરું કરવામાં આવી રહ્યું હોઈ તેની નિયમિત ટ્રાયલ ચાલી રહી છે. આ તબકકામાં સાત મહત્ત્વના સ્ટેશન જોડવામાં આવશે. શુક્રવારે આચાર્ય અત્રે ચોકથી કફ પરેડ સુધીની સફળ ટ્રાયલ રહી હતી. ૧૦.૧૯ કિલોમીટર લંબાઈની તબક્કા ૨-બી (આચાર્ય અત્રે ચોકથી કફ પરેડ)માં ઓવરહેડ કૅટેનેરી સિસ્ટમ અને ટ્રેક બેસાડવાનું કામ પૂરું થયું હોઈ હાલ આકિટેક્ચરલ ફિનિશિંગ અને રસ્તાના બાંધકામ સહિતના નાના-મોટા કામ ચાલી રહ્યા છે. ■

# આઠ વર્ષની બાળકીનું અપહરણ કરનારો આઠ કલાકમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘરની બહાર રમતી આઠ વર્ષની બાળકીનું પાલઘર જિલ્લાના વાડા તાલુકામાંથી કથિત અપહરણ કરનારા રીઢા આરોપીને પોલીસે આઠ કલાકમાં પકડી પાડ્યો હતો. બાળકીનું જાતીય શોષણ કરવાને ઇરાદે તેનું અપહરણ કરાયું હોવાની શંકાને આધારે પોલીસ આરોપીની વધુ પૂછપરછ કરી રહી છે.

વાડા પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ ગુરુનાથ ઉર્ફે ડેવિડ મહાદુ મુકણે તરીકે થઈ હતી. ભિવંડીમાં ઈંટભઠ્ઠી પર કામ કરનારો આરોપી વાડા તાલુકાના દેસઈ ગામે રહેતી પત્નીને મળવા આવ્યો હતો ત્યારે તેણે બાળકીનું અપહરણ કર્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર વાડાના નાંદગાંવ ખાતે પરિવાર સાથે રહેતી બાળકી ગુરુવારની રાતે ઘર બહાર રમતી હતી. રાતે નવ વાગ્યાની આસપાસ ચૉકલેટ અપાવવાને બહાને આરોપી બાળકીને પોતાની સાથે લઈ ગયો હતો. બાળકી એકાએક ગુમ થતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. જોકે બાળકીની કોઈ ભાળ ન મળતાં પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. ■

# છૂટાછેડા ન આપનારા પતિથી છુટકારો મેળવવા પત્નીએ તેને મારી નાખ્યો

થાણેઃ છૂટાછેડા ન આપનારા પતિથી છુટકારો મેળવવા પત્નીએ તેની હત્યાની યોજના ઘડી કાઢી હોવાની ઘટના નવી મુંબઈમાં બની હતી. ગળું દબાવી હત્યા કર્યા બાદ પતિના મૃતદેહને ખાડી પરના બ્રિજ પર ફેંકનારી પત્ની સહિત ત્રણ જણની પોલીસે ધરપકડ કરી હતી, જ્યારે દંપતીના સગીર પુત્રને પણ તાબામાં લેવાયો હતો.

ઉલવે પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રેશમા સચિન મોરે (૩૫), રિક્ષા ડ્રાઈવર રોહિત ટેમકર (૩૫) અને પ્રથમેશ મ્હાત્રે તરીકે થઈ હતી. ઘટના રેશમાના સગીર પુત્રની નજર સામે બની હોવા છતાં તેણે ચુપકીદી સેવી હતી. પોલીસે ૧૬ વર્ષના સગીર પુત્રને તાબામાં લઈ બાળસુધારગૃહમાં મોકલી આપ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વાવળ ગામના ખાડી પરના બ્રિજ પરથી ૨૩ ફેબ્રુઆરીએ સચિન મોરે (૩૮)નો મૃતદેહ મળી આવ્યો હતો. આ પ્રકરણે ઉલવે પોલીસે એડીઆર નોંધ્યો હતો. ■

# થાણેમાં પોડ ટેક્સીનું ટ્રાયલ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઓટોમેટેડ પોડ ટેક્સી સિસ્ટમને ટ્રાફિકની સમસ્યાના નિરાકરણના ભાગરૂપે ઘોડબંદર રોડ પર આવેલા ભાયંદર પાડા મેટ્રો સ્ટેશનથી થાણેના વિહંગ હિલ્સ સર્કલ સુધી પ્રાયોગિક ધોરણે દોડાવવામાં આવશે, એમ રાજ્યના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે શુક્રવારે કહ્યું હતું.

વાહનોની વધી રહેલી સંખ્યા અને થાણેમાં રસ્તાઓની મર્યાદિત જગ્યાને કારણે પોડ ટેક્સી અને રોપ-વે જેવા વૈકલ્પિક વાહન વ્યવસ્થાની વિચાર કરવાની આવશ્યકતા જણાઈ છે, એમ તેમણે કહ્યું હતું.

પોડ ટેક્સી અથવા તો પર્સનલ રેપિડ ટ્રાન્ઝિટ ડ્રાઈવર વગરના ઈલેક્ટ્રિક વાહનો છે, જેમાં પ્રવાસીને ચોક્કસ સ્થળો વચ્ચે ઝડપથી લઈ જવામાં આવે છે.

આ પહેલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીના શહેરી વાહન વ્યવસ્થા માટે આધુનિક વિકલ્પો શોધવાના વિઝનને અનુરૂપ છે, એમ પણ સરનાઈકે વડોદરામાં પોડ ટેક્સી પ્રોજેક્ટની સાઈટની મુલાકાત વખતે જણાવ્યું હતું.

ઓટોમેટેડ પોડ ટેક્સીના પાઈલટ પ્રોજેક્ટને મુંબઈના બીકેસીમાં મંજૂરી આપી દેવામાં આવી છે. આવી જ રીતે પાઈલટ પ્રોજેક્ટ મીરા-ભાઈંદરના જેપી ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી શિવાજી મહારાજના પૂતળા સુધી અને ભાયંદર પાડા મેટ્રો સ્ટેશનથી વિહંગ હિલ સર્કલ સુધી આયોજિત કરવામાં આવશે. ■

# ટ્રેડ વૉરની ચિંતા હેઠળ ઑલ ફોલ ડાઉનઃ સેન્સેક્સમાં ૧૪૧૪ પૉઈન્ટનું અને નિફ્ટીમાં ૪૨૦ પૉઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી આયાત થતી ચીજો પર વધુ ૧૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરતાં વૈશ્વિક સ્તરે રોકાણકારોમાં ઉગ્ર ટ્રેડ વૉરની સ્થિતિ નિર્માણ થવાની ભીતિ ઊભી થતાં આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં કડાકા બોલાઈ ગયાના નિર્દેશો સાથે સ્થાનિકમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૪૧૪.૩૩ પૉઈન્ટનું અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૪૨૦.૩૫ પૉઈન્ટનું ગાબડું પડ્યું હતું. વધુમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી જળવાઈ રહેતાં વધુ રૂ. ૫૫૬.૫૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના એક્સચેન્જના નિર્દેશો તેમ જ ટેરિફની અનિશ્ચિતતાને કારણે અમેરિકી અર્થતંત્ર પર પણ માઠી અસર થવાની ભીતિએ ગબડતા બજારને ઢાળ આપ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એકંદરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સાપ્તાહિક ધોરણે ૨.૮૦ ટકા અથવા તો ૨૧૧૨.૯૬ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨.૯૪ ટકા અથવા તો ૫૭૧.૨ પૉઈન્ટનું ધોવાણ થયું છે.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૬૧૨.૪૩ના બંધ સામે નરમાઈના ટોને ૭૪,૨૦૧.૭૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૩,૧૪૧.૨૭ અને ઉપરમાં ૭૪,૨૮૨.૪૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧.૯૦ ટકા અથવા તો ૧૪૧૪.૩૩ પૉઈન્ટ તૂટીને ૭૩,૧૯૮.૧૦ના મથાળે રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૨,૫૪૫.૦૫ના બંધ સામે ૨૨,૪૩૩.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૨,૧૦૪.૮૫ અને ઉપરમાં ૨૨,૪૫૦.૩૫ની રેન્જમાં અથડાઈને અંતે ૧.૮૬ ટકા અથવા તો ૪૨૦.૩૫ પૉઈન્ટ તૂટીને ૨૨,૧૨૪.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે ગત ૨૭મી સપ્ટેમ્બરના રોજ સેન્સેક્સ ૮૫,૯૭૮.૨૫ની વિક્રમ સપાટીએ પહોંચ્ચ્યો હતો અને ત્યાર પછીના માત્ર પાંચ મહિનાના સમયગાળામાં ૧૪.૮૬ ટકા અથવા તો ૧૨,૭૮૦.૧૫ પૉઈન્ટનું ધોવાણ થઈ ગયું છે. તે જ પ્રમાણે નિફ્ટીમાં પણ ૨૬,૨૭૭.૩૫ પૉઈન્ટની સર્વોચ્ચ સપાટીએથી માત્ર પાંચ મહિનામાં જ ૧૫.૮૦ ટકા અથવા તો ૪૧૫૨.૬૫ પૉઈન્ટ નીકળી ગયા છે.

એકંદરે આજે એશિયામાં સિઉલ, ટોકિયો, શાંઘાઈ અને હૉંગકૉંગની બજારો તેમ જ યુરોપનાં બજારોમાં પણ નરમાઈનું વલણ જોવા મળતાં સ્થાનિક બજાર પર માઠી અસર પડી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી સપ્તાહથી કૅનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ લાદવાની અને ચીનથી આયાત થતાં ઉત્પાદનો પર ૧૦ ટકા અતિરિક્ત ટેરિફ અમલી થવાની જાહેરાત કરતાં બજારોમાં ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવી હતી. વધુમાં ટ્રમ્પ દ્વારા યુરોપિયન યુનિયન પર પણ ટેરિફ લાદવામાં આવે તેવી ચિંતા રોકાણકારોમાં વ્યાપી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જોકે, સ્થાનિક સ્તરે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ દાયકામાં પહેલી વખત નિફ્ટી-૫૦માં સતત પાંચમા મહિનામાં માસિક ધોરણે ઘટાડો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૦૮૨ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાં ૬૬૦ શૅરના ભાવ વધીને ૩૩૪૩ શૅરના ભાવ ઘટીને અને ૭૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૫૧ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૯૦૮ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને ત્રણ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી એકમાત્ર એચડીએફસી બૅન્કમાં ૧.૮૬ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાયના તમામ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ૬.૧૯ ટકાનો ઘટાડો ટેક મહિન્દ્રામાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૫.૪૮ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૫.૨૧ ટકાનો, ભારતી એરટેલમાં ૪.૮૬ ટકાનો, ઈન્ફોસિસમાં ૪.૩૨ ટકાનો અને ટાટા મોટર્સમાં ૪.૨૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે સ્મોલકેપ અને મિડકેપ શૅરોમાં ધોવાણ જળવાઈ રહેતાં ઈન્ડેક્સમાં અનુક્રમે ૨.૩૩ ટકાનો અને ૨.૧૬ ટકાનો ઘટાડો આવ્યો હતો.

બીએસઈ ખાતેનાં તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ નરમાઈના અન્ડરટોને બંધ રહ્યા હતા. જેમાં ખાસ કરીને ટેકનોલૉજી ઈન્ડેક્સમાં ૪.૨૦ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૪.૧૩ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૪.૦૯ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૩.૮૪ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૨.૭૪ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૨.૬૧ ટકાનો અને પાવર ઈન્ડેક્સમાં ૨.૨૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. ■

# અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનામાં પીછેહઠ

## સ્થાનિક સોનામાં ₹ ૫૩૭નો ઘટાડો, ચાંદી ₹ ૧૫૬૮ ગબડીને ₹ ૯૪,૦૦૦ની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફેડરલ રિઝર્વ માટે વ્યાજદરમાં કપાત અંગેના નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા ફુગાવાના ડેટાની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ સોના અને ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવતા આજે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટો આક્રમક સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તેમ જ વપરાશકાર ઉદ્યોગની માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫૬૮ ગબડીને રૂ. ૯૪,૦૦૦ની અંદર ઊતરી ગયા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૫થી ૫૩૭નો ઘટાડો આવ્યો હતો, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાએ રૂ. ૮૫,૦૦૦ની સપાટી ગુમાવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫૬૮ તૂટીને રૂ. ૯૩,૪૮૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ જ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની પણ વધુ ઘટાડાની શક્યતાને ધ્યાનમાં લેતા માગ ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૫ ઘટીને રૂ. ૮૪,૭૧૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૩૭ ઘટીને રૂ. ૮૫,૦૫૬ના મથાળે રહ્યા હતા.

આજે મોડી સાંજે અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા અથવા તો ફુગાવાના ડેટાની જાહેરાત પૂર્વે રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવતા હાજરમાં ભાવ વધુ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮૬૨.૩૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે વર્તમાન સપ્તાહમાં અત્યાર સુધીમાં હાજરમાં સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ત્રણ મહિનાનો સૌથી મોટો ૨.૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. જોકે, વર્તમાન ફેબ્રુઆરી મહિનામાં અત્યાર સુધીમાં સોનાના ભાવ ૨.૨ ટકા વધી આવ્યા છે. વધુમાં આજે સોનાના વાયદામાં ભાવ ૦.૭ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૨૮૭૫ ડૉલર આસપાસ અને ચાંદીના ભાવ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૧૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ સાથે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં નરમાઈનું વલણ જોવા મળી રહ્યું હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ ચીપ જૂન રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી ૪ માર્ચથી કૅનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરવાની સાથે ચીનથી અમેરિકા ખાતે હજુ જીવલેણ દવાઓ આવી રહી હોવાથી ચીનથી થતી આયાત પર પણ ૧૦ ટકા ડ્યૂટીની જાહેરાત કરી હતી.

સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોનામાં રોકાણકારોની હેજરૂપી માગ રહેતી હોય છે, પરંતુ તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી રહી હોવાથી સોનામાં માગ નબળી પડી રહી છે. અમારા મતે આજે જાહેર થનારા ફુગાવાના ડેટા નિયંત્રણ હેઠળ રહે તેવી શક્યતા હોવાથી ફેડરલ રિઝર્વની આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ઊંચા વ્યાજદર જાળવી રાખવાની નીતિમાં કોઈ ફરક નહીં પડે, એમ ચીપે ઉમેર્યું હતું. ■

# ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસા ખાબક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં કડાકા બોલાઈ જતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ખાબકીને ૮૭.૩૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૧૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૩૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૫૩ અને ઉપરમાં ૮૭.૨૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૯ પૈસા તૂટીને ૮૭.૩૭ના મથાળે બંધ રહ્યો હતો.

વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તેજી અને ઈક્વિટી માર્કેટમાં ઑલ ફોલ ડાઉન ઉપરાંત માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી તેમ જ અમેરિકાની ટેરિફ નીતિ અંગેની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં ડૉલરમાં માગ વધી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા વધીને ૧૦૭.૩૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૫૬.૫૬ કરોડની ચોખ્ખી વેચવાલી અને આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૪૧૪.૩૩ પૉઈન્ટનો અને ૪૨૦.૩૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હોવાથી રૂપિયામાં ધોવાણ જોવા મળ્યું હતું. તેમ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૭૪ ટકા ઘટીને બેરલદીઠ ૭૩.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ખાંડમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં થયાના અહેવાલો ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં હાજર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-રતલામ**

વિવિધ સ્ટેશનો ખાતે વધારાની લૂપ લાઈન સાથેના અનુસંધાનમાં TRD કામ

સીનીયર ડીવીજનલ ઈલેક. એન્જી., ટ્રેક્શન ડીસ્ટ્રીબ્યુશન, પ.રે. રતલામ નીચેના કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર નં. EL/TRD/58/2024-25/12 તા. ૨૭-૨-૨૫. કામનું નામઃ રતલામ ડિવિઝનના વિવિધ સ્ટેશન (MAM, JKT અને PCN) ખાતે વધારાની લૂપ લાઈન સાથેના અનુસંધાનમાં TRD કામ. કામની અંદા. કિંમતઃ ₹ ૧,૫૧,૭૩,૧૦૦/- બા.ર.ડી./બીડ સુરક્ષાઃ ₹ ૨,૨૫,૯૦૦/-. પૂર્ણતા મુદતઃ ૧૮ માસ. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ Nil. બંધ થવાની તા. & સમયઃ ૨૪/૩/૨૫ના ૧૫ ક. ઓફરની માન્યતાઃ ખૂલવાની તા. થી ૬૦ દિવસ. વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in નોટીસ બોર્ડ સ્થાનઃ સીની. ડીવીજનલ ઈલેક. એન્જી. (ટ્રેક્શન ડીસ્ટ્રીબ્યુશન), પ. રે., રતલામ - ૪૫૭૦૦૧ની ઓફિસની ફ્રન્ટમાં.

સીની. DEE/TRD/RTM

SNP-428

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

વૃક્ષ પ્રાધિકરણ

-પબ્લિક નોટીસ-

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જુન, ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈની અનુરૂપ ઝોન-IVમાં 'કે/વેસ્ટ' વોર્ડમાંથી ૬ દરખાસ્ત, 'પી/સાઉથ' વોર્ડમાંથી ૨ દરખાસ્ત, 'પી/નોર્થ' વોર્ડમાંથી ૧ દરખાસ્ત, કુલ ૦૯ પ્રસ્તાવ સદર એક્ટની કલમ ૮(૩) અને કલમ ૮(૬) હેઠળ વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર/ચેરમેન, ટ્રી ઓથોરીટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ તે એપ્રુવ થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ ----> www.mcgm.gov.in. ----> About US ----> ward / Department ----> Department manuals ----> Gardens & Tree Authority ----> Docs ----> **WS 419** K West CTS **972** New Shrikrishna Chaitanya MDG 1320, **WS 420** K west CTS 6A Society of Help MDG 1156, **WS 421** K West CTS 1577 LIC MDG 304, **WS 422 K West** CTS 1 pt str 921 Gurukrupa Ingen MDG 1314, **WS 423** K West CTS 852 New Ind Const MDG 1317, **WS 424** P South ODC Traffic MMRDA MDG 1158, **WS 425** P South CTS 301Bldg 38 Vinayak CHS MDG 592, **WS 426** P North CTS 538 Pushpak MDG 1204, **WS 427 K West** CTS 833 9 Pranav Const **MDG 293** પર ઉપલબ્ધ છે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરીટી**
સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
રજો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન,
ડૉ. આંબેડકર માર્ગ, ભાયખલા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં.- ૨૩૭૪૨૧૬૨,
ઈ-મેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ
& ટ્રી ઓફિસર

PRO/2655/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## દેશ-વિદેશ

# અમિત શાહે દિલ્હી પોલીસને ગેરકાયદે બાંગ્લાદેશી, રોહિંગ્યાને સહાય કરતા નેટવર્ક વિરુદ્ધ કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો

નવી દિલ્હીઃ ભારતમાં ગેરકાયદે પ્રવેશતા બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે એમ કહીને દિલ્હી પોલીસને શુક્રવારે આદેશ આપ્યો હતો કે આ દેશની સુરક્ષાનો મુદ્દો છે.

રાજધાની દિલ્હીની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા બેઠકનું અધ્યક્ષપદ સંભાળતા અમિત શાહે કહ્યું હતું કે સતત નબળી કામગીરી બજાવી રહેલા પોલીસ સ્ટેશનો અને પેટા વિભાગો વિરુદ્ધ પણ કડક કાર્યવાહી કરવામાં આવવી જોઈએ.

શહેરમાં કાર્યરત આંતરરાજ્ય ગેન્ગની ટુકડીને નાબૂદ કરવી દિલ્હી પોલીસની પ્રાથમિકતા હોવી જોઈએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ડ્રગ્સ સંબંધિત કેસને મામલે ટોચથી તળિયા સુધીનાં લોકો વિરુદ્ધ કક કાર્યવાહી કરવામાં આવવી જોઈએ અને તેમનું નેટવર્ક તોડી પાડવું જોઈએ.

બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓને ભારતમાં ગેરકાયદે પ્રવેશવા દસ્તાવેજો તૈયાર કરી આપવામાં અને તેમના રહેવાની વ્યવસ્થા કરવામાં સહાય કરતા સંપૂર્ણ નેટવર્ક વિરુદ્ધ કાર્યવાહી કરી તેને તોડી પાડવું જોઈએ.

ગેરકાદે ઘૂસણખોરી પણ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આવા લોકોને શોધી કાઢી તેમને ફરી તેમના વતન મોકલી આપવા જોઈએ. દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા, દિલ્હીના ગૃહ પ્રધાન આશીષ સુદ, દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો. ૨૬ કરતાં પણ વધુ વર્ષ બાદ દિલ્હી વિધાનસભામાં ભાજપે મેળવેલા વિજયનો ઉલ્લેખ કરતા તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપેક્ષા મુજબ જ દિલ્હીની ડબલ એન્જિન સરકાર દિલ્હીને સુરક્ષિત બનાવવા અને ઝડપી વિકાસ કરવા બમણી ઝડપથી કામ કરશે.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે વર્ષ ૨૦૨૦ના રમખાણ અને બાંધકામ સંબંધિત કેસનો નિકાલ લાવવા દિલ્હી પોલીસની પરવાનગીની જરૂરી નહીં હોય. કેસનો વહેલામાં વહેલી તકે નિકાલ લાવી શકાય તે માટે દિલ્હી સરકારે વિશેષ વકીલની નિમણૂક કરવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

વધારાની જગ્યા માટે દિલ્હી પોલીસે ભરતીની પ્રક્રિયા શરૂ કરી દેવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

ડીસીપી સ્તરના પોલીસ અધિકારીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લેવી જોઈએ. પબ્લિક હિયરિંગ કૅમ્પનું આયોજન કરવું જોઈએ અને લોકોની સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે નવી સુરક્ષા સમિતિની રચના કરવી જોઈએ અને દરરોજ જ્યાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હોય એવા વિસ્તાર તેમણે શોધી કાઢવા જોઈએ.

દિલ્હી પોલીસ કમિશનર અમે મુખ્ય સચિવે બેઠક કરી આ સમસ્યાનો વહેલામાં વહેલી તકે ઉકેલ લાવવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

વરસાદની મોસમમાં જે વિસ્તારમાં પાણી ભરાઈ જતાં હોય તેનું નિવારણ કરવા દિલ્હી સરકારે મોનસૂન એક્શન પ્લાન તૈયાર કરવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■


**પશ્ચિમ રેલવે-રતલામ**

સિગ્નલિંગ મટેરિઅલની સપ્લાય ઈન્સ્ટોલેશન ટેસ્ટિંગ અને કમિશનિંગ

ટેન્ડર નં. SnT_RTM_W_૨૫_૦૧_ સિગ્નલ તારીખઃ ૨૫.૦૨.૨૫ DRM (S&T) કામો રતલામ, ઈ-ટેન્ડર નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે. કામનું નામઃ શિપ્રા બ્રિજ અને ઉજ્જૈન ખાતે GC/ડબલિંગ કામના સંબંધમાં બદલાયેલ યાર્ડ મુજબ હાલના EI સિસ્ટમ અને અન્ય આઉટડોર ઈન્ટરલોકિંગ સિસ્ટમમાં વધારા અને ફેરફારો કરવા સંબંધમાં સિગ્નલિંગ મટેરિઅલની સપ્લાય ઈન્સ્ટોલેશન ટેસ્ટિંગ અને કમિશનિંગ. બિડિંગ/ટેન્ડર ટાઈપ અને સિસ્ટમઃ વર્ક્સ નોર્મલ ઓપન ઈ-ટેન્ડર, સિંગલ પેકેટ સિસ્ટમ. (IREPS પોર્ટલ), ટેન્ડર જાહેરાત મૂલ્યઃ રૂ. ૫,૬૯,૫૫,૨૭૭.૫૧/- બીડ સુરક્ષા/બાના રકમઃ રૂ. ૪,૩૪,૮૦૦.૦૦/- ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ NIL. પ્રી-બીડ કોન્ફરન્સઃ NA. બીડ પ્રારંભ તારીખઃ બંધ થવાની તારીખ પહેલાં ૧૫ દિવસ. બીડની બંધ થવાની તારીખ અને સમયઃ ૧૯/૦૩/૨૦૨૫ના ૧૫.૦૦ ક. બીડની ખોલવાની તારીખ અને સમયઃ ૧૯/૦૩/૨૦૨૫ના ૧૫.૩૦ ક. પછી. ઓફરની માન્યતાઃ ટેન્ડર ખોલવાથી ૬૦ દિવસ. પૂર્ણતાનો સમયગાળોઃ ૬ મહિના. JV મંજૂરઃ મંજૂરી નથી. ટેન્ડર સેક્શન ઓફિસ ઈનચાર્જ અને બીડ ખોલવાનું સ્થળઃ Dy CSTE વર્ક્સ રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જોઈ શકાય છે અને તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરી શકાય છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (S&T) માટે
પશ્ચિમ રેલવે, રતલામ

SNP-427

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# ત્રિપુરામાં ૨૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત

અગરતલાઃ સુરક્ષા દળોએ ત્રિપુરાના ખોવાઈ અને ધલિયા જિલ્લામાંથી ૨૪ કરોડ રૂપિયાનું રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

એક સૂચના પર કાર્યવાહી કરતા, આસામ રાઈફલ્સ અને ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સે ગુરુવારે ખોવાઈ જિલ્લાના તેલિયામુરા ખાતે સિમેન્ટની ગુણીઓ લઈ જતી ટ્રકને અટકાવીને ૯ કરોડ રૂપિયાની કિંમતની ૯૦,૦૦૦ યાબા ગોળીઓ (મેથામ્ફેટામાઈન) જપ્ત કરી હતી, એમ તેઓએ જણાવ્યું હતું.

આ સંબંધમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.આસામ રાઇફલ્સ અને કસ્ટમ્સના અધિકારીઓએ બુધવારે ધલાઈ જિલ્લામાં શતાબ્દી એક્સપ્રેસમાં બે લાવારિસ બેગમાંથી ૧,૫૦,૦૦૦ યાબા ગોળીઓ જપ્ત કરી હતી, જેની કિંમત ૧૫ કરોડ રૂપિયા હતી. યાબા અથવા 'ક્રેઝી મેડિસિન' એ મેથામ્ફેટામાઈન (એક શક્તિશાળી અને વ્યસનકારક ઉત્તેજક) અને કેફીનના મિશ્રણનું ટેબ્લેટ સ્વરૂપ છે.પોલીસે જણાવ્યું કે ડ્રગ્સ મ્યાનમારથી મણિપુર અને મિઝોરમ થઈને ત્રિપુરામાં પ્રવેશ કરે છે. ■

# ત્રિપુરામાં કાળાં નાણાંને સફેદ કરવા મામલે પાંચની ધરપકડ

અગરતલાઃ ત્રિપુરામાં પોલીસે કાળાં નાણાંને સફેદ કરવાના મામલામાં કથિત સંડોવણીના આરોપસર પાંચ લોકોની ધરપકડ કરી હતી. આ જાણકારી એક અધિકારીએ શુક્રવારે આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર આ મામલો ગુરુવારે એક વ્યક્તિ મઠ ચૌમુહાની વિસ્તારમાં એક ટ્રાવેલ એજન્સીમાં આવ્યો અને કાશ્મીર માટે ટિકિટ ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦ની ઓનલાઇન ચુકવણી કરી ત્યારે પ્રકાશમાં આવ્યો હતો. થોડા કલાકો પછી તે જ વ્યક્તિ ટ્રાવેલ એજન્સીમાં આવ્યો અને તેની ટિકિટ રદ કરી અને રિફંડના પૈસા મેળવી લીધા. ત્યારબાદ ટ્રાવેલ એજન્સીના માલિકને તામિલનાડુ પોલીસમાંથી ફોન આવ્યો. જેમાં કહેવામાં આવ્યું કે તેમના ખાતામાં ઓનલાઇન ગેરકાયદે નાણાં મોકલવામાં આવ્યા હોવાથી તેમનું ખાતું ફ્રીઝ કરવામાં આવ્યું છે. ત્યારબાદ ટ્રાવેલ એજન્સીના માલિકે ટિકિટ ખરીદનાર અને પછી તેને રદ કરનાર વ્યક્તિ વિરુદ્ધ પૂર્વ અગરતલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી રાણા ચેટર્જીએ જણાવ્યું કે પોલીસે તપાસ શરૂ કરી અને તે વ્યક્તિની ભાળ મેળવીને તેની કબૂલાતના આધારે છેતરપિંડીમાં સંડોવાયેલા અન્ય ચાર લોકોની પણ ધરપકડ કરી હતી. પોલીસે ધરપકડ કરાયેલા પાંચ લોકો પાસેથી અનેક એટીએમ કાર્ડ અને બેંક પાસબુક જપ્ત કર્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું કે તેઓ પહેલા કોઇ વ્યક્તિના ખાતામાં ઓનલાઇન ચુકવણી કરતા અને પછી પૈસા ઓનલાઇન ઉપાડી લેતા હતા. જેનાથી કાળું નાણું સફેદ થઇ જતું હતું. ચેટર્જીએ જણાવ્યું કે આ ગેંગ લોકોને બહુવિધ બેંક ખાતા ખોલવા અને તેમના એટીએમકાર્ડ પ્રતિ માસ રૂ. ૨,૫૦૦થી ૩,૦૦૦ના દરે ભાડે આપવા માટે પ્રોત્સાહિત કરતી હતી. જેનો ઉપયોગ તેઓ ડિજિટલ છેતરપિંડી કરવા માટે કરતા હતા. ■

# સુપ્રીમે એમપીના બે મહિલા ન્યાયિક અધિકારીઓની બરતરફી કરી રદ, ફેર નિમણૂકનો આપ્યો આદેશ

નવી દિલ્હીઃ દેશની વડી અદાલતે શુક્રવારે મધ્ય પ્રદેશમાં બે મહિલા ન્યાયિક અધિકારીઓની બરતરફી રદ કરવાના આદેશને રદ કરતાં આ કાર્યવાહીને 'દંડાત્મક, મનસ્વી અને ગેરકાયદે' ગણાવી હતી.

ન્યાયાધીશ બી. વી. નાગરત્ના અને એન. કોટિશ્વરની ખંડપીઠે બંને અધિકારીઓની ૧૫ દિવસની અંદર ફેર નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો. ન્યાયાધીશ નાગરત્નાએ ચુકાદો આપતા જણાવ્યું કે આ બે ન્યાયિક અધિકારીઓની બરતરફી દંડાત્મક, મનસ્વી અને ગેરકાયદે છે. તેમણે કહ્યું કે ચુકાદામાં ભારતીય ન્યાયતંત્રમાં મહિલાઓના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવી છે. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ વડી અદાલતે મધ્ય પ્રદેશ હાઇકોર્ટ દ્વારા બે મહિલા ન્યાયિક અધિકારીઓની સેવાઓની સમાપ્તિ સંબંધિત કેસમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

દેવનાર કતલખાનું

વિભાગઃ જનરલ મેનેજર, દેવનાર કતલખાનું

"ઈ-ટેન્ડર નોટિસ"

MCGMના મ્યુનિસિપલ કમિશનર ૦૬.૦૩.૨૦૨૫ ની પાકતી તારીખે પરત કરી શકાય તેવા નીચેના કામ માટે ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | કામનું નામ | બીડ નંબર | બીડની શરૂઆતની તારીખ | બીડની સમાપ્તિ તારીખ | ટેન્ડર કિંમત | બાના રકમ ડિપોઝિટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૧. | દેવનાર કતલખાના ખાતે હ્યુમન ડિસ્પેનસરીથી ગેટ નં. ૪ સુધી ઈલ્યુમીનેશન ઈક્વિપમેન્ટની ડિઝાઈનીંગ અને PITCની કામ | ૨૦૨૫_MCGM_ ૧૧૫૫૧૮૬_૧ | ૨૮.૦૨.૨૦૨૫ | ૦૬.૦૩.૨૦૨૫ | રૂ. ૬,૬૦૦/- (+૧૮% જીએસટી) | રૂ. ૫૭,૦૦૦/- |
| ૨. | દેવનાર કતલખાનામાં ઘેટા કતલ એકમ અને અન્ય સંબંધિત કાર્યોમાં વિવિધ સાધનો બદલવાનું કામ. | ૨૦૨૫_MCGM_ ૧૧૫૫૧૯૪_૧ | ૨૮.૦૨.૨૦૨૫ | ૦૬.૦૩.૨૦૨૫ | રૂ. ૩,૩૦૦/- (+૧૮% જીએસટી) | રૂ. ૪૯,૫૦૦/- |

રસ ધરાવતા પાત્ર કોન્ટ્રેક્ટરો MCGMની વેબસાઈટ https://portal.mcgm.gov.in/ (ભાગીદારો માટે --> ટેન્ડર્સ - વ્યૂ --> વિભાગ પસંદ કરો - દેવનાર કતલખાના) હેઠળ અથવા જનરલ મેનેજર, દેવનાર કતલખાના, ગોવંડી રેલવે સ્ટેશનની સામે, ગોવંડી, મુંબઈ-૪૩ની ઓફિસમાંથી ઈ-ટેન્ડર સંબંધિત વધુ માહિતી મેળવી શકે છે.

સહી/-
જનરલ મેનેજર
દેવનાર કતલખાનું

PRO/2659/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# પુણે-બસ-બળાત્કાર — નરાધમ ૭૦ કલાકે પકડાયો

## શેરડીના ખેતરમાં છુપાયેલોઃ ઘરેથી પાણી-ખોરાકની કરેલી માગણીને કારણે દત્તાત્રય ગાડે પોલીસને હાથ લાગ્યો

મુંબઈઃ પુણેના સ્વારગેટ વિસ્તારમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી) બસમાં ૨૬ વર્ષની યુવતી પર વહેલી સવારે બળાત્કાર ગુજારીને ફરાર થયેલા નરાધમ દત્તાત્રય રામદાસ ગાડેને ૭૦ કલાક બાદ પોલીસે ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. પોતાના ગામમાં શેરડીના ખેતરમાં છુપાયેલા ગાડેને શોધવા પોલીસ દ્વારા ડ્રોન તથા ડૉગ સ્કવોડની મદદ લેવામાં આવી હતી, પણ તે મળ્યો નહોતો. જોકે ગાડે રાતે ઘરે ખોરાક અને પાણી માગવા આવ્યો હોવાની જાણ થયા બાદ પોલીસની ટીમે ખેતરમાં નાની નહેર નજીકથી તેને પકડી પાડ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર નાની નહેર નજીક સૂતેલા ગાડેને પકડી પાડવામાં આવ્યા બાદ મધરાતે તેને પુણે લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં તબીબી તપાસ કરવામાં આવ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

### ગાડેએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો?

પુણે સ્વારગેટ એસટી ડેપો બળાત્કાર કેસનો આરોપી દત્તાત્રય ગાડેની આખરે પોલીસે શુક્રવારે ધરપકડ કરી હતી. રાત્રે એકથી બે વાગ્યા દરમિયાન તેને ખેતરમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. શિરુર તાલુકાના તેના મૂળગામ ગુનાટમાંથી તેની ધરપકડ કરાઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું. સ્વારગેટ બળાત્કાર કેસમાં આરોપીને શોધવા માટે પોલીસે ૧૩ ટીમ, ડ્રોન, ડોગ સ્કવોડ તૈયાર કરી હતી. આરોપીને કેવી રીતે પકડી પાડવામાં આવ્યો હતો એ અંગે પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી હતી.

બીજી તરફ આરોપી દત્તાત્રય ગાડેએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હોવાની માહિતી પણ મળી છે. તેણે ફાંસી

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

### ટેક્નોલોજીએ પકડાવ્યો ગાડેને

પુણેના સ્વારગેટ વિસ્તારમાં એસટી બસમાં યુવતી પર બળાત્કાર ગુજાર્યા બાદ ફરાર થઇ ગયેલા આરોપી દત્તાત્રય ગાડેને શોધી કાઢવા પોલીસે અલગ-અલગ ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો, એવું રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. ગૃહ વિભાગ સંભાળતા ફડણવીસે એ

(જુઓ પાનું ૪) ▸▸

### બે મહિનાથી શિકારની શોધમાં હતો, પણ...

આરાપી દત્તા ગાડેની ધરપકડ બાદ તેને પુણે લાવવામાં આવી રહ્યો હતો ત્યારે તેણે પોલીસ વૅનમાં જ ગુનો કેવી રીતે આચર્યો તથા અન્ય બાબતો અંગે પોપટની જેમ બોલવાનું શરૂ કરી દીધું હતું. તેણે ઘણી બાબતોનો ખુલાસો કર્યો હતો. દત્તા ગાડે રોજ રાત્રે એસટી ડેપો પર જઇને

(જુઓ પાનું ૪) ▸▸

### દત્તા ગાડે અને તેનો ભાઇ સરખા જ દેખાય છે

સ્વારગેટ વિસ્તારમાં બળાત્કારની ઘટના બાદ પોલીસે સીસીટીવી ફૂટેજ પરથી આરોપી દત્તા ગાડેને ઓળખી કાઢ્યો હતો. દત્તાનો ફોટો લઇને પોલીસ ટીમ ગાડેના શિરુર તાલુકાના ગુણાટ ગામમાં પહોંચી હતી. પોલીસે ત્યાં ફોટોમાંના આરોપી જેવા દેખાતા યુવકને તાબામાં લીધો

(જુઓ પાનું ૪) ▸▸

### પીડિતાએ સહમતીથી સંબંધ બાંધ્યાઃ વકીલની આચકાજનક દલીલ

એસટી બસમાં યુવતી પર બળાત્કારના કેસમાં ધરપકડ કરાયેલા દત્તા ગાડેને શિવાજીનગર કોર્ટમાં શુક્રવારે હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેના વકીલે દલીલ કરી હતી કે તેના અસીલ અને પીડિતાએ સહમતીથી શારીરિક સંબંધ

(જુઓ પાનું ૪) ▸▸













"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**